
# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૫**





પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનો લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યાં છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવા સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૫**

**લેખનકાર્ય**

સાહિત્ય લેખન વિભાગ

**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૫**


**રજૂકર્તા** : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

**આદ્ય સ્થાપક** : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

**પ્રેરક** : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

**પ્રકાશક** : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ,
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર-૩૮૨૪૨૧
ફોન : ૯૯૨૫૨૩૭૦૦૪, Email : ssd@in.smvs.org

**આવૃત્તિ** : પ્રથમ, ઑગસ્ટ-૨૦૨૫

# ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદ

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે. છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.



આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, ‘અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.’

આમ, સ્વામિનારાયણ મહાપ્રભુના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરિત્રો સર્વેએ એકાગ્રતાથી વાંચવા... તો મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનનો જેમ છે તેમ મહિમા જરૂર સમજાશે અને તેમની મૂર્તિનું ખૂબ ખૂબ સુખ આવશે...

દાસાનુદાસ સેવક
સાધુ સત્યસંકલ્પદાસના
જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના

'મૂળો નાસ્તિ કુતો શાખા' એમ જેમણે દેહ ધર્યો જ નથી તો પછી ચરિત્રો શાનાં..? તેથી સૌને જરૂર પ્રશ્ન થાય કે સંવત ૧૮૩૭ની સાલમાં છપૈયામાં ધર્મપિતા-ભક્તિમાતાને ઘેર ઘનશ્યામ પ્રભુ પ્રગટ્યા. અગિયાર વર્ષ સુધી અનેક બાળચરિત્રો કર્યાં, સાત વર્ષ સુધી વનવિચરણ કર્યું. સદ્. રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી, ધર્મધુરા ગ્રહણ કરી. સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો, ૩૦ વર્ષ સુધી સત્સંગમાં વિચર્યા ને સંવત ૧૮૮૬માં દેહ મૂક્યો. તો શું એ બધું ખોટું ?

ના. આમાંનું કશું જ ખોટું નથી. અવરભાવની દૃષ્ટિએ બધું સાચું જ છે. પરંતુ જેણે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને જેમ છે તેમ સર્વોપરી, સનાતન, સર્વાવતારી, અજોડ, દિવ્યાતિદિવ્ય, સર્વ કારણના કારણ, ભવ્યાતિભવ્ય, સદા સાકાર અને સદા પ્રગટ ને પ્રત્યક્ષ જાણી સર્વે અંગે નિશ્ચય કર્યો હોય, મહારાજના પરભાવના સ્વરૂપની દૃઢતા કરી હોય એના માટે એ નર-નાટક જ છે.

જેને દિવ્યભાવ છે તેને મહારાજના અવરભાવના ચરિત્રોમાં પણ પરભાવ જ જણાય. માત્ર જરૂર છે અવરભાવની દૃષ્ટિ અને સમજણ છોડવાની. કેમ જે પરભાવનું સ્વરૂપ ગમે તેટલું પોતાનું સર્વોપરીપણું, દિવ્યપણું છુપાવવા તથા દબાવવા પ્રયત્ન કરે તોપણ એ પ્રગટ્યા વિના છાનું રહે નહીં. પરંતુ દિવ્યભાવ વગર તેને ઓળખી કે પામી શકાય નહીં.

મહારાજનો મનુષ્યોને મનુષ્ય જેવાં દર્શન આપવા પાછળનો હેતુ એક જ હતો : અનંત જીવોને પોતા જેવા પુરુષોત્તમરૂપ પાત્ર કરવા. તો સ્વાભાવિક છે કે એમના અવરભાવનાં ચરિત્રો પણ પોતાના મૂળભૂત સંકલ્પને પૂરો કરવા માટે જ હોય.

સર્વોપરી મહાપ્રભુના દિવ્ય ચરિત્રોને વાંચી, માણી, તેમનાં ચરિત્રો સાથે સંલગ્ન થતાં હૃદયમાં શાંતિનો તથા સુખનો મહાસાગર ઘૂઘવવા લાગે છે.

માત્ર લીલાચરિત્રો વાંચી, સાંભળી એમાં જ આનંદ માણવો અને એમાં જ રાચવું એ કાર્ય સત્સંગની રીત છે. મહારાજ કયા ગામથી કયા ગામ ગયા અને

કેવી રીતે કોનો મોક્ષ કર્યો કે કોને સુખ આપ્યું એટલું માત્ર જાણવાથી પુરુષોત્તમરૂપ પાત્ર નથી થવાતું. અને એટલું કરવાથી મહારાજના એ ચરિત્રોનો જે હેતુ છે એ પણ પાર પડતો નથી. એ તો જ્યારે એ ચરિત્રોના માધ્યમથી મહારાજના પરભાવના સ્વરૂપનો અધિકાધિક મહિમા સમજાય. ત્યારબાદ આપણે પણ પરભાવમાં પહોંચીએ ત્યારે જ સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો વાંચ્યાં ને જાણ્યાંનો હેતુ પાર પડ્યો કહેવાય.

ભગવાન સ્વામિનારાયણના જીવનનું વિસ્તૃત દર્શન કરાવતી આ પુસ્તકની શ્રેણી ‘સ્વામિનારાયણ ચરિત્ર’ સંપ્રદાય માટે એસ.એમ.વી.એસ. સંસ્થાનું સૌથી મોટું યોગદાન ગણાશે. વળી, મૂળભૂત ગ્રંથ ભગવાન સ્વામિનારાયણમાંથી સંકલિત કરેલ આ પુસ્તકને સ્વામિનારાયણ ભગવાનના અવરભાવના સમગ્ર જીવનના સમયકાળ મુજબ વિવિધ ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. અને વર્ષ દરમ્યાન નિયમિતપણે એના વિવિધ ભાગ પણ PDF રૂપે પ્રકાશિત કરવામાં આવશે. આ ભાગનું વાંચન તથા મનન કરીને આપણે શ્રીજીમહારાજના પ્રત્યેક ચરિત્રના હેતુને સ્વજીવનમાં લક્ષ્યાર્થ કરીએ. અપેક્ષા છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતમાત્રને ભગવાન સ્વામિનારાયણનું આવું દિવ્ય જીવનદર્શન અવશ્ય ગમશે જ...

- સાહિત્ય લેખન વિભાગ

# અનુક્રમણિકા

## ૧. સંકલ્પભૂમિ ગુજરાતમાં (આ.સં.૧૮૫૫-૫૬, ઈ.સ. ૧૭૯૯-૧૮૦૦)


નીલકંઠ વર્ણીનો ગુજરાતમાં પ્રવેશ .................................. ૧

નીલકંઠ વર્ણી ભરૂચ થઈ અંબાળીમાં ..................................૪

નીલકંઠ વર્ણીની વડોદરા, નાવલી, બામણગામ પધરામણી ..............૬

નીલકંઠ વર્ણી ઉમરેઠ, વડતાલ, બોચાસણમાં ...........................૮

નીલકંઠ વર્ણી બુધેજમાં ...........................................૧૨

નીલકંઠ વર્ણી જેતલપુરમાં ........................................૧૬

લાખા માછીમારને આશીર્વાદ .......................................૧૮

નીલકંઠ વર્ણી ભડિયાદ, ધોલેરા, ભીમનાથ, પોલારપુર પધાર્યા............૨૦

નીલકંઠ વર્ણી ભાવનગર, કુકડ પધાર્યા ...............................૨૪

દિહોરના મૂળજી ભક્ત ...........................................૩૦

અમ જેવા જોગી નહિ મળે .......................................૩૨

નીલકંઠ વર્ણી ગોપનાથમાં .......................................૩૪

પીતાંબર શેઠનું કષ્ટ કાપ્યું .......................................૩૬

સીમરના લોભી વણિક ....................................................૩૮

નીલકંઠ વર્ણી ડોળાસા પધાર્યા ........................................૪૦

નીલકંઠ વર્ણી લોઢવામાં ..................................................૪૨

નીલકંઠ વર્ણી જૂનાગઢ - પીપલાણામાં ..............................૪૪

નીલકંઠ વર્ણી માંગરોળમાં ...............................................૫૦



# ૧

# સંકલ્પભૂમિ ગુજરાતમાં

**(આ.સં. ૧૮૫૫-૫૬, ઈ.સ. ૧૭૯૯-૧૮૦૦)**

## નીલકંઠ વર્ણીનો ગુજરાતમાં પ્રવેશ

નીલકંઠ વર્ણી ધરમપુરથી ચાલી સુરત શહેરમાં પધાર્યા.

"અખાડો નિરવાણનો જ્યાં છે, ગોડિયા તણું મંદિર ત્યાં છે;
તેને ઓટલે ઊતર્યા જૈને, ત્રણ દિવસ રહ્યા સ્થિર થૈને.
નિત્ય પૂછે મહાંતની પાસે, રાજભોગ થયા છે કે થાશે;
કહે ઉત્તર મહાંત કાકા, આજ તો થયા કોરા કડાકા.
ત્રણ લાંઘણ એમ કરાવી, ચોથે દિવસે માલણ આવી;
તેણે આપિયું હરિને અન્ન, રાંધી ભાવે કર્યું ત્યાં ભોજન."[૧]

વર્ણી અહીં નિર્વાણના અખાડાની જગ્યા હતી ત્યાં બહાર ઓટલા પર ઊતર્યા. અખાડામાં કેટલાક વૈરાગીઓ વસતા હતા. તેમણે વર્ણીને ઓટલા પર બેઠેલા જોયા. તેમણે વર્ણીને ન અંદર આવવાનું કહ્યું કે ન જમવાનું પૂછ્યું. તેઓએ અતિથિનો આદર કે વિવેક પણ ન કર્યો. વર્ણીએ તે વૈરાગીને કૃપા કરી સામે ચાલી પૂછ્યું, "જમવાનો અહીં પ્રબંધ છે ?"

પૂર્ણ પુરુષોત્તમનારાયણ સર્વોપરી ભગવાનની સેવા સામે ચાલી મળી રહી હતી. રાજી કરી લેવાની આ તક હતી. પણ સમયે તકને બહુ ઓછા લોકો સાચવી શકતા હોય છે. તક સરી જતાં, સમય સરી જતાં પાછળથી પસ્તાવા સિવાય કંઈ

---

**૧.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૪

બચતું હોતું નથી. અહીં વૈરાગી પણ વર્ણીને રાજી કરી એના બદલામાં મૂર્તિસુખની અલૌકિક તક ચૂક્યા !!

જોકે બિચારા એમનો વાંક પણ શું ? તેઓ તો વર્ણીને સાધારણ ભેખધારી જ સમજી બેઠા હતા. સર્વોપરી ભગવાનને ઉપલક દૃષ્ટિએ ઓળખવા, એમનો મહિમા થવો બહુ જ કઠણ છે. આંખે કરીને તો માત્ર મનુષ્યભાવ (અવરભાવ) જ જણાય. અને એટલે જ દેહધારી વ્યક્તિ મહારાજ અને મોટાપુરુષને પોતાના જેવા દેહધારી જ સમજી બેસતા હોય છે.

સ્વયં મહાપ્રભુ કેવળ કૃપા કરે તો જ એમના વિષે દિવ્યભાવ આવે. સ્વયં પોતે જ કૃપા કરી ઓળખાણ આપે તો ઓળખી શકાય. આંખે કરીને, બુદ્ધિએ કરીને આ સર્વોપરી મહાપ્રભુને શે ઓળખાય ? તેથી વૈરાગીએ ઉદ્ધતાઈથી જવાબ આપ્યો ને કહ્યું, “અહીં તો કોરા કડાકા છે.”

વર્ણીને તેનું સહેજે દુઃખ ન થયું. કેમ કે તેમને ત્યાં જમવું જ, એવી ક્યાં અપેક્ષા હતી ! અને તેથી એમની ઉપેક્ષા થઈ હતી તોપણ તેઓ એમ જ ત્રણ દિવસ સુધી ભૂખ્યા રહ્યા. તેમને ત્રણ દિવસના ઉપવાસ થયા.

ચોથા દિવસે એક માલણબાઈ ત્યાં આવી. તેની નજર અલમસ્ત વર્ણી પર પડી. વર્ણીની તેજસ્વી મુખકાંતિ નિહાળી તેને વર્ણીમાં દિવ્યભાવ થયો. વર્ણીનું એકવડિયું શરીર હતું તેથી બાઈએ પૂછ્યું, “બ્રહ્મચારી ! ભોજન ક્યાં કરો છો ?” જવાબમાં વર્ણી માત્ર હસ્યા.

માલણ મુમુક્ષુ હતી અને તેને આજે વર્ણીની સેવાનો યોગ પ્રાપ્ત થવાનો હતો ને તેથી જ આ એકમાત્ર માલણનું રૂડું કરવા વાસ્તે જ વર્ણી ત્રણ દિવસથી ભૂખ્યા બેસી રહ્યા હતા.

માલણ વર્ણીનું હસવું સમજી ગઈ. તે ઝટપટ ઘરે ગઈ ને રસોઈનું સીધું-સામાન લઈ આવીને વર્ણીને આપ્યું. વર્ણીએ તેની રસોઈ બનાવી ભોજન ગ્રહણ કર્યું. ત્રણ દિવસના ઉપવાસનો અંત આવ્યો. વર્ણીની ખરેખરી તકની સેવા માલણબાઈને મળી ગઈ. વર્ણી ભોજન જમી તૃપ્ત થયા. મહાપ્રભુની તૃપ્તિનો એ ઓડકાર માલણને કેટલો બધો ખપમાં આવ્યો હશે ! તપ-જપ-વ્રત-ધ્યાન-ધારણા-ઉપવાસ આદિ અનેક સાધનોથી પણ જે કાર્ય ન થાય એવું કાર્ય માત્ર અચાનક આવા સર્વોપરી વર્ણીની સેવામાત્રથી થઈ ગયું હતું. માલણબાઈ માત્ર આટલી અલ્પ સેવાથી સર્વોપરી પ્રભુનો અપાર અપાર રાજીપો કમાઈ ચૂકી.

નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલી અશ્વિનીકુમારને આરે પધાર્યા. અહીં તાપી નદી

બે કાંઠે વહી રહી હતી. નદીમાં પાણી ઘણું હતું. વર્ણીને નદી ઓળંગી સામે કિનારે જવું હતું. તેમણે નાવની કે હોડીની રાહ ન જોઈ.

તેમણે નદીમાં જ ઝંપલાવી દીધું. નદીકાંઠે ઊભેલા લોકોને કુતૂહલ થયું. આવડી મોટી નદીને આ વર્ણી કેમ તરી શકશે ? પણ બધાના આશ્ચર્ય વચ્ચે વગર તરાપાએ; તરાપો પાણીમાં તરે એમ; નદીમાં ભૂમિ પર ચાલે તેમ સડસડાટ પાણી પર ચાલીને વર્ણી સામા કાંઠે પહોંચી ગયા.

"હતું તાપીમાં નીર અત્યંત, તોય તેમાં ચાલ્યા ભગવંત;
તેમાં પડતાં લોકે બહુ વાર્યા, પાણી ઉપર તોય પધાર્યા.
જળ ઉપર રહે પદ્મ જેમ, ચાલ્યા નીર ઉપર હરિ તેમ;
લોક દેખીને વિસ્મિત થાય, પ્રભુ પાછળ તો ન જવાય."[૨]

અનેક લોકો આ જોઈ આશ્ચર્ય પામ્યા. સહુને મનમાં થયું કે, નક્કી આ કોઈ મહાનપુરુષ છે. આવું ઐશ્વર્ય, આવી નીડરતા સામાન્ય વ્યક્તિમાં ન હોઈ શકે ! વર્ણીનું આ સામાન્ય ચરિત્ર હતું જે સામાન્ય સ્તરના લોકો માટે ઘણું અસામાન્ય હતું. વર્ણીના આટલા ચરિત્રની પણ એમને સ્મૃતિ રહી જશે કે તેનો જેણે ગુણ ગ્રહણ કર્યો હશે તેની સારસંભાળ વર્ણી અવશ્ય લેશે જ; ને તેથી જ આવું ચરિત્ર કર્યું હતું ને કરતા હતા.

વર્ણી તાપી નદીના કાંઠે વડના વૃક્ષ તળે આસન કરી બિરાજ્યા હતા. એ સમયે એક સંન્યાસી એમની પાસે આવ્યા, જે અતિ વિષયાસક્તથી ને કામનાથી પરવશ થયેલા હતા. તે હતા ત્યાગી-સંન્યાસી, પણ દેહના ભાવો ને ઈન્દ્રિયોને જીતી ન શકતાં કામે તેમની પર પ્રભુત્વ જમાવ્યું હતું. પોતે હતા મુમુક્ષુ. દોષોથી પીડાય છે તેની જાણ હતી. દોષોને ટાળવા કેમ ? તેને કોણ ટાળી શકે ? તેની ખબર નહોતી. પરંતુ તેમની ભાવના તો સાચી જ હતી. દોષોથી રહિત થવાની તમન્ના હતી. એટલે જ અંતર્યામી વર્ણીએ તેમને ખેંચી પોતાનો યોગ આપ્યો હતો.

વર્ણીએ તેમને પાસે બેસાડી દોષોને જીતવાના, વશ કરવાના ઉપાયો બતાવ્યા. સાધુનો ધર્મ શું ? સાધુના સંન્યાસનું આભૂષણ તેનું બ્રહ્મચર્ય છે. સાધુની શોભા અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યના પાલનમાં છે એવો ઘણો મહિમા વર્ણીએ કહ્યો, ઘણું બળ આપ્યું ને હિંમત પણ આપી. પણ સંન્યાસીને દોષોએ હણી નાખ્યા હતા. તે દોષો સામે લાચારી અનુભવતા હતા. તેમનાથી દોષોને જીતી શકાય એમ ન હતા. તેમણે

---

**૨.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૪

વર્ણી સમક્ષ ફરી લાચારી વ્યક્ત કરી. વર્ણી તેમની નિષ્કપટતાથી રાજી થઈ ગયા ને કૃપા કરી.

સંન્યાસીએ વર્ણીના સામીપ્યથી પોતાનામાં રહેલા દોષોના આવેગો શમતા હોય તેવું અનુભવ્યું. તેમને માંહી શાંતિ થઈ. તેમને થયું કે દોષ નિવારવાનું ઠામ-ઠેકાણું આ વર્ણી જ છે. એમના સાંનિધ્યનો આટલો પ્રભાવ હોય અને એમનો રાજીપો જો નિરંતર વરસતો હોય તો કયા દોષની તાકાત છે કે એની સામું મીટ માંડી શકે ?

સંન્યાસીને પોતાને જે દોષો પીડતા હતા તેની તથા કામનાથી પરવશ થયેલી જે પરિસ્થિતિ હતી તે પોતે વર્ણી સમક્ષ વર્ણવી અને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. વર્ણી સમક્ષ પોતે સાવ નિષ્કપટ ને નિખાલસ બન્યા હતા. વર્ણીની કૃપાના પાત્ર થવા માટે નિષ્કપટભાવ ને નિર્દોષભાવ પૂરતા હતા. વર્ણી તેમની સાચી ભૂખ જોઈ, નિખાલસતા જોઈ રાજી થઈ ગયા. વર્ણીએ પોતે જળને પ્રસાદીભૂત કરી તેમને પાયું તેમજ પોતાના બંને હસ્ત તેમના માથે મૂકી અપાર રાજીપો વરસાવ્યો. એ જ ક્ષણે એ સંન્યાસીની સઘળી વાસના બળીને ભસ્મીભૂત થઈ ગઈ. સંન્યાસી ઘડીકમાં જ દોષ રહિત થઈ ગયા. તેમને અપાર શાંતિનો અનુભવ થવા લાગ્યો. વર્ણીનો આવો પ્રૌઢ પ્રતાપ જાણી તે સંન્યાસી વર્ણીના કાયમી શિષ્ય થઈ ગયા. વર્ણી તેમને આશીર્વાદ આપી આગળ પધાર્યા.

## નીલકંઠ વર્ણી ભરૂચ થઈ અંબાળીમાં

નીલકંઠ વર્ણી નર્મદા કિનારે આવી પહોંચ્યા. નર્મદા પાર કરવા તેઓ નાવમાં બેઠા. તેઓ અશ્વમેધના આરે ઊતરી ત્યાંથી ભૃગુ ટેકરી પર રાત રોકાયા. તે સ્થળને પ્રસાદીભૂત કરી, પોતાના સંકલ્પોમાં સમાવી લીધું. અહીં બે જ દિવસ રોકાયા. ત્યાંથી ચાલતા પીપળી ગામે પહોંચ્યા.

ત્યાંના ગુલાબસિંહ ક્ષત્રિયને વર્ણીનાં દર્શન થયાં. વર્ણીની મનોહર તપસ્વી મૂર્તિનાં દર્શન કરતાં તેમણે વર્ણીમાં કંઈક અલૌકિકતા દીઠી. તેમને વર્ણી પ્રત્યે સ્નેહ થયો. વર્ણીને પોતાના ઘેર પધારવા પ્રાર્થના કરી. વર્ણી તેમના ઘેર ગામમાં-વસ્તીમાં ન જતાં એમના ખેતરના ખળામાં પધાર્યા.

ગુલાબસિંહ રસોઈ માટે ઘેરથી સીધું-સામાન લઈ આવ્યા. વર્ણી રસોઈ બનાવીને જમ્યા. ગુલાબસિંહની રસોઈની સેવા લઈ તેમને કૃતાર્થ કર્યા.

ગુલાબસિંહને પણ વર્ણીનાં દર્શનથી ખૂબ આનંદ ઊભરાયો હતો. વર્ણીની દરેક ક્રિયા અલૌકિક ભાસતી હતી. વર્ણી પ્રત્યે ભગવાનપણાનો ભક્તિભાવ જોઈ વર્ણી તેમની ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. ગુલાબસિંહનું પૂરું કરવાનો સંકલ્પ કરી વર્ણી ત્યાંથી તવરા ગામે પધાર્યા. ત્યાં નર્મદા નદીમાં સ્નાન કર્યું. ત્યાંથી શુક્લતીર્થ (ભરૂચ) થઈ અંબાળી ગામે પધાર્યા.

વર્ણીને અહીં પધારવાનો હેતુ હતો આ ગામના કેશવલાલ પાટીદાર. તેમની સ્ત્રી રાજબાઈ ખૂબ જ સંસ્કારી મુમુક્ષુ હતાં. પ્રભુ પ્રત્યે અપાર પ્રીતિ હતી. તેમને ખૂબ જ ભક્તિભાવ હતો. તેમને પ્રગટ પ્રભુનાં દર્શનની તીવ્ર અભિલાષા હતી. પ્રભુ ક્યારે દર્શન દેશે ? ક્યારે મળશે ? તેની ખબર તેમને નહોતી. અંતર્યામી વર્ણી તો આવા મુમુક્ષુને પિછાનતા જ હતા અને તેવા મુમુક્ષુને શોધી તેમને ઘેર સામે ચાલી દર્શન આપતા ને પોતાનો નિશ્ચય કરાવતા. મુમુક્ષુ પર નીલકંઠ વર્ણીની કેટલી બધી કૃપા કહેવાય !

રાજબાઈના આ ભક્તિભાવને જાણી વર્ણી સામે ચાલી એમના ઘેર પધાર્યા. ભક્ત ભલે પ્રભુને શોધી ન શક્યો કે ન પ્રભુ સુધી પહોંચી શક્યો. અંતર્યામી વર્ણી પ્રભુએ તે ભક્તને શોધી કાઢ્યા ને તેમના ઘર સુધી પહોંચી ગયા. રાજબાઈને વર્ણીનાં દર્શન થયાં. રાજબાઈ કૃપાનાં પાત્ર તો થયાં જ હતાં. વર્ણીએ તેમની પર કૃપા કરી તેથી રાજબાઈને વર્ણીમાં ભગવાનપણાનો નિશ્ચય થતાં વાર ન લાગી. તેમને વર્ણીમાં ખૂબ સ્નેહ થયો.

વર્ણીના ચરણોમાં ભાવથી વંદન કર્યા. રાજબાઈને અંતરમાં હાશ થઈ કે આજ મારાં સઘળાં સાધન પૂરાં થયાં. સાધનની સમાપ્તિ કરનારા સ્વયં પ્રભુ મારા ઘેર પધાર્યા. રાજબાઈએ એમની ભક્તિનું ફળ દેવા સ્વયં સર્વોપરી પ્રભુ ઘેર પધારશે એવી તો કલ્પના પણ નહોતી કરી. અને સર્વોપરી પ્રભુ આટલા બધા દયાળુ છે ? ભક્તને વશ તેઓ આટલા બધા વર્તે છે ? તેની ખબર પણ આજે જ વર્ણીએ પાડી હતી.

વર્ણી માટે રાજબાઈ તાજું દૂધ લઈ આવ્યાં. ભાવથી વર્ણીને અર્પણ કર્યું. વર્ણી સઘળું દૂધ ધરાવી ગયા. આજે વર્ણીએ અનેક વર્ષોનો રાજબાઈનો સંકલ્પ પૂરો કર્યો હતો. તેનો આનંદ રાજબાઈના અંગમાં કળાયા વગર રહેતો ન હતો. તેમણે વર્ણીને પ્રાર્થના કરી, ‘‘વર્ણી ! આપ હમણાં અહીં જ રહી જાવ ને રોજ આવી રીતે અમારા દૂધની સેવાને અંગીકાર કરો.’’

વર્ણીએ રાજીપો દર્શાવતાં કહ્યું, ‘‘અમે અહીંથી જઈશું અનસૂયા ગામ, પણ

દૂધ પીવા રોજ તમારે ત્યાં આવીશું.''

"અનસૂયામાં જૈને રહીશ, પય પીવાને રોજ આવીશ."[૩]

રાજબાઈને આનંદની સીમા ન રહી. નીલકંઠ વર્ણી આજ એમની પર અઢળક ઢળી ગયા હતા. વર્ણી ત્યાંથી અનસૂયા ગામ પધાર્યા. ત્યાં સાત દિવસ સુધી મુકામ કર્યો. રોજ નર્મદામાં સ્નાન કરતા, પણ પયપાન કરવા રોજ રાજબાઈને ઘેર અંબાળી જતા હતા.

એમ રાજબાઈની ભક્તિને વશ થઈ એમનું નિત્ય પયપાન કરી વર્ણીએ તેમને અપાર સુખ દીધું હતું. પછી વર્ણી ત્યાંથી ચાલી ચાણોદ પધાર્યા.

## નીલકંઠ વર્ણીની વડોદરા, નાવલી, બામણગામ પધરામણી

"ગયા ચાણોદ થૈને કન્યાળી, જૈને ત્યાંથી ડભોઈ નિહાળી;
વાઘનાથ મહાદેવ માંય, રાતવાસો રહ્યા હરિ ત્યાંય.
વિચર્યા વળી ત્યાંથી વસાઈ, ગયા વટપત્તને સુખદાઈ;
ચૌટા વચ્ચે છે માંડવી જ્યાંય, રાત વાસો રહ્યા હરિ ત્યાંય.
દિસે મૂર્તિ મનોહર સારી, જોવા અધિક મળે નરનારી."[૪]

ચાણોદ કરનાલી (કન્યાળી) થઈ વર્ણી ડભોઈ પધાર્યા. અહીં એક રાત્રિ વિતાવીને વસઈ થઈ વડોદરા શહેરમાં પધાર્યા. વડોદરામાં વર્ણી માંડવી ચોકમાં પધાર્યા. અહીં જ એમણે રાત્રિરોકાણ કર્યું. શહેરના લોકોને વર્ણીનાં દર્શન કરતાં કુતૂહલ થયું હતું. પ્રથમ વાર જ આવા પ્રતાપી તેજસ્વી કાંતિમાન બ્રહ્મચારી પધાર્યા હતા. ત્યાંથી પસાર થનાર વ્યક્તિને સહેજે વર્ણી આકર્ષી લેતા હતા.

વર્ણી સવારે ત્યાંથી નીકળી મહીસાગર પર પધાર્યા. મહી નદીમાં સ્નાન કરી નિત્ય વિધિ પૂર્ણ કરી. વર્ણી અનેક નદી-સરોવરમાં સ્નાન કરી પોતાનો દિવ્ય સ્પર્શ કરાવી તેને દિવ્યતા આપતા હતા. તેને પ્રગટ તીર્થ કરતા હતા. તેમ આજે પણ આ વિશાળ મહીસાગર નદીને દિવ્યતા અર્પી પોતાના સંબંધથી અલંકૃત કરી તીર્થત્વ આપ્યું હતું.

મહીસાગરના વિશાળ પટ પર મહીનાં નીર હવે દિવ્યતાનાં સ્પંદનો લઈ વહી રહ્યાં હતાં. વર્ણીના સ્પર્શે પોતે તો દિવ્ય થશે પણ એનો જે સ્પર્શ કરશે તેને પણ આ

---

૩. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૪

૪. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૪

અલૌકિકતા પામવા મળશે. વર્ણીના આવા દિવ્ય પ્રભાવથી તેને પણ આનંદ હતો.

વર્ણી મહી નદી ઊતરી ચાલ્યા જતા હતા. એ વખતે વર્ણી ઉપર નાવલી ગામના લાલદાસ પાટીદારની નજર પડી.

લાલદાસે એ સમયે મહીસાગર નદીના કાંઠે બ્રાહ્મણોને બ્રહ્મભોજન માટે નિમંત્ર્યા હતા. નદીના વિશાળ રેતીના પટ પર બ્રાહ્મણો પંક્તિમાં જમી રહ્યા હતા.

નીલકંઠ વર્ણી ત્યાંથી પસાર થયા ને લાલદાસ પાટીદારની દૃષ્ટિ વર્ણી પર સ્થિર થઈ ગઈ. વર્ણીમાં અલૌકિકતા ભાસી. તેમનું મન વર્ણીમાં ખેંચાયું. લાલદાસને થયું આ બ્રહ્મચારીને જમાડવા જોઈએ. અનેકને જમાડવાથી જે ફળ પ્રાપ્ત નહિ થાય તે આ એક બ્રહ્મચારીને જમાડવાથી મળશે એવા અલૌકિક ભાવો એકાએક તેમને જાગ્યા.

તેઓ વર્ણી પાસે આવી ચરણમાં પડ્યા. પગે લાગી જમવા માટે પ્રાર્થના કરી. વર્ણીએ તેમની સેવા સ્વીકારી. વર્ણીને લાલદાસે ખૂબ ભાવથી જમાડ્યા ને તૃપ્ત કર્યા. વર્ણી તેમનો દિવ્યભાવ જોઈને તથા સેવા કરવાની ઉત્કંઠા નિહાળી રાજી થયા. લાલદાસને વગર માંગ્યે વરદાન આપ્યું ને કહ્યું, ‘‘તમારા કુળને ઉદ્ધારે એવો મુક્ત તમારે ત્યાં અવતરશે.’’ એમ કહી વર્ણીએ ત્યાંથી વિદાય લીધી.

વર્ણીના આશીર્વાદ મુજબ લાલદાસને ત્યાં કશિયાભાઈ નામે પુત્ર થયા. કિશોરાવસ્થાએ કશિયાભાઈને વેદાંતીનો સંગ થયો તેથી તેઓ શુષ્કવેદાંતી બની ગયા. સંપૂર્ણ નિરાકારવાદી સમજણ દૃઢ થઈ ગઈ.

“કુસંગીનો સજ્જન કોઈ સંગ, કરે ચડે અંગ કુસંગ રંગ;
જો ઊજળું વસ્ત્ર વિશેષ હોય, કાળું થશે કાજળસંગ તોય.
પવિત્ર જાશે અપવિત્ર પાસે, જરૂર તો તે અપવિત્ર થાશે;
જો કુંભ ગંગાજળનો જણાય, તે મદ્ય છંટાય અશુદ્ધ થાય.
કુસંગી સંગે સુજનો પીડાય, તે સંગનો દોષ સદા ગણાય;
લોહી પીને માંકડ નાસી જાય, તે સંગથી માર પલંગ ખાય.
સારો છતાં સ્વલ્પ કુસંગ થાય, તે રૂપ તેનું બદલાઈ જાય;
જો દૂધમાં સ્વલ્પ પડે જ છાશ, મીઠાશ જઈને પ્રગટે ખટાશ.
કુપાત્રને સંગ સુપાત્ર જાય, કુપાત્રમાં તો ગણાતાં ગણાય;
જો અંધમાં દેખક એક હોય, તે અંધટોળી જ ગણાય તોય.”[૫]

---

**૫**. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૫

એક દિવસ ભગવદાનંદ સ્વામી સંત મંડળ સાથે નાવલી પધાર્યા હતા. ત્યાં કશિયાભાઈ સ્વામીનાં દર્શને આવ્યા. સ્વામીએ તેમની પર કૃપાદૃષ્ટિ કરી. નિરાકારવાદીમાંથી સાકાર ઉપાસક બનાવ્યા. પોતે મુક્ત છે તેનું ભાન સ્વામીએ કરાવ્યું. ત્યારે તેમને પ્રતીતિ થઈ ને પોતે પાકા સત્સંગી થયા. પછી સંતોની ને સત્સંગની ખૂબ સેવા કરી હતી.

“સાચી સાધુની વાત મનાણી, ધર્યા નિયમ ને મૂકિયું પાણી;
ભલા ભકત થયા તે અનન્ય, એને વાત ગમે નહિ અન્ય.
મણિ કાદવમાં લપટાય, ગયે કાદવ ચળકિત થાય;
રવિ ઢંકાય વાદળાં પાસ, જાય વાદળું પ્રગટે પ્રકાશ.
પરવતભાઈ કહિયે જેવા, કશિયાભાઈ પણ થયા તેવા;
નિત્યાનંદ ને ગોપાળાનંદ, શુકાનંદ ગુણાતીતાનંદ.”[૬]

વર્ણી બામણ ગામની ભાગોળે આવી પહોંચ્યા. બામણ ગામના ખોડા પંડ્યા વિપ્ર હતા. તેમને વર્ણીનાં દર્શન થયાં. અલગારી બ્રહ્મચારીને જોતાં જ વિપ્ર ખોડા પંડ્યાના મનોભાવમાં એમની સેવા કરવાની ઇચ્છા જાગ્રત થઈ. વર્ણી પાસે આવી પોતાના ઘેર પધારવા વિનંતી કરી. વર્ણી રાજી થઈ તેમની સાથે પધાર્યા. ગરમ પાણી કરી વર્ણીને પ્રેમથી સ્નાન કરાવ્યું. તેમનું પૂજન કર્યું ને ભોજન પણ કરાવ્યું. વર્ણી વિપ્ર ખોડા પંડ્યાને ત્યાં રોટલો અને મઠની દાળ જમી તૃપ્ત થયા. આ વર્ણીની અલૌકિક સેવા અજાણતા જ ખોડા પંડ્યાએ કરી હતી. વર્ણી તેમના જીવનું પૂરું કરવાનો સંકલ્પ કરી આણંદ શહેર પધાર્યા. પછી ત્યાંથી ડાકોરના માર્ગે વર્ણી ચાલી નીકળ્યા.

## નીલકંઠ વર્ણી ઉમરેઠ, વડતાલ, બોચાસણમાં

ડાકોરથી ઉમરેઠ પધારી વર્ણી અહીં જાગનાથની જગ્યામાં ઊતર્યા. અહીં રાતવાસો કરવા નિર્ધાર્યું હતું. તેથી તેઓ બિરાજ્યા હતા.

એ સમયે ગામના બે ખેડાવાળ બ્રાહ્મણ નરભેરામ દવે તથા રૂપરામ ઠાકર આવ્યા. બંનેની દૃષ્ટિ જગ્યામાં આવનાર નવા આગંતુક નીલકંઠ વર્ણી પર પડી. બંને મુમુક્ષુ જીવ હતા. વર્ણીનાં દર્શન કરતાં તેમની ચિત્તની વૃત્તિ વિલોમ થઈ. તેઓ વર્ણીને પગે લાગ્યા. વર્ણીમાં વિશિષ્ટતા હતી. તે નિહાળતાં બંનેને લાગ્યું કે

૬. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૫

કોઈ તપસ્વી મૂર્તિ છે. તેથી તેમને માટે ફળો લઈ આવ્યા. વર્ણીએ તેને અંગીકાર કર્યાં. થોડા વધેલા ફળોની પ્રસાદી આપી. તેમને પોતાની દૃષ્ટિમાં-સંકલ્પમાં સમાવી વર્ણી ભાલેજ થઈ વડતાલ પધાર્યા. અહીં તેઓ તળાવની પાળે બિરાજ્યા હતા.

"બીજે દિવસ તજી તેહ સ્થાન, આવ્યા ભાલેજ શ્રીભગવાન;
વળી ત્યાંથી આવ્યા વરતાલે, પ્રભુ બેઠા તળાવની પાળે.
પગી જોબને તે જોગી જાણી, પદ વંદી કહી એમ વાણી;
આપું ઓરડી કરી આ ઠામ, જોગીરાજ રહો આ જ ગામ.
સુણી શ્રીહરિ લાગ્યા ઊચરવા, મારે જાવું છે તીરથ કરવા;
અમે આવશું વળતાં જ્યારે, ગામ રહેશું તમારે જ ત્યારે.
પછી જઈ તે પગીને ભવન, ભાવે રાંધીને કીધું ભોજન;
દેવકરણ પગી તણે ઘેર, પોઢ્યા એકાંતની જાણી પેર."[૭]

એ સમયે વડતાલ ગામના ને આખા પંથકના ક્રૂર લુટારા એવા જોબનપગી ત્યાંથી નીકળ્યા. જોબને જોયું કે કોઈ તપસ્વી જોગી તળાવની પાસે આવ્યા છે. તેઓ નીલકંઠ વર્ણીની પાસે આવ્યા. વર્ણીએ જોબનપગી પર દૃષ્ટિ કરી સામે જોયું. વર્ણીના નેત્રોમાંથી અપાર કરુણા વરસી રહી હતી. સકળ બ્રહ્માંડનું કલ્યાણ કરવાની એમની કરુણાદષ્ટિમાં જોબનપગી તરબોળ થયા. તેમનું પાપી હૃદય, કરેલાં અનેક કુકર્મો વર્ણીના કૃપા-કરુણાના વહેણમાં વહી ગયાં. સર્વે પાપમાત્રનો પળમાં ક્ષય કરી નાખ્યો. વર્ણીમાં આટલા બધા સામર્થ્યની એકસાથે અનુભૂતિ કરનાર જોબનપગી લુટારા વર્ણી પાસે લુટાઈ ગયા હતા. તેમનું અંતઃકરણ પવિત્ર થયું. તે વર્ણીના ચરણમાં નમી પડ્યા. વર્ણીને વિષે દિવ્યતા નિહાળી હતી. તેથી વર્ણીને ઘરે લઈ ગયા.

વર્ણીને સીધું-સામાન આપ્યું. નીલકંઠ વર્ણીએ તેની રસોઈ બનાવી અને જમ્યા. વર્ણી તેનું અન્ન જમ્યા હતા તેથી ઘરના સર્વેનાં અંતઃકરણ પવિત્ર થયાં, નિર્મળ થયાં. જોબને વર્ણીને અહીં જ રોકાઈ જવાનો આગ્રહ કર્યો. ત્યારે વર્ણીએ કહ્યું, "હજુ અમારે આગળ વિચરવું છે. તમારો ભાવ છે એટલે વળતા જરૂર આવીશું. ત્યારે અહીં રોકાઈશું." જોબનના ભાઈ દેવકરણ હતા. તેના ઘરે એકાંતે જઈ પોઢ્યા. એટલી સેવાનો યોગ તેમને આપી ત્યાંથી વર્ણી બોચાસણ પધાર્યા. ગામના પાદરે તળાવ હતું. તેની પાળ ઉપર થોડી વાર બિરાજ્યા પછી ત્યાંથી ઊઠી સામે વૈરાગીની

---

**૭.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૭

જગ્યામાં પધાર્યા.

બોચાસણમાં કાનદાસ પાટીદાર તેમના દીકરા કાશીદાસ તથા તેમની મા નાનીબાઈ ત્રણેય મુમુક્ષુ હતાં. એ ત્રણ માટે જ વર્ણી અહીં પધાર્યા હતા ને યોગાનુયોગ એ જ દિવસે કાનદાસે બ્રહ્મભોજન કરાવવા બ્રાહ્મણોને ઘરે નોતર્યા હતા. કાનદાસે વૈરાગીને જમવા માટે નોતરું દેવા કાશીદાસને વૈરાગીની જગ્યામાં મોકલ્યા હતા.

કાશીદાસ વૈરાગીની જગ્યામાં આવ્યા. અહીં તેમણે નીલકંઠ વર્ણીને જોયા. તેઓ ઘડીક નિહાળતા જ રહ્યા. અન્ય વૈરાગી સાધુ કે વૈરાગીઓ કરતાં વર્ણી તેમને વિશિષ્ટ લાગ્યા. વર્ણીની તેજસ્વિતા, તેમની કઠોર તપશ્ચર્યા કોઈ પણને સહેજે જણાઈ આવતી.

કાશીદાસને થયું ખરા જમાડવા જેવા આ તપસ્વી તેજસ્વી મૂર્તિ વર્ણી છે. વર્ણી કેટલા બધા શાંત ને સ્થિર છે ! તેમની પાસે પ્રગાઢ શાંતિ છે. નક્કી આ કોઈ ભગવાનનું સ્વરૂપ છે ! આ આંખે કરીને તો તેમને કેમ જોઈ શકીએ ને મન-બુદ્ધિએ કરીને તો કેમ ઓળખી શકીએ ? વર્ણી તો મુમુક્ષુ માટે લોહચુંબક તુલ્ય હતા. મુમુક્ષુને તુરંત ખેંચી લેતા. કાશીદાસ પણ એમના પ્રતિ ખેંચાયા.

વર્ણીની સમીપે આવીને કહ્યું, ‘‘વર્ણીરાજ ! મારા ઘરે આજે બ્રહ્મભોજન છે. તો આપ મારે ઘેર જમવા પધારશો ? આપ મારી સેવાને અંગીકાર કરશો તો મારું જમાડ્યું સુફળ ગણાશે.’’ વર્ણી એમના માટે જ તો અહીં પધાર્યા હતા. તેમણે આવવાની હા કહીને બોલ્યા, ‘‘આ વૈરાગી સાથે અમે આવીશું.’’

વૈરાગી વર્ણીને લઈ કાશીદાસ પાટીદારને ઘેર પધાર્યા. બ્રાહ્મણોની પંક્તિ પડી ગઈ હતી. તેથી બંને ઓસરી આગળ ફળિયામાં હેઠા બેસી ગયા. નીલકંઠ વર્ણી તો અલૌકિક મૂર્તિ હતા. તેમની મનુષ્યભાવની (અવરભાવની) ચેષ્ટામાં પણ દિવ્યતા કળાઈ આવતી. તેમની તમામ ક્રિયામાં અલૌકિકતા છતી થઈ જતી હતી. પરંતુ તે અલૌકિકતા, દિવ્યતા સામાન્ય વિષયી જીવને ખ્યાલ આવી શકે નહીં. જે દૈવી જીવ હોય, મુમુક્ષુ હોય અથવા જેણે એવા અલૌકિક પુરુષો જોડે રહી તેમની ક્રિયાને બહુ સમય નિહાળી દિવ્યભાવે જોયા હોય અથવા જેની પર મહાપ્રભુ કેવળ કૃપા કરે ને દિવ્યબુદ્ધિનો યોગ આપે તેને જ દિવ્યભાવ પરઠાય; અન્યથી મનુષ્યભાવ જ પરઠાય.

કાશીદાસનાં માજી નાનીબાઈએ વર્ણીને ફળિયામાં બેઠેલા જોયા. તેમને વર્ણીમાં દિવ્યતા જણાઈ. એમની બેસવાની રીત, આ લોકની ચેષ્ટા, અત્યંત તપસ્વી, કૃશકાય વ્યક્તિત્વ આ બધું અલૌકિકતાની ચાડી ખાઈ જતું હતું. નાનીબાઈ બહુ મુમુક્ષુ જીવ હતાં. તેમને વર્ણી પ્રત્યે અતિશે સ્નેહ જાગ્યો. તેમણે વર્ણીને ફળિયામાંથી ઉઠાડીને

ઓસરીમાં બેસાર્યા ને બ્રાહ્મણોને કહ્યું, ‘‘આ વર્ણીને પ્રથમ પીરસો.’’ બ્રાહ્મણોએ વર્ણી તરફ જોયું. તેમને કોઈ તપસ્વી વૈરાગી લાગ્યા. જે અહીં તૈયાર ભોજન જમવા આવ્યા લાગ્યા છે એવું વિચારીને પછી લાડુ પીરસ્યા. બ્રાહ્મણોનો તેમાં ભાવ નહોતો. કુભાવ હતો.

વર્ણી માત્ર લાડુની કોર ભાંગી મુખમાં મૂકીને સ્થિર બેસી રહ્યા. નાનીબાએ કહ્યું, ‘‘વર્ણી ! કેમ જમ્યા નહીં ?’’ નીલકંઠ વર્ણીએ કહ્યું, ‘‘માજી ! તાજું દૂધ હોય તો લાવો.’’ નાનીબાએ કહ્યું, ‘‘અત્યારે દૂધ ક્યાંથી હોય ? આ કટાણે બપોરના સમયે ભેંસ દૂધ દોહવા પણ ક્યાંથી દે ?’’

માજીએ કોઢ્યમાં ઊભેલી ભેંસ સામે જોયું. ભેંસના ચારેય આંચળમાંથી દૂધ ટપકતું હતું. માજીને અચરજ થયું. તેઓ દોણું લઈ ભેંસ દોહવા ગયાં. ભેંસે વગર દોહ્યે દોણું દૂધથી ભરી દીધું. આવું આશ્ચર્ય જોઈ નાનીબાને લાગ્યું આ સઘળો પ્રતાપ વર્ણીનો છે. વર્ણીની સેવા કરવા ને સેવા મેળવવા આવા અબોલ પશુ પણ તૈયાર હોય છે. ત્યારે પામર મનુષ્ય જ કેમ તેમને ઓળખી શકતો નથી ?

નાનીબા ભેંસનું તાજું દૂધ માંહી સાકર નાખી લઈ આવ્યાં ને વર્ણીને આપ્યું. વર્ણી તેને પ્રેમે કરી જમી ગયા ને તૃપ્ત થયા. વર્ણી આ માજી પર રાજી થયા. તેમને આશિષ આપી વૈરાગીની જગ્યામાં પધાર્યા ને ત્યાં રાત્ય રહ્યા.

નાનીબાનું ચિત્ત વર્ણીના અલૌકિક સ્વરૂપમાં પરોવાઈ ગયું હતું. રાત્રે સૂતાં હતાં તોપણ વર્ણીની મૂર્તિ તેમના ચિત્તમાંથી હઠતી નહોતી. આખી રાત વર્ણીના જ વિચાર આવ્યા કર્યા. જાણે તેઓ વર્ણીમય થયાં. વર્ણીના સ્વરૂપમાં ગુલતાન થયાં. વર્ણીને વિષે આવી રીતે સહેજે જ વૃત્તિ રહે તે વર્ણીના અંતરના રાજીપાનું, તેમની દિવ્યભાવે કરેલી સેવાનું પ્રતીક નહોતું તો બીજું શું હતું ?

સવાર તો માંડ થયું ત્યાં જ નાનીબાએ ઊઠીને કાશીદાસને કહ્યું, ‘‘વર્ણીને આપણા ઘેર પાકી રસોઈ જમાડવી છે તો તું વૈરાગીની જગ્યામાં જઈ વર્ણીને કહી આવ કે, આપણા ઘેર જમવા પધારે.’’

કાશીદાસ વૈરાગીની જગ્યામાં આવ્યા. વર્ણી તો વહેલી સવારે ત્યાંથી નીકળી ગયા હતા. તેથી કાશીદાસે ઘરે જઈને કહ્યું, ‘‘વર્ણી તો જતા રહ્યા છે.’’

નાનીબાના અંતરનો ઉમળકો હતો તે નંદવાઈ ગયો. તેમની આંખમાં પાણી આવી ગયાં. તેઓ ગામના તળાવ પર આવ્યાં. ત્યાં પણ સહુએ કહ્યું, ‘‘વર્ણી તો ચાલી નીકળ્યા છે.’’ વર્ણી જ્યાં ચાલ્યા હતા ત્યાં ધૂળમાં એમના ચરણની છાપો પડી ગઈ હતી. તેનાં દર્શન કર્યાં તો એમાં સોળ ચિહ્નનાં દર્શન થયાં. નાનીબાને

વર્ણી પ્રત્યે ભગવાનપણાની પ્રતીતિ થઈ. નાનીબાને થયું, 'સામે ચાલીને સ્વયં પ્રભુ ઘેર પધાર્યા હતા. તેમને ઓળખી શકાયા નહીં. એમને રોકી શકાયા નહીં.' તેનું ખૂબ દુઃખ થયું. તેમણે નિસાસો નાખ્યો. આંખમાંથી આંસુઓની ધાર વહેવા માંડી ત્યાં જ એમને ધીરજ આપતી આકાશવાણી થઈ કે, ''નાનીબા ! દુઃખી થશો નહીં. અત્યારે અમે ભલે ચાલ્યા ગયા પણ ફરી જરૂર અમે આવીશું.'' વર્ણીનો મેળાપ ફરી થશે. તેથી નાનીબાને ધરપત થઈ ને અંતરમાંથી દુઃખ દૂર થયું. શાંતિ થઈ ગઈ. કાશીદાસ તથા નાનીબા ઘરે આવી વર્ણીની સ્મૃતિ કરી તેમાં રમમાણ રહેવા લાગ્યાં.

"નિર્મળ મન નાનીબાઈનું, તેમાં શ્રીહરિ છબી સાક્ષાત્;
નિશ્ચળ થઈને ઠરી રહી, જેમ પડે પટોળે ભાત્ય."[૮]

## નીલકંઠ વર્ણી બુધેજમાં

બોચાસણથી વહેલી સવારે વર્ણી પરહરી દેવાણ ગામે આવ્યા.

દેવાણ ગામના નૃપ બહાદુરસિંહના દરબારમાં પધાર્યા. વર્ણીએ જઈ તેમને સીધો જ પ્રશ્ન કર્યો : ''દરબાર ! તમને આ રાજ કોણે આપ્યું છે ?'' દરબાર વર્ણીના મનોહર રૂપ તેમજ તેમની નિધડકતા-નિર્ભીકતા જોઈ ચકિત થયા. વર્ણીનો પ્રભાવ જ એવો હતો કે ભલભલાની મનોવૃત્તિ ફરી જતી.

વર્ણી સમક્ષ બહાદુરસિંહ બોલ્યા, ''વર્ણીરાજ ! આપની કૃપા થકી જ આ રાજ્ય કરું છું. બધું આપનું આપેલું જ છે.''

"બોલ્યા ભૂપ પ્રત્યે મહારાજ, કોણે આપ્યું છે તમને રાજ;
સૂણી ભૂપે કર્યો ત્યાં ઉચ્ચાર, મને રાજ્ય તમે આપનાર."[૯]

રાજાના અકર્તાભાવ ને ભગવાનના કર્તાપણાની સમજને અને આવા નિર્માનીપણાના ઉચ્ચાર સાંભળી વર્ણી રાજી થઈ ગયા. ને એક રાત્રિ તેમને ત્યાં રહી તેમનું ભોજન સ્વીકારી રાજાનું પૂરું કરવાનો સંકલ્પ કરી બીજા દિવસે વહેલી સવારે નીકળી વર્ણી ખંભાત પધાર્યા.

ખંભાતમાં વર્ણીએ હરિદાસના અખાડામાં નિવાસ કર્યો. સવારે ઊઠી નારેશ્વર સરોવરને વિષે સ્નાન કરી પોતાના સંબંધયુક્ત કર્યું. પછી અખાડામાં પધાર્યા.

---

૮. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૭

૯. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૭

હરિદાસ સાધુ હતા. તે ક્યાંય જમવાનું કોઈ પાસે માગતા નહીં. તેઓ અજાચક હતા. કોઈ એમને આપે તો તે જમતા હતા. તે દિવસે હરિદાસને જમવાનું મળ્યું નહોતું. તો તેઓ વર્ણીને શું જમાડે ? તેથી વર્ણીને પણ ઉપવાસ થયો. વર્ણી એક રાત્રિ ત્યાં નિવાસ કરી વહેલી સવારે ચાલતા થયા. તે નગરા ગામે પધાર્યા. ત્યાંથી નીકળી વર્ણી બુધેજ પધાર્યા.

"ગયા સંવત શતક અઢારે, પંચાવનની હુતાશની જ્યારે;
ગયા બુધેજમાં બહુનામી, જે છે અક્ષરધામના ધામી,
હતા રાઠોડ ત્યાં ખોડાભાઈ, ગયા તેહના દરબારમાંઈ."[૧૦]

સંવત ૧૮૫૫, ફાગણ સુદ પૂનમ એટલે કે હુતાશનીના (હોળીના) દિવસે બુધેજમાં ખોડાભાઈ દરબારનું સદાવ્રત ચાલતું હતું તેમાં પધાર્યા.

બુધેજના રાઠોડ ખોડાભાઈ દરબાર ખરા મુમુક્ષુ હતા. કેવળ પ્રગટ ભગવાનને પામવાના આશયથી પોતાને ત્યાં અખંડ સદાવ્રત ખોલેલું. તેમાં જે કોઈ સાધુ-સંન્યાસી આવે તેને તેઓ બશેર જુવારની એક પાલી ભરીને આપતા.

નીલકંઠ વર્ણી આજે ખોડાભાઈના સદાવ્રતમાં પધાર્યા. પરંતુ એ દિવસે ખોડાભાઈ બહારગામ ગયેલા. તેથી સદાવ્રત આપવા તેમનાં માતુશ્રી આવ્યાં. ડોસીમા વર્ણીને જુવાર આપવા માંડ્યાં. વર્ણીએ કહ્યું, "ડોસીમા ! જુવારને હું શું કરીશ ? જે હોય તે કાંઈક તૈયાર ભોજન આપો તો સારું."

આ સાંભળી ડોસીમા તાડુક્યાં, "અરે, બ્રહ્મચારી ! તારા જેવા તો મારે દિવસમાં ઘણા આવતા હોય. જો હું બધાને તૈયાર ભોજન આપવા બેસું તો ક્યાં મેળ પડે ? માટે તારે આ જુવાર લેવી હોય તો લે, નહિ તો રહેવા દે !!"

નીલકંઠ વર્ણીએ જાણ્યું કે, અમને આ ડોસી ઓળખી શક્યાં નથી. ને જીવ પોતાની રીતે ઓળખી પણ કેમ શકે ? વર્ણી દયાળુમૂર્તિ હતા. તેમને થયું લાવ મારી ઓળખાણ પડાવું. તેથી વર્ણીએ ડોસીને નમ્રતાથી કહ્યું, "ડોસીમા ! આજ સુધી અમારા જેવા કોઈ આવ્યા નહિ હોય અને આવશે પણ નહીં. અમારા જેવા અમે એક જ છીએ."

આ સાંભળી ડોસીમા વધુ ગુસ્સે થયાં ને બોલવા માંડ્યું, "બ્રહ્મચારી ! તારી જાત્યને તું શું સમજે છે ? તારા જેવા તો શું અહીં તો મોટી મોટી જટાઓવાળા, મોટી મોટી દાઢીવાળા, ઊંચા-જાડા એવા કેટલાય મંદિરોના મઠાધિપતિ અને મહંતો પણ

**૧૦.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૭

આવી ચૂક્યા છે અને તું કહે છે મારા જેવો કોઈ આવ્યો નહિ હોય અને આવશે પણ નહીં ! હે બ્રહ્મચારી ! બધી બનાવટ છોડી આ જુવાર લેવી હોય તો લે, નહિ તો ચાલતો થા.''

ગોપાલકના હાથમાં હીરો આવે તો બકરાની કોટે બાંધે ને ઝવેરીના હાથમાં આવે તો લાખોની કિંમત કરે તેમ ભગવાનને ઓળખવા એ બહુ મોટી ઘાંટી છે. વર્ણીએ પોતાના સ્વરૂપને ઓળખાવવાનો પ્રયત્ન કર્યો. પોતાના સ્વરૂપનું ભાન કરાવ્યું તેમ છતાં જીવની પાત્રતા નહિ એટલે ઓળખી શક્યા નહીં.

વર્ણી તો ખોડાભાઈના મોક્ષ માટે પધાર્યા હતા. તેથી ડોસીમાના શબ્દોને ન ગણકારતાં જુવાર લઈ લીધી. તેમાંથી બે દાણા પોતાના મુખમાં મૂક્યા અને ખોડાભાઈ ને એમના કુટુંબને તથા આખા ગામને સત્સંગ થાય તેવો સંકલ્પ કર્યો. જ્યારે બાકીની જુવાર ભૂખ્યા કબૂતરોને વેરી દીધી. જે કબૂતર આ જુવાર ખાય તે કચ્છમાં કણબી થાય ને તે બધા સત્સંગી થાય એવો સંકલ્પ કર્યો.

વર્ણી ત્યાંથી ગામના પાદરમાં કૂવો હતો ત્યાં પધાર્યા. કૂવામાં પાણી ઊંડાં હતાં. કૂવાના કાંઠા પર બેસી વર્ણીએ કૂવામાં હસ્ત લાંબો કર્યો. ત્યાં તો કૂવાનાં પાણી ઉપર આવ્યાં. કઠારી પાણીથી ભરી. તેને ગાળી લઈ પછી વર્ણીએ કઠારી ભરી પાણી પીધું. આવું આશ્ચર્ય ત્યાં કૂવાકાંઠા પર પાણી સિંચવા આવેલી પનિહારીઓએ નજરે જોયું. એટલે તે તો વિસ્મય પામી ગઈ. બાઈઓ બોલી, ''આ વર્ણી ચમત્કારી છે.''

સૌ પનિહારી બાઈઓએ વર્ણીને ગામમાં રોકાઈ જવાનું કહ્યું. પણ વર્ણી તો ત્યાંથી ચાલી નીકળ્યા. તે વાત ખોડાભાઈ દરબારના કાને પણ આવી. ખોડાભાઈને થયું એ વર્ણી બ્રહ્મચારી નહિ પણ ભગવાન જ હશે. એ સિવાય સહેજે જ આવો ચમત્કાર કોઈ જણાવી ન શકે ! તેઓને વર્ણીનાં દર્શન ન થયાં. તેથી ઉદાસ થઈ ગયા અને વિચારવા લાગ્યા, 'અરેરે... જે પ્રગટ ભગવાન માટે હું વર્ષોથી આ સદાવ્રત આપું છું તે ભગવાન તો સ્વયં મારે ત્યાં આવી ગયા નહિ હોય ને ?'

નીલકંઠ વર્ણી બુધેજથી નીકળી ગોરાડ પધાર્યા. અહીં ચોરામાં રાત્ય રહ્યા ને બોધા આહિરની સ્ત્રીએ દહીં જમાડ્યું. તેને આત્યંતિક કલ્યાણના કોલ આપી ગામના પાદરે તળાવ હતું, તેના કિનારે પીપળાનું વૃક્ષ હતું, તેની નીચે તેઓ વિરાજ્યા.

સામે એક વાડી હતી ત્યાં બીજલ નામે એક ભાઈ કોશ હાંકતા હતા. તેનું રૂડું કરવું હતું, પોતાનાં દર્શનનો યોગ આપવો હતો તેથી વર્ણી ત્યાં પધાર્યા. તે ભાઈ તો કોશ હાંકવામાં મશગૂલ હતા. વર્ણીએ તેમને ઢંઢોળ્યા ને પીવા માટે પાણી

માંગ્યું. બીજલભાઈ પર કેટલી બધી કૃપા કહેવાય ! વર્ણીએ સામે ચાલી તેમને સેવા આપી. સેવાની અમૂલ્ય તક આપી. જોકે બીજલભાઈ પણ આખરે દેહધારી જ હતા ને ! વર્ણીને ઓળખી શક્યા નહિ ને ઓળખ્યા તોપણ તપસ્વી સાધુ કે વૈરાગી જેવા જાણ્યા. તેથી તેમણે કહ્યું, ''બ્રહ્મચારી ! હમણાં કોશમાંથી પાણી ઠલવાશે તે પી લેજો.''

નીલકંઠ વર્ણીએ કહ્યું, ''કોશનું પાણી તો ચર્મવારિ કહેવાય. કોશ તો ઢોરના ચામડામાંથી બનતો હોઈ તેમાં રહેલું પાણી ન પિવાય. તેથી અમે ન વાપરીએ.''

બીજલભાઈએ કહ્યું, ''બ્રહ્મચારી ! જો ચર્મવારિ ના પીતા હોવ તો સાથે દોરડું ને લોટો રાખીએ ને !''

નીલકંઠ વર્ણીએ તેના શબ્દો કાને ન ધર્યા. તેઓ કૂવાના કાંઠા પર ગયા. ને પોતાનું કમંડલુ કૂવા પર ધર્યું. ત્યાં તો આખોય કૂવો ઊભરાઈ ગયો. વર્ણીએ હસ્ત અને મુખ પ્રક્ષાલન કરી, પિવાય એટલું જળ પીધું અને કમંડલુ ભરી ત્યાંથી ચાલતા થયા.

બીજલભાઈ તો આ ચમત્કાર નિહાળી વર્ણી સામું આશ્ચર્યથી જોઈ જ રહ્યો. દેખાવમાં સાવ સાધારણ જણાતા એકવડિયા બ્રહ્મચારીમાં આટલો બધો પ્રતાપ ને ઐશ્વર્ય છે ! તેઓ દિગ્મૂઢ બની વર્ણીની સમગ્ર આકૃતિને નિરખતા રહ્યા.

ભગવાનને ગમે તેટલા ધારી ધારીને જોવામાં આવે કે ભગવાનને બુદ્ધિએ કરીને ગમે તેટલા વિચારવામાં આવે તોપણ બધાં ઇન્દ્રિયો-અંતઃકરણ તો માયિક જ ને ! દિવ્યાતિદિવ્ય મહાપ્રભુનો એ શો પાર પામી શકે !

બીજલભાઈએ નજરે જોયેલો આ ચમત્કાર અને વર્ણીના ઐશ્વર્યની વાત આખા ગામમાં પ્રસરાવી દીધી. આમ, સહુ કોઈ ગ્રામજનોને આ સાંભળી આશ્ચર્ય થયું હતું. ગામના શામજી પટેલ, પ્રભુદાસ ને ક્ષત્રિય કાંધોજીએ પણ જાણ્યું કે ભગવાન સિવાય આવો ચમત્કાર બીજો કોઈ કરી શકે નહીં.

ખોડાભાઈ દરબાર ઘોડા પર બેસી બ્રહ્મચારીને શોધવા પાછળ નીકળી પડ્યા હતા. તેઓ ગોરાડ આવ્યા. ત્યાં પણ વર્ણીના ઐશ્વર્યની વાતો સાંભળી. ખોડાભાઈને હવે તો નક્કી જ થઈ ગયું કે સ્વયં ભગવાન પોતે જ વર્ણી રૂપે આવ્યા હતા.

ખોડાભાઈ દરબારે સહુને પૂછ્યું, ''વર્ણી કઈ તરફ ગયા છે ?'' એમાં એક ઢોર ચારનારે કહ્યું કે, ''એક બ્રહ્મચારીને આકાશ માર્ગે ઊડતા જતા મેં જોયા. જ્યારે તમે ઘોડા પર જાવ છો તે કેમ ભેટો થશે ?'' અને આ શબ્દો સાંભળતાં જ ખોડાભાઈ મૂર્છાવશ થઈ ગયા. એ જ વખતે આકાશવાણી થઈ કે, ''હે ખોડાભાઈ ! આપ

મૂંઝાવ નહીં. બેઠા થઈ ઘેર જાવ. તમને જરૂર અમારો મેળાપ થશે. અમે તમારા મોક્ષનો સંકલ્પ કરી દીધો છે.'' આ શબ્દો સાંભળી ખોડાભાઈ આનંદિત થતાં ઘેર પાછા વળ્યા.

વર્ણી સૌને સહુ સહુની પાત્રતા મુજબ ફળ આપી આગળ ચાલતા થયા. ચાલતાં ચાલતાં જેતલપુર પહોંચ્યા.

## નીલકંઠ વર્ણી જેતલપુરમાં

જેતલપુરમાં કોઠાની પૂર્વ દિશાના દરવાજા પાસે વાવ હતી. ત્યાં વડના વૃક્ષ નીચે આવી વર્ણી ધ્યાનસ્થ અવસ્થામાં બિરાજ્યા. નાડીઓ દેખાય તેવું તપથી કૃશ થયેલું શરીર હતું.

તપથી કઠોર કરેલું ઉઘાડું શરીર ને મસ્તક પર મુગટ શોભતો હોય તેમ મંજુલ કેશ બાંધેલા, એકદમ સ્થિર વૃત્તિ તેમજ મંદ મંદ સ્મિત વહેતું ને તેજસ્વી મુખ જોઈ ત્યાંથી પસાર થતાં બાઈ-ભાઈઓમાં કુતૂહલ થતું.

ત્યાંથી પસાર થતી વ્યક્તિ ઘડી-બે ઘડી ત્યાં જ સ્થિર થતી ને વર્ણીમાં વૃત્તિ ચોંટી જતી. દિવ્ય મનોહર મૂર્તિનાં દર્શન કરી લોકોમાં કૌતુક થતું. વાત આખા ગામમાં પ્રસરી કે કોઈ અલૌકિક તપસ્વી નાનકડા બ્રહ્મચારી પધાર્યા છે ને લોકો ત્યાં દર્શન માટે ટોળે વળ્યા છે.

જેતલપુર ગામના નાગર બ્રાહ્મણ ગંગામા પણ વર્ણીનાં દર્શન કરવા આવી પહોંચ્યાં. દર્શન કરતાં ગંગામાની વૃત્તિ વર્ણીમાં ખેંચાઈ. તેમને વર્ણીની નિર્દોષ બાળસહજ મુખાકૃતિમાં માતૃસ્નેહ ઉદય થયો.

તેમણે વર્ણીને ભાવથી કહ્યું, ''આવો વર્ણી ! મારા ઘેર ચાલો અને મારા ઘેર આવીને રસોઈ જમો.''

વર્ણીએ ગંગામાને પોતાના વિષે થયેલા સ્નેહની કસોટી કરતાં કહ્યું, ''અમે તો ક્યાંય ચાલીને જતા નથી. એટલે અમે તમારા ઘેર શી રીતે આવીએ ?''

ગંગામાએ કહ્યું, ''તમે અહીં કઈ રીતે આવ્યા ?'' વર્ણીએ જવાબ આપ્યો, ''એ તો અમારા સેવકો અમને લાવ્યા.''

''તમે તો એકલા છો. તે તમારા સેવકો ક્યાં છે ?'' એમ ગંગામાએ પૂછ્યું.

ત્યારે વર્ણીએ કહ્યું, ''એ તો અદૃશ્ય છે. તેમને તમે દેખી શકો નહીં.''

ત્યારે ગંગામાએ જાણ્યું જે, આ નાનું બાળક છે તે હઠ કરે છે. પણ ભૂખે મરશે, એમ જાણીને મહારાજને તેડીને લઈ ગયા. પછી ઓસરીમાં ઉતારીને છોળે

થઈને જમવાનું કાઢી લાવ્યા. ને કહ્યું જે, "વર્ણી જમો." ત્યારે વર્ણી બોલ્યા જે, "હજુ તો મારે સવારનો નિત્યક્રમ બાકી છે. મારે હજુ શૌચવિધિ જવાનું છે. દાતણ કરવાનું છે ને સ્નાન પણ કરવાનું બાકી છે."

ગંગામાએ કહ્યું જે, "જાઓ શૌચવિધિ કરીને તળાવમાં નાહી આવો." ત્યારે વર્ણીએ કહ્યું જે, "જેને જમાડવા હોય તે લઈ જાય તો જઈએ, પણ એ વિના જવાતું નથી." એટલે ગંગામાએ પૂછ્યું, "તમને રોજ કોણ લઈ જાય છે ?" "જેને જમાડવાની ગરજ હોય તે લઈ જાય." વર્ણીએ જવાબ આપ્યો.

ગંગામાએ જાણ્યું જે, આ તો ગાંડા છે. તેઓનાં માબાપે કાઢી મેલ્યા છે. પણ હવે ક્યાં જશે ? એમ જાણીને તેડીને એક કોરે દિશાએ બેસાર્યા. અને હાથ પાણી લેવાનું થયું ત્યારે વર્ણીએ કહ્યું કે, "તે તમારી ગરજ હોય તો ધૂવો." પછી ગંગામાએ ધોયા ને દાતણ પણ પોતાને હાથે કરાવ્યું ને પછી નવરાવીને વસ્ત્ર પણ પોતે પહેરાવ્યાં અને ઉપાડીને ઓસરીમાં લઈ જઈને બેસાર્યા ને કહ્યું જે, "જમો..." વળી વર્ણીએ ચરિત્ર આગળ વધાર્યું ને કહ્યું, "અમારી સેવા કરવાની ગરજ હોય તો જમાડો." પછી પોતાના હાથે કોળિયા લઈને જમાડ્યા.

એવી રીતે ગંગામાએ માતૃવત્સલ સ્નેહથી વર્ણીની ખૂબ સેવા કરી ને વર્ણીનો ખૂબ રાજીપો કમાયાં. વર્ણીના રાજીપાના ફળ સ્વરૂપે ગંગામાની વૃત્તિ વર્ણીની મૂર્તિમાં ખેંચાઈ ગઈ. તેથી વર્ણીમાં અતિશે હેત થઈ ગયું. વર્ણી ક્યાંય આઘાપાછા થાય તો શોધીને ઘેર લઈ આવે. એમ પંદર દિવસ થયા.

ગંગામા સદ્. રામાનંદ સ્વામીનાં શિષ્ય હતાં ને તેમની ભક્તિ કરતાં હતાં. એ અરસામાં સદ્. રામાનંદ સ્વામી અમદાવાદમાં હીરાચંદ ચોકસીને ત્યાં પધાર્યા હતા. એટલે ત્યાંથી ગંગામા પર સમાચાર આવ્યા કે, "બે દિવસ માટે અમે અમદાવાદ રહેવાના છીએ તો દર્શને આવવું હોય તો આવી જજો."

ગંગામાને સદ્. રામાનંદ સ્વામીનાં દર્શનની ઈચ્છા ખૂબ, પણ મુશ્કેલી એ હતી કે જો તેઓ અમદાવાદ જાય તો અહીં વર્ણીને કોણ સાચવે ને કદાચ વર્ણી અહીંથી જતા રહે તો ? તેથી તેઓ વર્ણીને ઘરમાં પૂરી તાળું મારીને અમદાવાદ ગયાં.

ત્યાં સદ્. રામાનંદ સ્વામીને કહ્યું, "મારે ઘેર એક બ્રહ્મચારી આવ્યા છે. તેમને ઘરમાં પૂરીને આવી છું. તે જો હું રાત્ય રહું તો મૂંઝાય માટે મેં આપનાં દર્શન કર્યાં ને હવે રજા માગું છું." એ વખતે રામાનંદ સ્વામીએ પણ કહ્યું કે, "તમારે ઘેર જે બ્રહ્મચારી આવ્યા છે તે બહુ મોટા છે. તેમની દિવ્યભાવે સેવા કરજો." પછી તે

જેતલપુર આવ્યાં ને તાળું ઉઘાડીને ઘરમાં જોયું તો વર્ણી ન મળે.

ગંગામાને ધ્રાસકો પડ્યો... વર્ણી ચાલ્યા ગયા લાગે છે. ઘરમાં બધે જોયું. કોઠલામાં એંઠાં વાસણ જોયાં તેથી જાણ્યું કે વર્ણી કોઠલામાં બેસી દહીં ને રોટલો જમ્યા છે. ગંગામાએ જોયું તો ઘરને તાળું અકબંધ હતું. તો વર્ણી ગયા કઈ રીતે ? એ પ્રશ્ન થયો.

ગંગામાએ વિચાર્યું કે હું અભાગણી એમને ઓળખી ન શકી. એ ક્યાં કોઈના બંધનમાં રહે એવા હતા. સ્વયં પ્રભુને બંધનમાં કોણ નાખી શકે ?

ગંગામાને વર્ણીની અદ્‌ભુત સેવા મળી હતી. ને તેમણે તે સેવા 'મા'ની પેઠે સુપેરે કરી વર્ણીને રાજી કરી લીધા હતા. આ જ વર્ણી જ્યાં વિચરતા ત્યાં નારીઓથી દૂર ભાગતા. જ્યાં નારીઓ નદી-તળાવ પાસે કામકાજ કરવા આવતી તો વર્ણી ત્યાંથી ચાલ્યા જતા. નારીના હાથનું જમતા નહીં. પોતે સીધું-સામાન લઈ જાતે રસોઈ પકાવી લેતા. તેના બદલે વર્ણી ગંગામાના હાથની રસોઈ નિત્ય જમતા. એમ એમના પર રાજી થઈ અતિશે સેવાનો મોકો આપ્યો.

ગંગામા પર વર્ણી કેટલા બધા વરસી ગયા હશે ! અને તેથી જ આ ગંગામાને પાછળથી સત્સંગમાં શ્રીજીમહારાજે પોતાની 'મા'નું બિરુદ આપેલ. સત્સંગમાં તે 'મા' તરીકેની પ્રસિદ્ધિને પામ્યાં હતાં.

## લાખા માછીમારને આશીર્વાદ

નીલકંઠ વર્ણી જેતલપુરથી નીકળી આગળ ચાલતા થયા. રસ્તામાં સામે અદેસિંહ દરબાર મળ્યા. તેમનું રૂડું કરવા વાસ્તે રસ્તો બતાવવાની સેવા આપતાં વર્ણીએ પૂછ્યું, "અહીંથી ધોલેરા કયા રસ્તે જવાશે ?"

વર્ણીની વાણીમાં મીઠાશ સાંભળી દરબારને વર્ણીમાં અહોભાવ થયો. તેમને દિવ્યપુરુષ જાણ્યા ને પ્રેમથી વર્ણીને મારગ ચીંધતાં કહ્યું, "અહીંથી રૂણી ગામ આવશે, ત્યાંથી વડ ગામ ને ત્યાંથી સિકોતરના આરે થઈ ધોલેરા જવાશે."

વર્ણી દરબાર તરફ દિવ્યદૃષ્ટિ કરી સ્વગત બોલ્યા, 'તમે અમને અહીં મારગ દેખાડ્યો. અમે તમને અમારી મૂર્તિસુખનો મારગ સમય આવશે ત્યારે દેખાડીશું.' પછી ત્યાંથી ચાલતા રૂણી ગામ પધાર્યા ને ત્યાંથી વડ ગામે પહોંચ્યા.

ત્યાં ગામના તળાવના કાંઠે વડના વૃક્ષ નીચે વિશ્રામ લેવા બિરાજ્યા. પાણી પીવાની ઇચ્છાથી બાજુમાં કૂવો હતો ત્યાં આવ્યા. કૂવા પર પનિહારી બાઈઓ

હતી. વર્ણીએ તેમને પોતાનાં નોખા નોખા સ્વરૂપે દર્શન આપ્યાં. પનિહારી બાઈઓનાં મન વર્ણીમાં મોહાણાં. સર્વ બાઈઓ વર્ણીનાં દર્શન કરવા વર્ણી પાસે આવી ત્યાં તો વર્ણી અદશ્ય થઈ ગયા. ક્યાં જતા રહ્યા કશી ખબર ન પડી. વર્ણી કૂવા પર પાણી પીવા પધાર્યા હતા કે પ્રભુ પ્રેમની પ્યાસી એવી મુમુક્ષુ નારીની પ્યાસ બુઝાવવા પધાર્યા હતા; તે વર્ણી સિવાય કોને ખબર પડે ?

ત્યાંથી વર્ણી ધનકાના મેળામાં પધાર્યા. અહીં હજારોની માનવમેદની ભેગી થઈ હતી. તે સર્વેને અભયવરના સંકલ્પમાં સમાવી મીઠા પાણી માટે રામસર તળાવડીએ પધાર્યા. બાજુમાં રહેલા કૂવામાંથી પાણી લઈ ઠાકોરજીને ધરાવીને પોતે પીધું.

નીલકંઠ વર્ણી સિકોતરના આરે જવા ચાલતા હતા. ત્યાં સામેથી એક લાખા નામનો માછીમાર માથે પોટલું ઉપાડી ચાલ્યો આવતો હતો. વર્ણીએ લાખાને રસ્તામાં રોક્યા અને અંતર્યામીપણે નામ દઈ બોલાવ્યા અને પૂછ્યું કે, “હે લાખા ! આ તારા પોટલામાં શું છે ?”

લાખો મૂંઝાયો કે બ્રહ્મચારીને શું કહેવું ? પણ બે-ત્રણ વખત ઉપરાઉપરી પ્રશ્નો પૂછવાથી તે શરમાઈ ગયો. તેને થયું આ બ્રહ્મચારી કોઈ સામાન્ય નથી. તેમની પાસે જૂઠું બોલવું નથી. વર્ણીની પ્રતિભા જ એવી હતી કે, લોકો એમનાં દર્શન કરતાં તો વૃત્તિઓ સાત્ત્વિક બની જતી. લાખાએ પણ નિષ્કપટપણે કહ્યું, “હે બ્રહ્મચારી ! હું માછીમારનો ધંધો કરું છું અને માછલાં મારી મારું ગુજરાન ચલાવું છું. આ પોટલામાં માછલાં ભર્યાં છે.”

વર્ણીને આ સાંભળતાં જ અરેરાટી થઈ ગઈ. “અરર... આટલા બધા જીવની હિંસા ? કોઈને જિવાડી નથી શકતો તો તેને મારવાનો શો અધિકાર ? આ બધા જીવ આવતા જન્મે તારું વેર લેશે તે તું જાણે છે ? હે લાખા ! ભગવાન તને દેહાંત સમયે પૂછશે કે આવાં પાપ કરવા તને માણસનો અવતાર આપ્યો હતો ? ત્યારે તું શું કહીશ ? બોલ... બોલ... માટે મૂકી દે આ ધંધો.” અને લાખો મૂંઝાયો, પસ્તાયો અને પોક મૂકીને રડ્યો ને વર્ણીને કહ્યું, “બ્રહ્મચારી ! ચારે બાજુ દુકાળ પડ્યો છે. એટલે બીજું કોઈ આજીવિકાનું સાધન નથી. તેથી આ ધંધો કરું છું. પણ આશીર્વાદ આપો કે મને કોઈ સારો ધંધો મળી રહે.”

વર્ણીએ પોટલું નીચે મુકાવ્યું. મરેલાં માછલાં પર વર્ણીની જેવી દૃષ્ટિ પડી કે તરત માછલાં તો જીવતાં થઈ કૂદકા મારી બાજુમાં વહેતી નદીના નીરમાં કૂદી પડ્યાં ! વર્ણીએ લાખાને આશીર્વાદ આપ્યા.

ખરેખર લાખાને તો વર્ણીનાં દિવ્ય દર્શનનો યોગ, આશીર્વાદ વગેરે મળ્યાં. વળી લાખાને લીધે માછલાંને પણ વર્ણીની દૃષ્ટિ મળી ગઈ. માછલાંનું પણ કામ થઈ ગયું.

લાખો વર્ણીનો આ અદ્‌ભુત પ્રતાપ ને સામર્થ્ય જોતો જ રહી ગયો હતો. તેણે વર્ણીને પોતાના વડ ગામ રહી જવાનો ખૂબ આગ્રહ કર્યો. વર્ણીને રોકાવું નહોતું તેથી કાંઈ બોલ્યા નહીં. એટલે વળી લાખાએ કહ્યું, "સંધ્યા થવા આવી છે અને આગળ રસ્તો ઘણો વિકટ છે. અહીં મહી અને સાબરમતીનો સંગમ થાય છે ત્યાં વાંસ જેટલાં ઊંડાં પાણી છે. એટલે ઊતરી નહિ શકાય અને સામે પાર ઝાડીમાં જંગલી પશુ – વાઘ, દીપડાનો ભય પણ છે. માટે તમે અહીં રાત્ય રોકાઈ જાઓ. સવારે નદીમાં પાણી ઓછું થયું હશે તેથી હું તમારી સાથે આવી તમને ધોલેરા સુધી વળાવી જઈશ."

વર્ણીએ લાખાની વાત કાને ન ધરી. વર્ણીએ કહ્યું, "લાખા ! તું મારી ચિંતા ન કરીશ. તારી ચિંતા આજથી અમે લઈ લીધી છે. તો શા માટે મારી ચિંતા તું કરે છે ? જોજે હું સામે કાંઠે પહોંચી જઈશ ને હું મારું વસ્ત્ર (મૃગચર્મ) વીંઝીશ એટલે માનજે કે અમે નદી ઊતરી ગયા છીએ." એમ કહી વર્ણી લાખાની નજર સમક્ષ જ સાબરમતીના વાંસ જેટલા ઊંડા પાણીમાં જમીન પર ચાલે તેમ સડસડાટ ચાલી સામે કાંઠે પહોંચી ગયા ને હવામાં પોતાનું વસ્ત્ર (મૃગચર્મ) વીંઝ્યું.

"જળ ઉપર તે ચાલ્યા જાય, કાંડા સુધી જ ચરણ બોળાય;
વસ્ત્ર વીંઝીયું જૈ સામે પાર, ભકતે જાણ્યા જગત કરતાર."[૧૧]

આ દિવ્ય દર્શન, દિવ્ય મૂર્તિ ને દિવ્ય ઐશ્વર્ય લાખાના હૈયામાં આરપાર કોતરાઈ ગયાં. તેને થયું આ નક્કી ભગવાન છે.

લાખાએ જીભાઈ, ભીમજી ક્ષત્રિય ને બારોટ મૂળજી એ ત્રણેયને વાત કરી કે મને ભગવાનનાં દર્શન થયાં. પછી તે રાજી થઈ જીવનપરિવર્તન કરવાના સંકલ્પથી ઘેર ચાલ્યો ગયો ને વર્ણી નદીના કાંઠેથી ઝાડીમાં અદૃશ્ય થઈ ગયા.

## નીલકંઠ વર્ણી ભડિયાદ, ધોલેરા, ભીમનાથ, પોલારપુર પધાર્યા

વર્ણી ગુડેલ, મીતલી, ધોલેરા થઈ પીપળી પહોંચ્યા. ત્યાંથી ગાંફ થઈ ધોલેરાના મારગ તરફ જતાં રસ્તામાં ભડિયાદ ગામ આવ્યું.

---

**૧૧.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૮

ત્યાંના વ્યાસ ગોવિંદરામ વિપ્રને વર્ણીનો યોગ થયો. વર્ણી પ્રત્યે તેમને દિવ્યભાવ જાગ્યો. તેઓ વર્ણીને પોતાના ઘેર લઈ ગયા. તેમણે વર્ણીને દૂધ તથા થૂલી જમાડ્યાં. વર્ણી તેમની સેવા સ્વીકારી આશીર્વાદ આપી નીકળી ગયા ને પછી ધોલેરા પહોંચ્યા.

સવારનું ટાણું હતું. ત્યાંના એક ક્ષત્રિય ભક્તને વર્ણીનાં દર્શન થયાં. વર્ણીની મનોહર, તપસ્વી મૂર્તિ, કાંતિમાન ને પ્રભાવી ચાલથી ક્ષત્રિય ભક્તને થયું આ કોઈ મોટા તપસ્વી યોગીપુરુષ છે. તેઓ તેમને ગામમાં લઈ ગયા. વર્ણી તેમના ઘેર ન જતાં ગામના ચોરામાં બિરાજ્યા. ક્ષત્રિય ભક્ત પોતાના ઘેરથી વર્ણીને જમાડવા સારુ ભોજન લઈ આવ્યા ને વર્ણીને ભાવથી જમાડવાની સેવા કરી. વર્ણીએ તેમની સેવા સ્વીકારી તથા આશીર્વાદમાં લઈ કૃપાદૃષ્ટિ વરસાવતાં ધોલેરાથી નીકળી ગયા.

વર્ણી ગોરાસા ગામે આવી પહોંચ્યા. ત્યાં સેવાગર ગોસાંઈને વર્ણી પ્રત્યે ખૂબ ભાવ થયો. વર્ણીને મોટા જાણ્યા. તેમણે આગ્રહ કરી વર્ણીને એક રાત્ય રોક્યા. વર્ણી તેમનો બાજરાનો રોટલો ને છાશ જમ્યા ને વહેલી સવારે નીકળી વાગડ પહોંચ્યા.

ત્યાં રાણા બાવળોજ જે કુંભાર ભગત હતા તેમને ઘેર પધાર્યા. તેમને ઘેર એક રાત્ય રહ્યા. રાણા ભગતે વર્ણીને સૂવા માટે ગોદડું આપ્યું પણ વર્ણીએ તે ન લીધું ને બહાર ખુલ્લા આકાશ નીચે અને માટીના ઢગલા ઉપર જ સૂઈ ગયા. વર્ણીની તપશ્ચર્યા, તેમનો વૈરાગ્ય અને નાનકડી ઉંમર તથા મુખ પરની તેજસ્વિતા વગેરેથી રાણા ભગતને ભગવાનપણાનો ભાવ જાગ્યો હતો.

વર્ણી તો સવારે ઊઠી ચાલી નીકળ્યા. ખરડ ને ઝિંઝરના પાદરમાંથી પસાર થઈ ભીમનાથ પહોંચી ગયા. અહીંની લીલકા નદીમાં સ્નાન કર્યું. ત્યાં સદાવ્રત ચાલતું હતું. ત્યાં જઈ સદાવ્રતમાંથી થોડું જમી સદાવ્રત આપનારનું રૂડું તથા પૂરું કરવાના સંકલ્પ કરી ત્યાંથી નીકળીને બાજુમાં જ આવેલ પોલારપુર ગામે પધાર્યા.

વર્ણી સ્વઇચ્છાએ જ ગામમાં પધાર્યા. તે દિવસે જેઠા બનાણી જે કણબી હતા તેની માતાનું કારજ હતું. તે જેઠા બનાણીને વર્ણીનો યોગ થયો. તેમણે વર્ણીને મોટા તપસ્વી-યોગી જાણ્યા ને તેમને થયું કે માતાના કારજમાં બધાય ગ્રામજનો તથા સગાં-સ્નેહીજનોને જમાડ્યાં પણ જો આ તપસ્વી વર્ણીને જમાડ્યા હોય તો મારી માતાનું જરૂર રૂડું થશે. તેથી વર્ણીને કારજની સુખડી લાવીને જમવા આપી.

વર્ણી તળાવ પર જઈ કૂવામાંથી પાણી સિંચી ખીજડાના વૃક્ષ નીચે સુખડી જમ્યા. પછી પાણી પીધું ને વધેલું પાણી પ્રસાદીનું કરી પાછું કૂવામાં નાખ્યું ને

સંકલ્પ કર્યો જે, જે આ કૂવાનું પાણી પીશે તેનું અંતઃકરણ નિર્મળ થશે, અમારો સત્સંગ થશે ને અમારા સર્વોપરી સ્વરૂપને ઓળખી અમારા સુખને પામશે. પછી વર્ણી ગામને વિષે પધાર્યા.

ગામના ચોરા પાસે જ જેઠા બનાણીનું ઘર હતું. તેમના ઘરની બહાર મોટો ઓટલો હતો તે પર જઈને બિરાજ્યા. થોડી વારે ઘરની બાઈ બહાર આવી ને વર્ણીને કીધું કે, "તમે અહીં સામે ચોરામાં બેસો."

વર્ણીએ જવાબ આપ્યો કે, "ચોરામાં તો બાઈ-ભાઈ ભેગાં થાય, ત્યાં અમને ફાવે નહીં. અમને અહીં બેસવું જ ઠીક રહેશે." તે બાઈને થયું કે કાંઈ વાંધો નહીં. ભલે ને બહાર ઓટલા ઉપર બેઠા.

સંધ્યા સમયે સીમમાંથી ઢોર ઘરે આવવા માંડ્યાં. એટલે વર્ણી એ ઘરની ઝાંપલી ખોલી ઘરના ફળિયામાં આવીને બિરાજી ગયા. પેલી બાઈએ વર્ણીને ફળિયામાં બેઠેલા જોયા એટલે બોલી, "બ્રહ્મચારી ! બહાર ઓટલા ઉપરથી કેમ ઘરના ફળિયામાં પેઠા ?" વર્ણીએ કહ્યું, "બહાર ઢોરાં આવતાં હતાં તે હેરાન ન કરે તેટલા માટે અંદર આવ્યા છીએ." ત્યારે તે બાઈએ કહ્યું, "સારું, પણ હવે ત્યાં જ બેસી રહેજો."

થોડી વારે સંધ્યા ઢળી ચૂકી એટલે વર્ણી ફળિયામાંથી ઊઠી મકાનની ઓસરીમાં ખૂણામાં બેસીને ધ્યાન કરવા બિરાજી ગયા. બાઈએ બ્રહ્મચારીને ફળિયામાં ન જોયા. તેણે તપાસ કરી તો વર્ણીને ઘરની ઓસરીના ખૂણામાં ધ્યાન કરતા બેઠા જોયા. તે જોઈ બાઈ તાડૂકી, "એલ્યા બ્રહ્મચારી ! તું કેવો છે ? તને બહાર બેસવાની હા પાડી તો અંદર ફળિયામાં પેઠો ને ફળિયામાં બેસવાનું કહ્યું તો તું છેક અંદર ઓસરીમાં આવીને બેઠો ! તને કાંઈ લાજ-શરમ જેવું છે કે નહીં ?"

વર્ણીએ તો મનમાં મરક્યા કર્યું ને પછી બોલ્યા, "બાઈ ! ફળિયામાં કૂતરાં રખડતાં હોય તે અમને અડ અડ કરે તે ન ફાવે. તેથી અહીં ઓસરીમાં બેઠો છું." બાઈએ કહ્યું, "પણ તને કોણે અહીં બેસવાનું કીધું હતું ? પૂછ્યા વગર જ પેસી ગયો ?"

વર્ણીએ કહ્યું, "હવે મારે આજની રાત્ય જ કાઢવી છે. સવારે તો હું ચાલ્યો જઈશ." વર્ણી કહેવા માગતા હતા કે, 'બાઈ ! તને આજની રાત્યની જ સેવાના અવસરની તક છે. અમારા સ્વરૂપને ઓળખવાની ક્ષણ છે. પછી તમે ગમે તેટલું રોકશો તોપણ હું રોકાવાનો નથી. માટે કૃપા કરી છે તેને સાચવી લે ને !' બાઈને આ સર્વોપરી ભગવાનની ક્યાં ઓળખાણ હતી ? વર્ણીએ પોતાના સ્વરૂપની ઓળખ

આપવા લીલા કરી.

સાંજે ઘરના બધા જમીને ફળિયામાં સૂતા હતા ને તે બાઈ મહેમાનો સાથે વાતો કરવા વળગી હતી. વર્ણીએ ઊભા થઈ તે બાઈ પાસે આવીને કહ્યું, ‘‘બાઈ ! તમે બધાએ જમી લીધું ને અમારો વિચારેય ન કર્યો ? મને પણ ભૂખ લાગી છે !! કાંઈક જમવાનું હોય તો આપો.’’

અનંત અનાદિમુક્તોને અત્યુત્તમ સુખમાં ગરકાવ કરનાર વર્ણી આજે લાચારી દર્શાવી બાઈ પાસે એક ટંકનું જમવાનું માગી રહ્યા હતા. શું કામ ? તે બાઈનું પૂરું કરવા જ !! તે બાઈ બોલી, ‘‘બ્રહ્મચારી ! અમે બધાએ તો જમી લીધું છે. ને વાસણો પણ ઊટકીને ઊંધાં પાડી દીધાં છે. હવે રસોડામાં જમવાનું કશું બચ્યું નથી. તારે જમવું હતું તો વહેલા બોલવું હતું ને ? હવે રહી રહીને બધું પતી ગયું પછી ખાવાનું માગવા આવ્યો ? હવે ભૂખ્યો સૂઈ જા. સવારે જમવાનું થશે તો આપીશ.’’

નીલકંઠ વર્ણી બોલ્યા, ‘‘પણ બાઈ ! ભૂખ્યા તો શે ઊંઘ આવે ? ને ભૂખ્યા આખી રાત્ય શે વીતે ? માટે તમે જુઓ હાંડલામાં થોડીક ખીચડી બચી હશે. તે મને આપો.’’

બાઈએ કહ્યું, ‘‘હાંડલું ઊટકીને ઊંધું વાળીને આવી છું. એમાં કાંઈ નથી.’’ વર્ણીએ તોપણ બાઈ પર આગ્રહ રાખ્યો એટલે બાઈ ખિજાણી ને કહ્યું, ‘‘લે જો, ઊભો રહે હું હાંડલું લાવું ને ખાલી હાંડલું તારા માથા પર ફોડું.’’ એમ કહી બાઈ રસોડામાં ગઈ. બાઈએ જોયું કે હાંડલું તો ઊંધું વાળીને ગઈ હતી પણ તે સીધું પડેલું ને ખીચડીથી અડધું ભરેલું જોયું.

બાઈ વિચારમાં પડી ગઈ. તેને થયું... આ બ્રહ્મચારી કોઈ ચમત્કારી લાગે છે. વર્ણી પ્રત્યેનો તેનો ભાવ હવે બદલાઈ ગયો. તેણે પ્રેમથી ખીચડી લઈ આવીને બ્રહ્મચારીને જમવા માટે આપી, ને પછી ઘીની વાઢી લઈ આવી ઝાઝું ઘી નાખ્યું. ત્યાં વર્ણી બોલ્યા, ‘‘બાઈ ! અમને ખીચડી સાથે દૂધ જોઈએ... માટે દૂધ લાવો.’’

બાઈએ કહ્યું, ‘‘દૂધ હતું તે મેળવી દીધું છે. હવે દૂધ બચ્યું નથી.’’ વર્ણીએ કહ્યું, ‘‘તો તાજું દૂધ દોહીને લાવો.’’ બાઈએ કહ્યું, ‘‘પણ ભેંસ તો હવે સવારે દોહવા દેશે. હમણાં જ ભેંસને દોહી છે તે ફરીથી દૂધ આપશે નહીં.’’

વર્ણીએ કહ્યું, ‘‘લાવો તમારી તાંબડી. તેને હું હાથ અડાડી આપું. પછી તે ભેંસ દોહવા દેશે.’’ ખીચડીનો ચમત્કાર જોયો હતો. તેથી બાઈને વિશ્વાસ આવ્યો. તેણે વર્ણી પાસે તાંબડી પ્રસાદીની કરાવી અને ભેંસને દોહવા બેઠી ત્યાં ભેંસે વગર દોહ્યે તાંબડી આખી ભરી આપી. ફરી બાઈ ખૂબ નવાઈ પામી ગઈ. વર્ણીને હોંશે

હોંશે તાજું દૂધ પીરસવા આવી. ત્યારે વર્ણીએ કહ્યું, “આ દૂધ ગાળીને અમને આપો.” બાઈએ કહ્યું, “ભેંસનું દૂધ ગળાય નહીં.” વર્ણીએ કહ્યું, “તમે ઉપર લૂગડા વડે કરીને ગાળીને આપશો તો જ અમે જમીશું, નહિતર જમીશું નહીં.” એમ વર્ણીએ દૂધ ગાળીને લીધું ને ખીચડી ને દૂધ અલૌકિક રીતે જમી ગયા. પછી વર્ણી તે જ ઓસરીમાં સૂઈ ગયા.

વર્ણી વહેલી સવારે કોઈને ખબર ન પડે તેમ ત્યાંથી નીકળી ગયા. સવારે ઊઠીને બાઈએ જોયું તો વર્ણી ઓસરીમાં ન મળે. બાઈને થયું આ બ્રહ્મચારી નક્કી ભગવાન હતા, પણ હું એમને વેળાસર ઓળખી ન શકી. એમણે એમની ઓળખાણ પડાવી તેમ છતાં આળસુ રહી. તેમની સેવા પણ બરાબર કરી શકી નહીં. હવે એ વર્ણી ક્યાં મળશે ?

વર્ણીનાં જેણે જેણે દર્શન કર્યાં, સેવા કરી, જ્યાં રાત્ય રોકાયા, જે જે તેમના કોઈ પણ રીતે યોગમાં આવ્યા હતા તેમને ગમે તે રીતે કરીને વર્ણી ખેંચી લાવતા હતા અને તેમના આશ્રિત કરી પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી દેતા. આ જ તો એમની આગવી વિશિષ્ટતા હતી ને આજે પણ છે જ.

આ બાઈને મહાપ્રભુએ સમય આવ્યે સત્સંગમાં ખેંચી લીધાં હતાં.

વર્ષો પછી શ્રીજીમહારાજે લોયામાં શાકોત્સવ કરેલો ત્યારે તે બાઈ ત્યાં શાકોત્સવમાં આવેલા. તે બાઈ તો મહારાજને ન ઓળખી શકી. પણ મહારાજ તે બાઈને તુરત ઓળખી ગયા.

મહારાજે તેમને પૂછ્યું, “ડોસીમા ! તમે મને ઓળખો છો ?” ત્યારે તેમણે કહ્યું, “ના, હું તમને ઓળખતી નથી. પણ જો તમે કાંઈ અણસાર આપો તો ઓળખું.”

મહારાજે કહ્યું, “તમારે ઘેર પોલારપુર આવીને ખીચડી ને દૂધ રાત્રે જમ્યા હતા તે જ અમે છીએ.” ત્યારે ડોસીમાને આનંદનો પાર ન રહ્યો. તેમણે મહારાજને કહ્યું, “તમે વહેલી સવારે કીધા વગર જતા રહ્યા હતા. તે દિવસથી હું તમને શોધું છું. તે આજ તમે મને મળ્યા ખરા.” પછી તે ડોસીમાને વર્તમાન ધરાવી, કંઠી ધારણ કરાવી મહારાજનાં ખરા નિષ્ઠાવાન આશ્રિત કર્યાં.

## નીલકંઠ વર્ણી ભાવનગર, કુકડ પધાર્યા

નીલકંઠ વર્ણી બરવાળા પધાર્યા. અહીં નદીમાં એક દેરીમાં રાત્રિ વિતાવી.

બીજે દિવસે ત્યાંથી કુંડળના મારગે ન જતાં વલ્લભીપુર ગામે આવી પહોંચ્યા. અહીંથી સિહોર પહોંચ્યા. ત્યાં બ્રહ્મકુંડ પ્રસાદીભૂત કરવા સ્નાન કરવા વિચાર્યું. પરંતુ ત્યાં નર-નારીઓ સ્નાન કરતાં હતાં તેથી પાછા પધાર્યા ને દક્ષિણ બાજુ ગૌતમકુંડમાં નાહ્યા ને કુંડને પ્રસાદીભૂત કર્યો.

સિહોરમાં પાંચ દિવસ રહી ભાવનગર તરફ પધાર્યા. ભાવનગર દેવજી ભક્તની ધર્મશાળામાં રહ્યા. અહીંયાંના મહંતે વર્ણીને ઘણો આદરભાવ આપ્યો. વર્ણીની અલૌકિક મૂર્તિમાં એમની વૃત્તિનું જોડાણ થયું. તેથી વર્ણીને રોકીને જમાડ્યા. વર્ણીની સાધુતા તથા વિનમ્રતા જોઈ મહંતે કહ્યું, "જો તમે અહીં રહો તો આ સ્થાનના મહંત તમને કરું."

વર્ણી તો નિઃસ્પૃહી હતા. તેમને એવી ક્યાં કોઈ ખ્વાહિશ હતી. તેથી તેમણે ઇન્કાર કર્યો. પણ તે મહંતનો વર્ણી પ્રત્યેનો ભાવ જોઈને તેમને રાજીપો આપવા સારુ ત્રણ રાત્રિરોકાણ કર્યું. પછી ત્યાંથી નકલંગના યાત્રાળુને દર્શન આપી પગપાળા કુકડ ગામે પધાર્યા.

ગામ વચ્ચેથી વર્ણી ગામધણી ભગવાનસિંહ દરબારની ડેલી પાસેથી પસાર થયા. એ વખતે દરબાર ભગવાનસિંહજી તથા તેમના કામદાર ખોજા જીવા ઠક્કર ડેલીએ બેઠા હતા. વર્ણીએ તો ત્યાં જ ઊભા રહી બંનેને પોતાનાં દર્શન આપ્યાં. ત્યારે વર્ણીની અલૌકિકતા જોઈ દરબારે પૂછ્યું, "વર્ણીરાજ ! ક્યાંથી આવો છો ? શું નામ છે ? શું કામ આવ્યા છો ?" ત્યારે વર્ણીએ એમની મસ્તીમાં જ જવાબ આપ્યો, "અમે અનિર્દેશથી આવીએ છીએ, અમે બ્રહ્મ છીએ અને અનેક મુમુક્ષુને અમારાં દર્શન-સ્પર્શ-સેવાનો યોગ થાય તેથી વિચરીએ છીએ."

"ગયા કુકડ ત્યાંથી કૃપાળ, હતા ભગવાનસિંહ ભૂપાળ;
ખોજા જીવો ઠક્કર કામદાર, બેઠા બંને તે ડેલી મોઝાર.
ઊભા ત્યાં જઈ શ્રી ઘનશ્યામ, પૂછ્યું નરપતિએ નામ ઠામ;
કહે હરિ ફરતા અમે છૈયે, અનિર્દેશ વિષે અમે રહિયે."[૧૨]

એટલું કહી ત્યાંથી ચાલ્યા ગયા. દરબારને વર્ણીના ઉત્તરમાં બહુ ગમ પડી નહીં. પણ તેમના કામદાર ચતુર હતા. તેમણે દરબારને કહ્યું, "દરબાર ! આ વર્ણી કોઈ સામાન્ય સાધુ-વૈરાગી જેવા નથી લાગતા. એમની ખુમારી, એમની અલમસ્તાઈ ને બેફિકરાઈભર્યો ઉત્તર એ સામાન્ય વ્યક્તિમાં ન જણાય. નક્કી કોઈ મોટા યોગી-

---

**૧૨.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૯

તપસ્વી મહાપુરુષ છે. આપણે તેમને આદર આપી રોકવા જોઈએ.'' દરબારને જીવા ઠક્કરની વાતમાં સચ્ચાઈ લાગી તેથી બંને જણ વર્ણીની પાછળ તેમને લેવા ગયા.

નીલકંઠ વર્ણી તો થોડે દૂર નદીકાંઠે આંબાના વૃક્ષ નીચે વિરાજમાન થયા હતા. ત્યાં ભગવાનસિંહજી દરબાર તથા જીવા ઠક્કર પહોંચી ગયા. વર્ણીના ચરણમાં પડી વંદન કર્યા. ભગવાનસિંહજીએ પ્રાર્થના કરી કહ્યું, ''વર્ણી ! આપ કોઈ અલૌકિક મૂર્તિ છો. આપ અમારા ગામથી એમ ને એમ નીકળી જાવ, અમને સેવાનો યોગ પણ ન મળે, અમારું અન્ન પણ જો તમે ન જમો તો અમારા માટે લાંછનરૂપ ગણાય. આપ મારા દરબારમાં પધારો, ત્યાં રહો ને અમારું અન્નજળ સ્વીકારો તેમજ આપના સ્વરૂપની યથાર્થ ઓળખ આપો.''

વર્ણીએ કહ્યું, ''દરબાર ! અમે આગળ જવા પ્રયાણ કરી દીધું છે. તેથી પાછા આવવાનું મુશ્કેલ છે. પણ તમારો પ્રેમ-ભાવના છે તેથી આપનું અન્નજળ ગ્રહણ કરીશું. આપ અહીં જ સીધું-સામાન લાવી આપો. અમે અહીં જ રસોઈ કરી જમીશું.'' દરબાર ભગવાનસિંહજીએ સીધું-સામાન મગાવી વર્ણીને આપ્યું. વર્ણીએ રસોઈ બનાવીને ગ્રહણ કરી. દિવ્યાતિદિવ્ય સ્વરૂપને રસોઈ જમાડી હતી. તેથી દરબાર ભગવાનસિંહજી તથા ઠક્કર જીવા કામદારનું અંતઃકરણ પવિત્ર થયું, મન નિર્મળ થયું.

"જીવો ઠક્કર એવા પ્રધાન, જેણે આપ્યું નરેશને જ્ઞાન;
પેટે અન્ન પ્રસાદીનું ગયું, બીજબળ તેનું અદ્‌ભુત થયું."[૧૩]

વર્ણીએ તેમને પણ પોતાના સંકલ્પના પાત્ર કરવાનો સંકલ્પ કરી આશિષ આપી ત્યાંથી વિદાય લીધી.

આ કુકડ ગામના ગામધણી ભગવાનસિંહજીને એક ચારણનો ભેટો થઈ ગયેલો. તે ચારણ સત્સંગનો દ્વેષી હતો. શ્રીજીમહારાજ પર એને વેરબુદ્ધિ થયેલી. આ ભગવાનસિંહજી સાથે મિત્રતા થતાં તેમને પણ મહારાજ પ્રત્યે આડું-અવળું બોલી દ્વેષ કરાવી દીધો. તેથી ભગવાનસિંહજી પણ મહારાજના વેરી થઈ ગયા. આ હતો કુસંગનો પ્રભાવ. આ પછી તે ચારણ રોજ સવાર પડે ને મહારાજને એકસો ગાળો દેતા. તે સાંભળીને આ દરબાર પણ હસતા ને તેની હામાં હા પુરાવતા. પછી બંને હોકા, અફીણનો કેફ કરતા.

---

**૧૩.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૯

ચારણ આસુરી મતિવાળો થયો હતો. તેના સંગે દરબારને પણ એવો જ રંગ લાગ્યો હતો. નીલકંઠ વર્ણી રૂપે મહારાજ તેનું અન્ન જમ્યા હતા ને વર્ણીના આશીર્વાદરૂપી સંકલ્પમાં આવી ગયા હતા. શ્રીજીમહારાજે આટલી અલ્પ સેવા કરેલી તેથી તેનું ભૂંડું ન થાય તે માટે સાચવી લીધા. દરબાર રાત્રિએ પલંગ પર સૂતા હતા ને મહારાજે દર્શન આપ્યાં. સુંદર વસ્ત્ર-અલંકારે શોભતા મહારાજનાં દર્શન થયાં. હાથમાં સોટી પણ ધારણ કરી હતી. મહારાજે થોડું કરડું મુખ કરી સોટી ઉગામી કહ્યું, ''દરબાર ! અમે તમારું શું બગાડ્યું છે ? તમે કેમ રોજ પેલા ચારણ પાસે અમને ગાળ્યું દેવરાવો છો ? તેના પાપની તમને ખબર છે ? તે પાપના ફળ રૂપે જમપુરીમાં જવું પડશે. માટે હવે જો એવું કામ કરશો કે કરાવશો તો નક્કી તમારો કાળ આવ્યો માનજો.''

ભગવાનસિંહજી દરબાર મહારાજનાં વચન સાંભળી થરથરી ગયા. પોતે બહુ મોટી ભૂલ કરી છે તેનો ખ્યાલ આવી ગયો. તે મહારાજને કરગરી પડ્યા ને માફી માગતાં કહ્યું, ''મહારાજ ! હવેથી આપનો ખરો આશ્રિત થઈ આપ જેમ કહેશો તેમ કરીશ.'' મહારાજે તેમને વર્તમાન ધરાવીને દારૂ-માંસ, હોકો, અફીણ વગેરે વ્યસન છોડાવ્યાં ને પોતાના આશ્રિત કર્યા.

ભગવાનસિંહજી દરબાર સવારે ઊઠી ગયા. એ જ સમયે નિત્યક્રમ પ્રમાણે અસુર મતિવાળો દ્વેષી ચારણ આવી મહારાજને ગાળો ભાંડવા માંડ્યો. એ વખતે દરબારે ચારણને રોક્યો ને રાત્રે બનેલી હકીકત કહી. વળી, ચારણને પણ સમજાવ્યો કે, ''શ્રીજીમહારાજ સાક્ષાત્ ભગવાન છે. તેમની સાથે વેર રાખવાથી આપણું બૂરું થશે. કદી સુખી થવાશે નહીં. અને આજથી હવે હું એમનો પાકો આશ્રિત થયો છું. માટે તેમના વિષે તું સહેજ પણ હલકું બોલીશ તો તને કાઢી મૂકીશ.'' અને પછી મહારાજનો મહિમા પણ કહ્યો તો તે ચારણની પણ મતિ ફરી ગઈ.

તેમણે દરબારને કહ્યું, ''ચાલો, આપણે ગઢપુર જઈ વર્તમાન ધરાવીએ. મેં કરેલા અપરાધને માફ કરાવી, હું પણ તેમનો આશ્રિત થઉં.'' બંને જણા ઘોડા ઉપર સવાર થઈ ગઢપુર આવ્યા. સાથે આવેલ દરબારના કારભારી જીવા ઠક્કર હતા અને તેમના સંબંધી લાધા ઠક્કર હતા કે જેઓ ગઢપુર રહેતા હતા તેથી તેમને ઘેર બંને ઊતર્યા.

બીજે દિવસે મહારાજ પાસે દર્શન કરવા ગયા. મહારાજે તેમનો આદર-સત્કાર કર્યો. પણ બંનેએ મહારાજને ઉપલક દૃષ્ટિએ જ જોયા હતા. તેથી દિવ્યભાવને બદલે મનુષ્યભાવ આવ્યો. તેમણે વિચાર્યું, ''આ તો આપણા જેવા મનુષ્ય જ છે.''

અને આવું વિચારી ત્યાંથી પાછા વળી લાધા ઠક્કરને ઘરે આવ્યા. ને તેમને જવાનું કહી જવા તૈયાર થયા. લાધા ઠક્કરે કહ્યું, ‘‘દરબાર ! એમ જલદી આવીને જતું ન રહેવાય. થોડા દિવસ રોકાવ. સત્સંગ-સમાગમનો લાભ લઈ પછી જજો.’’ પરંતુ બંનેએ જવાનું નક્કી કરી લીધું હતું.

લાધા ઠક્કરે કહ્યું, ‘‘તમે ભલે જાવ, પણ મહારાજને મળીને રજા લઈને પછી જજો.’’ બંનેએ કહ્યું, ‘‘સારું, મહારાજની રજા લઈને જઈશું.’’ બંને મહારાજની રજા લેવા ગયા ત્યારે દરબાર ભગવાનસિંહજીને વિચાર આવ્યો કે, ‘‘હું દર્શન કરવા જઉં ત્યારે મહારાજ મને જમણો હાથ ઝાલી અહીં બેસો એમ કહીને બેસારે અને આવી અંતર્યામીપણે વાત કરે તો મારે એમને ભગવાન જાણવા.’’ ત્યારે ચારણે કહ્યું, ‘‘હજી બીજો પણ કંઈક સંકલ્પ કરો.’’ દરબારે કહ્યું, ‘‘જો મને હાર પહેરાવે તથા ત્રીજો સંકલ્પ કે, જો બે-ત્રણ રાત્ય રોકાવાનું કહે તો એમને ભગવાન જાણવા. ને જીવસત્તાએ તેમનો સ્વીકાર કરી લેવો.’’ એવું નક્કી કરી મહારાજ બિરાજતા હતા ત્યાં સભામાં ગયા.

મહારાજે કેવળ કૃપા કરી તેમના મનોરથ પૂર્ણ કરવા દરબારનો જમણો હાથ પકડીને કહ્યું, ‘‘અહીં બેસો.’’ મહારાજનું અંતર્યામીપણું જોઈ દરબાર રાજી થયા. પણ ત્યાં હાર હાજર નહોતો. ચારણને થયું હાર તો છે નહિ, તો દરબારને પહેરાવશે ક્યાંથી ? માટે બીજો સંકલ્પ પૂર્ણ થશે નહીં. પણ ત્યાં તો મહારાજ કોણ જાણે ક્યાંથી હાર લાવ્યા તે ખબર ન પડી. પણ એમણે હાથમાં હાર લઈ તે દરબારને પહેરાવી દીધો. બે સંકલ્પ મહારાજે અંતર્યામીપણે પૂરા કર્યા. તેથી ભગવાનપણાનો નિશ્ચય દૃઢ થયો. પછી બંને જણાએ જવાની રજા માગી ત્યારે ત્રીજો સંકલ્પ પૂર્ણ કરતાં મહારાજે કહ્યું, ‘‘દરબાર ! હજુ ત્રણ રાત્ય રોકાઈ જાવ. સંતોનો સમાગમ કરીને જજો.’’ ત્રણેય સંકલ્પ મહારાજે પૂર્ણ કરી દીધા હતા. તેથી દરબારને અતિશે આનંદ થયો. તેમને હવે મહારાજને વિષે ભગવાનપણાનો જીવસત્તાએ સ્વીકાર થયો હતો.

“તમે સર્વોપરી સરવેષ, પુરુષોત્તમ શ્રી પરમેશ;
સર્વ અવતારના અવતારી, કોટિ બ્રહ્માંડ રચના તમારી.
એવી અંતરમાં ગાંઠ વાળી, હવે નહિ ટળે કોઈની ટાળી;
મનના થયા સંકલ્પ સિદ્ધ, નથી બાકી રહ્યા કોઈ વિધ.”[૧૪]

---

**૧૪.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૨૦

ભગવાનસિંહજી બોલ્યા, ‘‘મહારાજ ! આજે આપનો નિશ્ચય આપે જ કૃપા કરી કરાવ્યો. આપ કાંઈ મનુષ્ય જેવા નથી. કોઈ સામાન્ય અવતાર પણ નથી. આપ સર્વોપરી, સર્વાવતારી, અનંતકોટિ બ્રહ્માંડના નાથ છો. હવે આપનો થયેલો નિશ્ચય કોઈ ડગાવી શકશે નહીં. મહારાજ ! હવે મને આપ વર્તમાન ધરાવી આપનો આશ્રિત કરો.’’ ત્યારે મહારાજે કહ્યું, ‘‘તમને તો અમે વર્તમાન ધરાવી દીધાં છે.’’ દરબારે કહ્યું, ‘‘મહારાજ ! તમે સ્વપ્નમાં વર્તમાન ધરાવ્યાં હતાં એ વાત સાચી. પરંતુ આપ અત્યારે પ્રત્યક્ષ છો. તો ફરી વર્તમાન ધરાવો.’’

મહારાજે રાજી થઈ ફરી વર્તમાન ધરાવ્યાં ને દરબાર શ્રીજીમહારાજનો પાકો નિશ્ચય કરી પાકા સત્સંગી થયા. મહારાજ દરબાર પર ખૂબ રાજી થયા ને કહ્યું, ‘‘તમે અમારી પાસે કાંઈક માગો.’’ દરબારે એ જ માગ્યું, ‘‘મહારાજ ! તમારો સર્વોપરી નિશ્ચય સદા અચળ રહે એવું વરદાન આપો.’’ મહારાજ આ સાંભળી ખૂબ રાજી થયા. ફરી બીજું વરદાન માગવાનું કહ્યું, ત્યારે પણ એમણે સર્વોપરી અવિચળ નિશ્ચય જ માગ્યો. ત્રીજી વાર રાજી થઈને માગવાનું કહ્યું ત્યારે ત્રીજી વખત પણ એ જ માંગ્યું. એક અવિચળ નિષ્ઠા જ માગી...

“તમે પુરુષોત્તમ પરમેશ, તેમાં સંશય થાય ન લેશ;
એ જ માગું મુખે વરદાન, ભકત જાણી આપો ભગવાન.
માગો માગો બીજું વળી કાંઈ, એમ શામ બોલ્યા સુખદાઈ;
મને નિશ્ચયે તમારો ન જાય, એ જ માંગ્યું બીજી વાર રાય.
માગો હરિએ કહ્યું ત્રીજી વાર, તોય એ જ કર્યો ત્યાં ઉચ્ચાર;
સુણી બોલ્યા ઈશના ઈશ, ધન્ય ધન્ય તમે ધરણીશ.”[૧૫]

ત્યારે મહારાજ અતિશે રાજી થયા ને કહ્યું, ‘‘જેને અમારો આવો સર્વોપરી અવિચળ નિશ્ચય છે એ જ અમારા સંબંધવાળો છે ને એ જ પાકો ભક્ત છે, ને એવા ભક્ત આજે આ ભગવાનસિંહજી છે.’’

પછી રાજી થકા મહારાજ બોલ્યા, ‘‘ભગવાનસિંહજી ! તમારા આવા નિશ્ચયના પ્રતાપે તમારા તાતને અમે બ્રહ્મમહોલને વિષે અમારી મૂર્તિના સુખભોક્તા કર્યા છે. જો તે જોવા હોય તો તમને સમાધિ કરી દેખાડું.’’ એટલે દરબારે કહ્યું, ‘‘મહારાજ ! તમારી વાત સત્ય છે. તમે જે કહ્યું એમ જ છે. અને એમાં હું નિઃસંશય છું. મારે લગીરે સમાધિ કરીને જોવાની ઇચ્છા નથી.’’ આવું અતિ આશ્ચર્ય જોઈ

**૧૫.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૨૦

સાથે રહેલા ચારણે કહ્યું, "મહારાજ ! મને પણ વર્તમાન ધરાવો ને તમારો આવો સર્વોપરી નિશ્ચય કરાવો." મહારાજે કહ્યું, "તમારો જીવ જુદો છે. તમારી પાત્રતા જુદી છે. આવો નિશ્ચય થાવો એ તો સહેલો નથી. તેમ છતાં તમને અમારો યોગ થયો છે તેનું ફળ જરૂર મળશે ને સમય આવ્યે તમને પણ અમારો આવો અવિચળ નિશ્ચય થશે."

સર્વોપરી નિશ્ચયવાળા હરિભક્ત ઉપર મહારાજનો કેટલો બધો રાજીપો થાય છે ને આવી નિષ્ઠાવાળા હરિભક્તનું કેટલું બધું મૂલ્ય છે ! અને બધાયને આવો સર્વોપરી નિશ્ચય થતો પણ નથી. જેને મહારાજ કેવળ કૃપા કરીને કરાવે તેને જ થાય છે. એ મહારાજે આ ચરિત્ર દ્વારા દર્શાવી દીધું.

## દિહોરના મૂળજી ભક્ત

નીલકંઠ વર્ણી કુકડથી ચાલી દિહોર ગામે પધાર્યા. ગામના ચોરામાં જઈને ઊતર્યા. નવા આગંતુકે ગામમાં કુતૂહલ સર્જ્યું. તેથી ઘણાક લોકો વર્ણીનાં દર્શન કરવા ચોરા પર આવ્યા. વર્ણીના અનોખા વ્યક્તિત્વથી અન્ય વૈરાગીઓ કરતાં તે જુદા પડી જતા હતા. વર્ણીના સ્વરૂપમાં દિવ્ય મોહકતા હતી. સહુને પ્રથમ દૃષ્ટિએ જ વર્ણી પ્રત્યે પ્રેમ ઊભરાતો. ભેગા થયેલા લોકોને વર્ણીએ થોડાં ઉપદેશનાં વચનો કહ્યાં. પછી સહુ લોકો વિખરાઈ ગયા. પણ કોઈએ વર્ણીને રહેવાનું તથા જમવાનું પૂછ્યું નહીં.

ચોરાની સામે બાળક મૂળજી ભાવસારની દુકાન હતી. મૂળજીએ તથા તેની માએ વર્ણીનાં દર્શન કર્યાં હતાં. બંને પૂર્વના સંસ્કારી જીવ હતા. મૂળજીની માને વર્ણીમાં વિશેષ સ્નેહ થયો. તેમણે મૂળજીને વર્ણી પાસે મોકલી જમવાનું કેમનું છે તે પૂછી આવવા કહ્યું.

મૂળજી વિનયી ને વિવેકી હતો. તેની માના સંસ્કાર તેનામાં ઊતર્યા હતા. તેણે વર્ણી પાસે જઈ દંડવત-દર્શન કરી રસોઈનું પૂછ્યું. વર્ણીએ હસીને કહ્યું, જાણે મર્મ કહેતા હતા કે, 'તમારી સેવા માટે તો અહીં ગામના ચોરા પર આવ્યો છું. બાકી અમે ક્યાં વસ્તીમાં જઈએ છીએ ?' વર્ણીએ સીધું-સામાન માટે હા કહી. મૂળજીએ તેની માને કહ્યું, "વર્ણી આપણી રસોઈ જમશે માટે સીધું-સામાન લાવો, હું આપી આવું." મૂળજીની માએ ભાવથી સીધું-સામાન તૈયાર કર્યું ને વર્ણીને મોકલ્યું. કૂવેથી પાણીનું બેડું ભરીને લાવી આપ્યું. વર્ણીએ રસોઈ તૈયાર કરી ને પોતે જમ્યા ને

પ્રસાદી મૂળજીને આપી. તે મૂળજી ઘરે લઈ ગયા. ઘરે જઈ મૂળજી અને તેની માતા બંને જમ્યાં. વર્ણીની આ નિર્ગુણ ને દિવ્ય પ્રસાદી હતી. તે જમતાં જ બંનેના અંતરમાં વર્ણી પ્રત્યે દિવ્યભાવ થયો. વર્ણીમાં પ્રભુપણાના અંકુરો ફૂટ્યા.

પછીથી મૂળજી સત્સંગી થયો. તે જ્યારે ગઢપુર સમૈયા-ઉત્સવમાં જતો ત્યારે મહારાજનાં દર્શન કરતો. એ વખતે મહારાજ તેને કહેતા કે, ''આ તો અક્ષરધામનો મુક્ત છે.'' એવો રાજીપો મહારાજ દર્શાવતા.

એક વખત મૂળજી ભક્તે મહારાજ માટે કેરીઓ વેચાતી લઈ ગઢપુર જઈ મહારાજને ભેટ ધરી. મૂળજીએ કેવળ મહારાજના રાજીપા માટે સેવા કરી હતી. તેને એમ હતું કે અક્ષરધામના અધિપતિની સેવા મળે ક્યાંથી ? આપણી સેવા સ્વીકારે એ જ ઘણું અધિક છે. આવા નિષ્કામભાવથી કરેલી સેવા જોઈ મહારાજ મૂળજી ભક્ત પર પ્રસન્ન થયા. મહારાજે મૂળજીને કહ્યું, ''મારી પાસે કાંઈ વરદાન માગવું હોય તો માગ. અમે તારા પર ખૂબ રાજી થયા છીએ.'' મૂળજી ભક્તે હાથ જોડી નમ્રતાથી કહ્યું, ''મહારાજ ! જ્યાં સુધી આ કેરીઓ રહે ત્યાં સુધી આપ નિત્ય જમાડો અને જેવા આજ આપ કેરી જમાડી પ્રસન્ન થાવ છો તેવા નિત્ય કેરી જમાડતાં મારી પર પ્રસન્નતા વરસાવજો. એમ મારી ઇચ્છા છે.'' મહારાજ તેની નિત્ય એક કેરી જમાડતા ને મૂળજીને યાદ કરી રાજીપો વરસાવતા હતા.

ભક્તનો નિષ્કામભાવ જોઈ, રાજીપાની ત્વરા જોઈ અક્ષરધામના અધિપતિ ફક્ત એક કેરી જમીને પણ પ્રસન્ન થતા હતા. કેરીની કિંમત શું ? શું સારી કેરીથી મહારાજ રાજી થાય ? મહારાજની સેવા કરવા પાછળનો નિષ્કામભાવ ને બસ એક રાજી કરવાની ભૂખ જોઈને મહારાજ રાજી થતા હતા. અને એ મૂળજી ભક્તને મહારાજને રાજી કરતા આવડતું હતું. ભક્ત ભગવાનને, પોતાના ઈષ્ટદેવને રાજી કરી શકે; મળેલા સત્પુરુષને રાજી કરી શકે એ જ એનું ખરું ભક્તપણું છે.

દિહોરમાં વણકરોનું વણાટકામ વખણાતું. તેઓના બનાવેલા ચોફાળ વખણાતા. મૂળજી ભક્તે તેમને કહ્યું, ''મારે શ્રીજીમહારાજ જે મારા ઈષ્ટદેવ છે તેમને માટે ચોફાળ બનાવડાવવો છે. તો તમે એક સુંદર ચોફાળ બનાવી આપો. ને તેમાં સોનેરી તારના છેડા કરજો. તમે તમારો બધો કસબ આ ચોફાળ બનાવવામાં વાપરજો. તમે જે માગશો એથી વધુ કિંમત આપીશ.''

વણકરોએ સુંદર ચોફાળ બનાવી આપ્યો. મૂળજી ભક્તે રાજી થઈ માગ્યા તેથી અધિક રૂપિયા આપ્યા અને ચોફાળ લઈ ગઢપુર આવ્યા. મહારાજનું પૂજન કરી સુંદર ચોફાળ ઓઢાડ્યો. ચોફાળનું સુંદર વણાટકામ, કારીગરી ને તેમાં કંચનના

કસબ જોઈ સૌને આશ્ચર્ય થયું. મૂળજી ભક્તનો આવો પોતાના પ્રત્યેનો પ્રેમ તેમજ સેવામાં રહેલો નિષ્કામભાવ જોઈ મહારાજ ખૂબ પ્રસન્ન થયા.

મૂળજી ભક્તને મહારાજનાં તેજોમય દર્શન થયાં. શીતળ-શાંત તેજની રાશિમાં મહારાજની સુખમય મૂર્તિમાં મૂળજી ગુલતાન થઈ ગયા. એમ મહારાજે પોતાનો દિવ્યભાવ (પરભાવ) દેખાડ્યો. થોડી વાર પછી પાછા દેહભાવમાં (અવરભાવમાં) લાવ્યા.

અક્ષરધામના અધિપતિ પ્રસન્ન રહે એથી વિશેષ આનંદ ભક્તના જીવનમાં કયો હોઈ શકે? પ્રભુની પ્રસન્નતા એ ભક્તની મૂડી છે, મિલકત છે. આ મિલકતના માલિક થતા મૂળજી ભક્તને આવડ્યું હતું. આપણને જો આવું આવડે તો જ આપણે એમના ખરા ભક્ત કહેવાઈએ.

## અમ જેવા જોગી નહિ મળે

“દીન દયાળ દિયોરથી, ચાલી ગયા લાકડિયે ગામ;
ચૌટાવચે ત્યાં ચાલિયા, હસતે મુખે ઘનશ્યામ.”[૧૬]

નીલકંઠ વર્ણી દિહોરના મૂળજી ભક્તની સેવા અંગીકાર કરી ચાલીને લાકડિયા ગામ પધાર્યા. ગામની મુખ્ય બજારમાં વર્ણી ચાલતા હતા. વચ્ચે હરજી ઠક્કરના ભાઈ પ્રેમજી ઠક્કરની દુકાન હતી. ત્યાં આવીને વર્ણી ઊભા રહ્યા.

વર્ણી આજે પ્રસન્ન મુદ્રામાં હતા. વર્ણી જોગી વેષે ઊભા રહ્યા. વર્ણીની આકર્ષક મૂર્તિને પ્રેમજી ઠક્કર જોઈ જ રહ્યા. ને વર્ણી પણ તેમની સામું પ્રસન્ન મુખે જોઈ રહ્યા હતા. પ્રેમજી ઠક્કર એકધારું જોઈ રહ્યા એટલે દુકાને ઊભેલાઓ બોલ્યા, ૭‘‘પ્રેમજી ! તું શું આ જોગી સામું એકધારો તાકી રહ્યો છે ? જોગીને તારી હાટમાં બોલાવ તો ખરો ને આ તારી ઘાસની ગૂંથેલી સુંદર સાદડી તું કદી વાપરતો નથી તે સાદડી તો એમને બેસવા આપ.’’

પ્રેમજી ઠક્કરે કહ્યું, ‘‘જો કોઈ મોટા જોગી મને મળે તો આ સાદડી તેમને બેસવા આપું.’’ પ્રભુ મનુષ્ય રૂપે (અવરભાવમાં) વર્ણી વેષે હતા. પ્રેમજી વર્ણીના દિવ્યભાવને (પરભાવને) કેમ પિછાની શકે ? તેથી તે વર્ણીને મોટા જોગી તરીકે પણ ઓળખી શક્યા નહીં. વર્ણી પોતે જ પોતાના સ્વરૂપની મર્મમાં ઓળખાણ આપતાં બોલ્યા,

---

**૧૬**. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૨૨

"હસીને બોલ્યા શ્રીહરિ, જોગી જોઈ વળો સહુ ઠાર;
અમ જેવા જોગી નહિ મળે, કોટિ બ્રહ્માંડની મોઝાર."[૧૭]

"પ્રેમજી ઠક્કર ! અનંતકોટિ બ્રહ્માંડમાં જોઈ આવો, પણ તમને અમારા જેવા જોગી નહિ મળે." વર્ણી હસતાં હસતાં ત્યાંથી ચાલી નીકળ્યા ને નાના ગોપનાથ પધાર્યા.

ત્યાંથી પીપરલા પહોંચ્યા. ત્યાં એક દ્વિજ તીર્થવાસી અભ્યાગતોને નિત્ય રસોઈનું કાચું સીધું આપતા હતા. વર્ણી તેમનું રૂડું કરવા તેમનું સદાવ્રત લેવા પધાર્યા. વિપ્રે કાચું અન્ન આપ્યું. વર્ણીએ તેમની કસોટી કરવા તેમજ તેમના ભાવને જોવા તૈયાર ભોજન માગ્યું.

વિપ્રને વર્ણી કોઈ નવા જ આગંતુક લાગ્યા. તેમના સદાવ્રતે પ્રથમ વાર જ આવા બાળ જોગી આવ્યા હતા. તપથી કૃશ થયેલું શરીર, અતિ વૈરાગી તેમજ તેજસ્વી મુખકાંતિ જોઈ વિપ્રને વર્ણીમાં અહોભાવ થયો. વર્ષોથી જે સદાવ્રત આપતા હતા તેનું ફળ આપવા જ આ વર્ણી પધાર્યા હોય તેવું ભાસ્યું. વર્ણીને તૈયાર ભોજન જમાડવાના અંતરથી ભાવ જાગ્યા. વર્ણીને પ્રેમથી-ભાવથી પોતાના ઘેર લઈ ગયા. ઘરે જઈ પત્નીને કહ્યું, "આપણા ઘેર બાળ જોગીને લઈ આવ્યો છું. તેમને ગરમ ગરમ ભોજન જમાડો. તેમને માટે રોટલો બનાવી તેમાં ઘી રેડી ગૉળ સાથે જમવાનું તૈયાર કરો."

વિપ્રની નારી પણ ભક્તિભાવયુક્ત હતાં. વર્ણીનાં દર્શન કરતાં તેણે વર્ણીમાં દિવ્યતા દીઠી. પ્રેમથી વર્ણીને જમાડવા સારુ તુરત ગરમ ગરમ રોટલો કરી દીધો. તેમાં ઘણું ઘી નાખ્યું. સાથે ગૉળ આપી વર્ણીને જમાડવા બોલાવ્યા. પછી વર્ણી સ્વયં ભગવાન હતા તોપણ આ લોકની (અવરભાવની) રીત પ્રમાણે પ્રથમ ઠાકોરજીને ધરાવ્યું ને પછી જમાડવા માટે બિરાજ્યા.

વર્ણી ગરમ ગરમ રસોઈના ભૂખ્યા નહોતા. તેઓ રોટલો, ઘી ને ગૉળ જમાડતા નહોતા. પણ બંને વિપ્ર દંપતીના ભાવ ને પ્રેમને આરોગતા હતા. વર્ણી બંને સામું પોતાની કૃપાદૃષ્ટિ કરી પ્રસન્નતા જણાવતા હતા.

વર્ણીએ જ્યાં કોળિયો મુખમાં લેવા માટે મોં ખોલ્યું ત્યાં દંપતીને વર્ણીના મુખમાં અનંતકોટિ બ્રહ્માંડનાં દર્શન થયાં. આવાં દિવ્ય દર્શન નાનકડા વર્ણીમાં ભાળી બંને જણાને ખૂબ આશ્ચર્ય થયું. તેમને થયું કે વર્ણી વેષે આજે આપણને કૃતાર્થ કરવા જ આ સર્વાવતારી પ્રભુ આપણે ત્યાં પધાર્યા છે. બંને વિપ્ર દંપતીને પોતાનું જીવિતવ્ય

**૧૭**. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૨૨

આજ સાર્થક લાગ્યું. વર્ણી માત્ર જમવા નહોતા પધાર્યા પરંતુ આવા મુમુક્ષુઓને પોતાના દિવ્યાતિદિવ્ય સ્વરૂપની ઓળખાણ કરાવવી, તેમની સેવા અંગીકાર કરવી એ જ એમનો એકમાત્ર હેતુ રહેતો હતો.

વર્ણીના જમી રહ્યા પછી બંને વિપ્ર દંપતી વર્ણીને જવા દેવા માગતાં નહોતાં. વર્ણીને રોકાઈ જવા માટે ખૂબ આગ્રહ કર્યો. બે માસ સુધી રહેવાનો આગ્રહ કર્યો. વર્ણી તેમનાં પ્રેમ-ભક્તિને વશ થઈ ત્યાં વધુ બે દિવસ રોકાયા. ત્રીજે દિવસે ત્યાંથી નીકળી તળાજા પધાર્યા. ત્યાં શેત્રુંજી નદીને પાવન કરવા તેમાં સ્નાન કર્યું. ત્યાં એક વૈરાગીની જગ્યા જોઈ. એકાંત સ્થળ હતું એટલે ત્યાં જઈને વર્ણી ઊતર્યા.

એ વખતે ત્યાંના ભાવિક વણિક ત્યાં આવ્યા. વર્ણીની સૌમ્ય ને કાંતિમાન મૂર્તિથી આકર્ષિત થઈ તેમને માટે સીધું લાવી આપ્યું. વર્ણી તેની રસોઈ કરી જમ્યા ને તેમને મુમુક્ષુ જાણી આશીર્વાદ આપ્યા. તે વર્ણીના આશીર્વાદના પ્રભાવે તે વણિકને પુત્ર થયો. તેનું નામ ગંગાભાઈ પાડ્યું હતું. જે આગળ સત્સંગમાં મહારાજના મોટા ભક્ત થયા હતા. વર્ણી તે વૈરાગીની જગ્યામાં એક રાત્રિ વિતાવી સવારે ચાલતાં ચાલતાં મોટા ગોપનાથ આવી પહોંચ્યા.

## નીલકંઠ વર્ણી ગોપનાથમાં

ગોપનાથ મંદિરના મહંત નૃસિંહાનંદ બ્રહ્મચારી હતા. તેમને વર્ણીનાં દર્શનનો યોગ થયો. નૃસિંહાનંદ સાત્ત્વિક ને ભાવિક મુમુક્ષુ હતા. તેથી વર્ણીનાં દર્શનથી વર્ણીમાં સ્નેહ જાગ્યો. વર્ણીને કોઈ મોટા યોગી-તપસ્વી મહાપુરુષ જાણી આવકાર આપ્યો. વર્ણી તેમની સેવાનો સ્વીકાર કરવા ત્યાં પધાર્યા. મંદિરના મહંતે બ્રાહ્મણ પાસે રસોઈ બનાવડાવી વર્ણીને પ્રેમથી જમાડ્યા. મહંતનો ભાવ જોઈ વર્ણી તેમના પર રાજી થયા.

ભગવાન જેની પર પ્રસન્ન થાય તેને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવતા હોય છે ને જેને ભગવાનના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થાય ત્યારે સમજવું કે એમના પર મહાપ્રભુની ખૂબ પ્રસન્નતા છે. તેથી આવું તેમનું સર્વોપરી સ્વરૂપ ઓળખાયું છે.

સાંજના સમયે વર્ણી મહંતને સાથે લઈ દરિયામાં સ્નાન કરવા પધાર્યા. દરિયામાં વર્ણીએ સ્નાન કરી એ સ્થળને પ્રસાદીભૂત કર્યું. પછી થોડી વાર દરિયા તટ પર બિરાજ્યા. વર્ણીએ પોતાની ફરતે રેતીની એક વેંત પાળ કરી ને બિરાજી ગયા.

મહંતને આ વર્ણીનું ચરિત્ર સમજાયું નહીં.

તેઓએ વર્ણીને કહ્યું, "ચાલો, આપણે ગામમાં જઈએ." ત્યારે વર્ણીએ ના પાડી ને કહ્યું, "અમે તો અહીં જ રાત્રિ રહીશું. તમે થોડાં છાણાં તથા દેવતા મોકલાવો. તેને સળગાવીને અહીં જ રાત્રિભર પડ્યા રહીશું." મહંત વર્ણીની નિઃસ્પૃહતા તેમજ અલમસ્તાઈને જોઈ જ રહ્યા. તેમને થયું વર્ણીને ખબર નથી કે અહીં તે રાત્રે દરિયાની ભરતી આવશે એટલે વાંસજાળ પાણી ચડી જશે ! તેથી વર્ણીને કહ્યું, "વર્ણી અહીં તો વાંસજાળ પાણી આવશે ને ડૂબી જવાશે. અહીં રહેવું યોગ્ય નથી."

વર્ણી મહંતની સામું જોઈ હસ્યા ને કહ્યું, "તમે અમારી ચિંતા ન કરશો. અમે આવી રીતે જ વિચરણ કરતા આવ્યા છીએ." મહંતે વર્ણીના કહ્યા મુજબ છાણાં તથા દેવતા મોકલાવ્યાં. વર્ણીએ છાણામાં દેવતા મૂકી ફૂંક મારી સળગાવ્યાં ને છાણાંનો ભાઠો કર્યો ! સાંજ ઢળી ચૂકી હતી. આકાશે ચંદ્ર ખીલ્યો હતો ને દરિયામાં ભરતી આવી. પાણી ખૂબ ઊંચે સુધી ચડી ગયું. મંદિરના બ્રહ્મચારી મહંત તથા બીજા માણસો મંદિરના શિખર પર ચડી જોવા લાગ્યા કે વર્ણીનું શું થયું. નક્કી પાણીમાં તણાઈને બૂડી મર્યા હશે.

સવારે ઊઠીને બ્રહ્મચારી મહંત તથા બીજા કેટલાક માણસો સહુ ત્યાં જોવા માટે આવ્યા તો વર્ણી યથાસ્થિતિમાં પાળની અંદર જ બેઠા હતા. રેતીની પાળને પણ પાણી સ્પર્શ્યું નહોતું તો પાણી વર્ણીને ક્યાંથી સ્પર્શી શકે ? તેમજ છાણાં અને રાખનો ઢગલો પણ સાવ કોરો પડેલો હતો તે જોઈ સહુ વિસ્મય પામી ગયા.

સહુને વર્ણીને વિષે હવે મોટા જોગી-તપસ્વીપણાનો ભાવ ન રહેતાં ભગવાનપણાનો ભાવ જાગ્યો. સૌ તેમને વંદન કરવા લાગ્યા. વર્ણીએ પોતાના ભગવાનપણાની પ્રતીતિ વધુ સુદૃઢ થાય તે માટે સૌને સમાધિ કરાવી ને પોતાનું દિવ્ય તેજોમય દર્શન તેજના સમૂહને વિષે કરાવ્યું. વર્ણીનો આવો દિવ્ય પ્રભાવ જોઈ સૌને તેમને વિષે ભગવાનપણાની પ્રતીતિ દૃઢ થઈ ગઈ.

બ્રહ્મચારી મહંત વર્ણીને પોતાની જગ્યાને વિષે લઈ ગયા ને સેવા કરવાનો અવસર આપવા પાંચ દિવસ રોકાવાનો આગ્રહ કર્યો. તેથી વર્ણી પાંચ દિવસ ત્યાં રોકાયા. બ્રહ્મચારી મહંતને વર્ણીની મૂર્તિને વિષે અતિશે હેત થઈ ગયું હતું. વર્ણીને આ જગ્યા અર્પણ કરવાનું કહ્યું તેમજ "તમે જ અહીં મહંત બનીને રહો." એમ કહ્યું. વર્ણી તેમનો મહિમા તેમજ નિઃસ્વાર્થભાવ જોઈ રાજી થયા. પછી વર્ણી ત્યાંથી નીકળી ગયા.

વર્ષો પછી તે બ્રહ્મચારી મહંતને ખબર પડી કે જે વર્ણી અહીં આવ્યા હતા તે જ આ શ્રીજીમહારાજ છે ત્યારે એમણે શ્રીજીમહારાજને પધારવા માટે નિમંત્રણ આપતો કાગળ લખી માણસ મોકલ્યો. તેમાં મહારાજને પધારવા ખૂબ આગ્રહ કર્યો હતો. તે પત્ર મહારાજે સદ્. ગોપાળાનંદ સ્વામીને વંચાવ્યો પછી સંત-હરિભક્ત મંડળે સહિત મહારાજ જવા તૈયાર થયા. હરિભક્તોને ખબર પડતાં ઘણા માણસો મહારાજ સાથે આવવા તૈયાર થયા. મહારાજે જોયું કે આટલો મોટો સંઘ લઈને જવું સારું નહીં. આટલા બધા માણસોની વ્યવસ્થા, સારસંભાળ માટે ખૂબ ખર્ચ થાય તેથી તેમણે જવાનું માંડી વાળ્યું.

નૃસિંહાનંદ બ્રહ્મચારીએ જ્યારે દેહ મૂક્યો ત્યારે શ્રીજીમહારાજ તેમને રાજીપા રૂપે તેડવા અનંત મુક્તે સહિત પધાર્યા. શ્રીજીમહારાજ તથા અનંત મુક્તોનાં દર્શન કરી મહંત બહુ રાજી થયા. તેમણે મહારાજને પ્રાર્થના કરતાં પૂછ્યું, ‘‘મહારાજ ! મેં કાગળ લખ્યો ત્યારે આપ કેમ ન પધાર્યા ?’’ મહારાજે કહ્યું, ‘‘એ વખતે બહુ માણસો ભેગા થઈ ગયા એટલે તમારે ઝાઝું ખર્ચ થાય તેથી ન આવ્યા.’’ બ્રહ્મચારી મહંતે કહ્યું, ‘‘મહારાજ ! ખજાનામાં ઘણા રૂપિયા હતા. તે સઘળા તમારા ને તમારા સંતો-હરિભક્તો માટે વપરાય તો એથી રૂડું શું કહેવાય ? જો તે રૂપિયા વપરાયા હોત તો લેખે લાગ્યા કહેવાત.’’ શ્રીજીમહારાજે કહ્યું, ‘‘બ્રહ્મચારી ! કશો વાંધો નહીં. જુઓ, આજ અમે તમારો સંકલ્પ પૂરો કરવા અનંત મુક્તો સહિત પધાર્યા જ છીએ.’’ એમ કહી મહારાજે બ્રહ્મચારીના ચૈતન્યને પુરુષોત્તમરૂપ કરી પોતાની મૂર્તિના સુખમાં રાખી લીધા.

## પીતાંબર શેઠનું કષ્ટ કાપ્યું

વર્ણી ઝાંઝમેર પધાર્યા. અહીં કોઈ ભાવિક મુમુક્ષુ વિપ્ર હતા તેમને શોધી કાઢી તેમનું અન્ન ગ્રહણ કરી તેમને પોતાના સંકલ્પના પાત્ર કરી કળસાર પધાર્યા. કળસારમાં કોઈએ અન્ન કે સેવાનું પૂછ્યું નહિ ને ગામમાં રહેવા દેવામાં પણ આવ્યા નહિ તેથી વર્ણી ખળામાં જઈને રાત્ય રહ્યા.

વર્ણી માન-અપમાન પ્રત્યે સમભાવ દાખવતા. વર્ણીની જે કોઈ ભાવથી સેવા કરતા તેઓ આપોઆપ વર્ણીના અંતરનો રાજીપો પ્રાપ્ત કરી જીવનને ધન્ય કરતા. તો કેટલાક આસુરીમતિ યુક્ત જીવો એમને ન ઓળખી પોતાના જીવતરને નર્ક સમાન બનાવી દેતા. વર્ણીને કોઈને ફળ આપવા સંકલ્પ કરવો પડતો નહોતો. તેઓ કલ્પવૃક્ષ સમાન હતા. જે જેવા સંકલ્પ એમને વિષે કરતા એવું ફળ તેમને

આપોઆપ મળી જતું ! વર્ણી કળસારના રહેવાસીઓ પ્રત્યે પણ પોતાનો દિવ્ય સંકલ્પ કરી સવારે મહુવાના માર્ગે ચાલી નીકળ્યા.

રસ્તામાં કતપર ગામે માલણ નદી આવી. વર્ણી પધારવાના છે જાણી માલણને હરખ ચઢ્યો હોય તેમ બે કાંઠે વહેવા માંડી હતી. માલણના નિર્મળ જળમાં વર્ણી સ્નાન કરવા પધાર્યા. માલણ નદીના વારિને દિવ્ય સંબંધવાળું કરી નદીને તીર્થત્વ આપી કૃત્ય કરી.

વર્ણી સ્નાનાદિક કર્મથી પરવાર્યા એ જ સમયે મહુવાથી શ્રીમાળી શ્રાવક પીતાંબર શેઠ માલણ નદીએ ગાડામાં બેસી નીકળ્યા. તેઓ વસાણાંનો છૂટક વેપાર કરતા હતા. તેમનું ગાડું વસાણાંથી ભરેલું હતું. તેઓ વેપાર અર્થે આ બાજુ નીકળ્યા હતા.

પીતાંબર શેઠે નદીના કિનારે નીલકંઠ વર્ણીનાં દર્શન કર્યાં. તેમના અંતરમાં શાંતિ વ્યાપી ગઈ. વર્ણીનાં દર્શન કરતાં જ શેઠને તેમાં અલૌકિકતા ભાસી. આજ સુધી આવા બ્રહ્મચારી, આવા તપસ્વી, અતિ વૈરાગ્યવાન ને પ્રશાંત મુખાકૃતિવાળા વર્ણીનાં દર્શન પ્રથમ વાર થયાં હતાં. વર્ણીને મોટા યોગી જાણી દર્શન કરવા આવ્યા. પ્રેમથી ચરણમાં પડી વંદન કર્યાં. પછી વર્ણીને ટોપરાં-સાકર આદિક મેવા ગાડામાંથી કાઢી ભેટ મૂક્યા. વર્ણીએ તેમના ભાવથી રાજી થઈ થોડુંક અંગીકાર કરી બાકીનું પ્રસાદીનું કરી પરત આપ્યું.

વર્ણીની નિઃસ્વાર્થભાવે સેવા કરી એટલે વર્ણીએ તેમનું કષ્ટ કાપવા પૂછ્યું, ‘‘શેઠ ! ક્યાં રહેવું ને ક્યાં જાવ છો ?’’ પીતાંબર શેઠે કહ્યું, ‘‘મહુવાનો વતની છું. ને વ્યવહારે ઘણો જ દુર્બળ છું. આ વસાણું ભરી ગામોગામ વેચવા જાઉં છું. પણ દુર્બળતા ટળતી નથી.’’ વર્ણીએ કહ્યું, ‘‘આજે અમે તમારી પ્રસાદી જમી છે. પીતાંબર શેઠ ! મારું માનો તો હવે તમારે ક્યાંય ગામોગામ ફરવાની જરૂર નથી. મહુવામાં જ રહી વેપાર કરો. તમારી દુર્બળતા ટળી જશે ને ખૂબ સુખી થશો.’’

વર્ણીના વચન પ્રમાણે પીતાંબર શેઠે ગામોગામ ફરવાનું બંધ કર્યું. મહુવા પાછા ફર્યા ને મહુવામાં રહીને જ વેપાર કરવા માંડ્યો.

“રાખ્યો શ્રીહરિનો વિશ્વાસ, મહુવામાં કર્યો શેઠે વાસ;
તેથી દુર્બળતા થઈ દૂર, પામ્યા ધાન્ય ને ધન ભરપૂર,
આપ્યો શ્રીહરિને ફળાહાર, તેનું પ્રગટ્યું પુણ્ય અપાર.”[૧૮]

---

**૧૮.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૨૨

વર્ણીના રાજીપાથી થોડા જ સમયમાં વેપાર જામી પડ્યો ને ખૂબ સુખી થયા. એટલું જ નહિ, પીતાંબર શેઠને ત્રણ પુત્ર પણ થયા જે નરસિંહ, દામજી અને જેઠાભાઈ નામથી જાણીતા હતા. આ ત્રણે દીકરાએ પણ સત્સંગનો પક્ષ રાખી તેમના સગાંસંબંધીમાં સદ્. પરમાનંદ સ્વામીનો જોગ કરાવી ઘણાને સત્સંગી કર્યા હતા.

## સીમરના લોભી વણિક

મહુવામાં એક આંબલીના વૃક્ષ નીચે આવી વર્ણી બિરાજી ગયા. આંબલીના ઝાડ નીચે ઓટલા પર જ ત્રણ દિવસ સુધી રહ્યા. પ્રથમ દિવસે વૈરાગીએ સીધું આપ્યું. બીજે દિવસે એક વણિક સીધું લઈ આવ્યા ને વર્ણીને જમાડ્યા. ત્રીજે દિવસે ફૂલવણ વૈરાગીની જગ્યાએથી સીધું આવ્યું. એમ ત્રણેય દિવસ મુમુક્ષુઓની સેવાને અંગીકાર કરી તેમને પોતાના સંકલ્પમાં સમાવ્યા હતા.

વર્ણી ત્યાં માલણ નદી પર તલગાજરડાના આરે બે દિવસ સ્નાન કરી તે ક્ષેત્રને તીર્થત્વ બક્ષી મહુવાથી નીકળ્યા. વર્ણી ડોળિયા ગામે વિપ્ર વિઠ્ઠલને ઘેર જમ્યા. ત્યાંથી રાજપટવા ગામની પૂર્વ તરફના તળાવ પાસે રોહણના ઝાડ નીચે થોડી વાર વિશ્રામ લઈ ત્યાંથી ચાંચવે ગામ પધાર્યા. અહીં પણ ગામના તળાવ પરના રૂખડાના વૃક્ષ નીચે થોડી વાર વિશ્રામ કર્યો. વર્ણીના યોગમાં કોઈ મુમુક્ષુ આવે તો મુમુક્ષુ જીવનું રૂડું કરતા; તો કોઈ નદી, તળાવ, પર્વત કે વૃક્ષની છાયામાં બેસી તેનું પણ રૂડું કરતા. બસ, એમનો હેતુ એક જ હતો... જે કોઈ એમના સંગમાં આવે તેને પોતાના સ્વરૂપનું પ્રદાન કરવું.

વર્ણી થોડી વાર વિશ્રામ કરી ડુંગર ગામે પધાર્યા. ત્યાંથી પીપાવાવ પધાર્યા. અહીંથી વાવેરા ગામે જઈ બે રાત વિતાવી. પછી રાજુલા થઈ વડ ગામ પધાર્યા. ગામની ઉત્તર તરફ એક મસ્જિદની બાજુમાં રાત રહ્યા. સવારે રામપરા પધાર્યા. ત્યાં ખીજડાના વૃક્ષને પાવન કરવા બે ઘડી તેની નીચે બિરાજ્યા. ત્યાં ગામની પશ્ચિમ બાજુ વહેતા ઊધમતિયા વોકળામાં સ્નાન કર્યું.

વર્ણી નદી-સરોવરને તો પાવન કરતા, પણ આજે વોકળાને પણ તેમની સમકક્ષ તીર્થરૂપ કરી પાવન કર્યો. ત્યાંથી ગામમાં જઈ ધાતરવાડી નદીના કિનારે પધાર્યા. અહીં તમરના ઝાડ પાસે જ રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો હતો. તે જગ્યા જ્યાં હતી ત્યાં વર્ણી બે ઘડી ઊભા રહી ગયા.

તેમના આત્યંતિક મોક્ષનો સંકલ્પ કરી નદી ઊતરીને કોવૈયા ગામ પધાર્યા.

અહીં સાગરકિનારે એકાંત જગ્યામાં રાત રહ્યા. વહેલી સવારે ઊઠીને ગામ ગાંગડે પધાર્યા ને વડ નીચે ઊતર્યા. ત્યાં કૂવામાંથી પાણી કાઢીને ધરાવ્યું. પછી ત્યાંથી સામતેજ જઈને રાત રહ્યા. અહીં શ્યામકુંડમાં સ્નાન કરી કુંડને પાવન કર્યો.

બીજે દિવસે સવારે ઊઠી સીમર ગામે પધાર્યા. ત્યાં સૂર્યકુંડમાં સ્નાન કરી તેને પણ પાવન કર્યો. ત્યાં ધર્મશાળામાં રાત્ય રોકાયા. તે ગામનો એક લોભી ને દરિદ્ર વણિક ત્યાં આવ્યો. નીલકંઠ વર્ણીનાં દર્શન કરતાં જ તેને વર્ણીની અલૌકિકતાનો પરિચય મળી ગયો. વણિક ચતુર હતો. તેને થયું કે વર્ણી કોઈ સામાન્ય જોગી-જતિ કે સાધુ-સંન્યાસી નથી..! આ તો અતિ તેજસ્વી ને અતિ પ્રભાવી છે. આવો ગુણ વણિકને આવતાં વર્ણીએ તેના પર કૃપા કરી. તેથી વણિકને વર્ણીના ચરણોમાં સોળ ચિહ્નોનાં દર્શન થયાં. તેથી વર્ણી પ્રત્યે ભગવાનપણાના ભાવ જાગ્રત થયા. પણ તેથી વિષેષ તેની લોભી વૃત્તિ અને અનેક વર્ષોનું દરિદ્ર બહાર ઊછળી આવ્યું. તેણે વિચાર્યું કે, 'આ વર્ણીને રાજી કરી લેવા જેવા છે. જો તેઓ રાજી થાય તો મારું સઘળું દરિદ્ર કાપવા સમર્થ છે. મારા ધનવાન થવાના અભરખા આ વર્ણી જ પૂરા કરી શકે એમ છે.'

વણિકે વર્ણીને પ્રાર્થના કરી નમ્ર વચને આજીજી કરી, ''હે વર્ણી ! આપ વિચરણ કરો છો. અનેક મુમુક્ષુઓની સેવા સ્વીકાર કરી સુખિયા કરો છો. તો આજ આપ આ દીનના ઘરે પધારી મારી રસોઈની સેવાને સ્વીકારવા કૃપા કરો.'' વણિકનાં મીઠાં મધઝરતાં વચન પાછળનો આશય વર્ણી જાણતા હતા. તેઓ તો અંતર્યામી હતા.

"તનકી જાણે, મનકી જાણે, જાણે ચિત્ત કી ચોરી,
ઉનકી આગે કયાં છૂપાઈએ, જિનકે હાથમેં જીવનદોરી."

વર્ણી વણિકનું બધું જ જાણતા હતા. વણિક ભલે લોભી વૃત્તિથી ને પોતાના સ્વાર્થ માટે વર્ણીને જમાડતો હતો. પણ તેઓ સેવા કોની કરી રહ્યા હતા ? તે કેવા સમર્થ છે ! તે કેટલા દયાના મહાસાગર છે ! તેની તેને ભલે યથાર્થ ખબર નહોતી તોયે એણે સેવા કરી હતી ને એટલે જ...

વર્ણીએ વણિકનું આત્યંતિક કલ્યાણ કરવા સારુ તેનું આમંત્રણ સ્વીકાર્યું અને તેના ઘેર ભોજન જમવા પધાર્યા. વણિકે વર્ણી માટે જાત્ય જાત્યનાં ભોજન બનાવરાવ્યાં હતાં. વણિકે વર્ણીની પાસે બેસી ખૂબ આગ્રહ કરી કરીને ભાવથી જમાડ્યા. વણિકને મનમાં સંકલ્પ થયા કરતો કે ક્યારે વર્ણી જમીને ઓડકાર ખાય

અને રાજી થઈને કહે, 'મારી પાસે કાંઈક માગો !' વર્ણી એટલું બોલે તેની જ રાહ જોઈ રહ્યા હતા. જો તેઓ માગવાનું કહે તો અખૂટ દ્રવ્ય માગી લેવું છે એવો નિશ્ચય કર્યો હતો.

વર્ણી તેમના ઘરે રાત્ય રહ્યા ને વહેલી સવારે ઊઠીને ત્યાંથી ચાલવા માંડ્યા. વણિકના મનનો સંકલ્પ પૂરો થયો નહીં. ખરેખર તો વર્ણીએ તેની સેવા અંગીકાર કરી તેના ચૈતન્યને મૂર્તિના સુખમાં રાખવાનો સંકલ્પ કરી જ દીધો હતો ! વગર માગ્યે પોતાની મૂર્તિનું પ્રદાન કરી જ દીધું હતું.

વણિક વર્ણીની પાછળ પાછળ ગામના પાદર સુધી વળાવવા ગયો. એક ગાઉ સુધી સાથે ને સાથે ચાલે પણ પાછો ન વળે. અંતે વર્ણીએ કહ્યું કે, "હે વણિક ! હવે આપ પાછા વળો. ઘણે દૂર સુધી આપ આવી ગયા છો."

વણિકથી હવે રહેવાયું નહીં. તેણે વર્ણી સમક્ષ મનોવ્યથા વ્યક્ત કરી દીધી. "હે વર્ણીરાજ ! આપ ભગવાન છો. સમર્થ છો. ધારો તે કરી શકવા સમર્થ છો. આપ મારી મનોકામના પૂરી કરો એવી પ્રાર્થના છે. મને સૌથી મોટો શ્રીમંત કરો. અખૂટ ધન આપો. મેં તમને આવી ઈચ્છાથી જ જમાડ્યા છે. આપ કૃપા કરી મારો ઈચ્છિત સંકલ્પ પૂર્ણ કરો."

નીલકંઠ વર્ણીએ કહ્યું, "હે વણિક ! અમારી પાસે ક્યાં દ્રવ્ય છે ? અમે તો સ્ત્રી-ધનના ત્યાગી છીએ. અમે તારું રૂડું કરવાનો સંકલ્પ તો કરી જ દીધો છે. તને અમારી મૂર્તિના સુખમાં રાખવાના આશીર્વાદ વગર માંગ્યે આપી જ દીધા છે. તું પૈસાની લાલચ મૂકી દે. એમાં કાંઈ માલ નથી. તેમાં ઘણું જ દુઃખ રહેલું છે."

પણ લોભીને ધનનો મહિમા હોય એટલો ધામનો કે મૂર્તિના સુખનો મહિમા ક્યાંથી હોય ?

તેમણે તો એક જ આગ્રહ રાખ્યો : "વર્ણીરાજ ! દુનિયા આખીનું ભલે દુઃખ આવે પણ મને દ્રવ્યનું સુખ આપો."

ભગવાન પણ શું કરે ? જીવને માગતા ક્યાં આવડે છે ? વર્ણી તો 'તથાસ્તુ' કહી આગળ ચાલતા થયા.

## નીલકંઠ વર્ણી ડોળાસા પધાર્યા

લોભી વણિકને સુખનિધિ સ્વયં વર્ણી આ લોક-પરલોકમાં સુખિયો કરવાના કોલ આપી સીમરથી તુલશીશ્યામ પધાર્યા. ત્યાંથી ગુપ્તપ્રયાગ પધાર્યા. અહીં એક

રાયણના વૃક્ષ નીચે મોટી શિલા પર વિરામ કર્યો.

વર્ણી ત્યાં આવતા મુમુક્ષુજનોને પોતાની દિવ્ય મનોહર મૂર્તિ તરફ આકર્ષણ કરાવતા હતા. અનેક મુમુક્ષુ વર્ણીનાં દર્શન કરતાં જ તેમના તરફ ખેંચાઈ આવતા. દોઢ મહિના સુધી વર્ણીએ આ સ્થાન પર નિવાસ કર્યો.

દેલવાડા ગામના વિપ્ર ભના પાઠક હતા. તે વર્ણીનાં દર્શનથી આકર્ષાયા હતા. વર્ણી સાથે તેમને સ્નેહ બંધાયો. વર્ણી પણ તેમના પર અપાર કૃપા વરસાવી નિત્ય તેમના ઘેર જમાડવા માટે પધારતા હતા. વિપ્ર ભના પાઠક પર વર્ણી ખૂબ રાજીપો વ્યક્ત કરતા હતા. નિત્ય તેમની જમાડવાની સેવા અંગીકાર કરતા. ધન્ય હો..! એ વિપ્ર ભના પાઠકને કે જેણે વર્ણીને ટૂંક સમયમાં જ આટલા બધા રીઝવી લીધા હતા.

બાજુમાં જ એક મંદિરના મહંત નૃસિંહાનંદને પણ વર્ણીની અલૌકિક ક્રિયા જોઈ દિવ્યભાવ થયો હતો. તેઓ પણ ઘણીક વાર વર્ણીને જમાડવાની સેવા કરી લેતા. નૃસિંહાનંદજીએ પણ વર્ણીનો રાજીપો પ્રાપ્ત કર્યો. એક દિવસ નૃસિંહાનંદજીએ વર્ણીને પ્રાર્થના કરતાં કહ્યું, “વર્ણી ! અહીં પાણીના કુંડ છે. પણ ઉનાળે તેમાં પાણી ટકતું નથી. તેથી અહીં આવનારને પાણીની તકલીફ વેઠવી પડે છે.”

વર્ણીએ તુરત આશીર્વાદ આપતાં કહ્યું, “હવેથી આ કુંડ સદાય બારેમાસ પાણીથી ભરેલા રહેશે..!” એવા આશીર્વચનની હેલી વરસાવી વર્ણી ઉના પધાર્યા. ઉનાની એક જીર્ણ વાવમાં સ્નાન કરી તેને પ્રસાદીભૂત કરી. પછી તળાવના ગરનાળા હતા તેની નીચે ત્રણ રાત્રિ વિતાવી. ત્યાંના હંસરાજ શેઠની સેવા સ્વીકારી યોગમાં લીધા ને તેમની પર આશીર્વચનની હેલી વરસાવી ને વર્ણી ડોળાસા આવ્યા.

ડોળાસા ગામમાં ભરવાડ ભાઈઓના નેસડા હતા. તે નેસડામાં રહેતા એક ભાઈ ખૂબ ભાવિક-આસ્થાળુ હતા. તે કાયમ સદાવ્રત દેતા હતા. ‘સદાવ્રતમાં ક્યારેક પ્રભુ જરૂર આવશે અને મારું સદાવ્રત ગ્રહણ કરશે.’ એમ પ્રભુની પ્રાપ્તિ માટે પ્રયાસ કરતા હતા. નીલકંઠ વર્ણીની મહેર થઈ ગઈ. વણપ્રયાસે-વણમહેનતે આજ સામેથી સર્વોપરી મહાપ્રભુ તેના નેસડામાં પધાર્યા.

સદાવ્રતમાંથી અન્ન લઈ વર્ણીએ જાતે રસોઈ બનાવી ને થાળ કર્યો. પછી પોતે જમ્યા ને બાકીની પ્રસાદી તે ભાઈને આપી. વર્ણીએ એક રાત્રિ ત્યાં જ વિતાવી. રાત્રે વર્ણીએ તેમને સદ્‌બોધનાં વચનો કહ્યાં. વહેલી સવારે ચાલવા વર્ણી તૈયાર થયા તો તેણે વર્ણીને ખૂબ આગ્રહ કરી રોકી રાખ્યા. એ દિવસે તેમના કોઈ પરોક્ષના ગુરુ હતા તે પણ ત્યાં આવી ચઢ્યા. તેમને લીધે તેમના ગુરુને પણ વર્ણીનાં દર્શનનો

યોગ થયો ને રાત્રે વર્ણીની સમીપમાં પોઢવાનું સુખ મળ્યું ! ગુરુ પરોક્ષના હતા તેથી વર્ણીએ તેમના પર કૃપા કરી પોતાનું પરોક્ષ રૂપે દર્શન આપી પોતાના સર્વોપરીપણાની પ્રતીતિ કરાવી.

ગુરુ હોય તે શિષ્યને ભગવાનનો ભેટો કરાવે જ્યારે આજે શિષ્યે ગુરુને વર્ણીનો ભેટો કરાવી સર્વોપરી ભગવાનનો ભેટો કરાવ્યો હતો. વર્ણીએ બંને ગુરુ-શિષ્યને પોતાના ભગવાનપણાની પ્રતીતિ કરાવી હતી. તેમને ઘેર પ્રભુ પધાર્યા તથા રાત રહી સુખ દીધું. વળી, પોતાનો નિશ્ચય પણ કરાવ્યો તેથી તેનો અંતરે આનંદ સમાતો નહોતો.

વર્ણી તેમનો ભોળો તથા સાચો ભાવ જાણી રાજી થયા ને તેને પણ આશીર્વાદની હેલી વરસાવતાં કહ્યું, ‘‘તારી દાણાની કોઠી બતાવ.’’ તેમણે દાણાની કોઠી બતાવી. વર્ણીએ એ કોઠીને પોતાના દિવ્ય હસ્તે સ્પર્શ કર્યો ને બોલ્યા, ‘‘કોઠીની ઉપર ઢાંકણું છાંદી દેજો ને સાણેથી દાણા કાઢજો. તમારી કોઠીમાંથી કદી દાણા નહિ ખૂટે. ને સહુને સદાવ્રત દેજો.’’ એવી રીતે વર્ણીના આશિષથી એ કોઠીમાંથી કદી દાણા ખૂટતા નહોતા. એવી રીતે તેમણે અગણોતેરો કાળ તથા એકાશિયાનો દુકાળ કાઢેલો તોપણ કોઠી દાણાથી ચિક્કાર ભરેલી રહેતી.

એક દિવસ તેમને બહારગામ જવાનું થયું. તેની પત્નીને થયું, ‘લાવ કોઠીમાં જોઈ લઉં કેટલા દાણા ભર્યા છે.’ એમ વિચાર કરી કોઠીનું ઢાંકણું ઉઘાડ્યું તો કોઠી ચિક્કાર દાણાથી ભરેલી હતી તે જોઈ તેને આશ્ચર્ય ઘણું થયું. પછી તે કોઠીનું ઢાંકણ બંધ કરી દીધું.

તેઓ જ્યારે બહારગામથી આવ્યા ત્યારે તેની પત્નીએ કહ્યું, ‘‘કોઠી હજુ એવી ને એવી આખી ભરેલી છે. તે મેં ઢાંકણું ખોલીને જોયું તો ખબર પડી.’’ તે જાણી તેમને અફસોસ થયો. તેમણે કહ્યું, ‘‘વર્ણીએ કોઠીનું ઢાંકણું ખોલવાની ના કહી હતી. તેં આજ્ઞા લોપી નાખી. હવે એમનો આશીર્વાદ પણ જતો રહ્યો.’’ પછી કોઠીમાંથી દાણા ઓછા થતા ગયા ને અંતે કોઠી પણ ખાલી થઈ ગઈ. પણ વર્ણીના આશીર્વાદના પ્રતાપે પચાસ વર્ષ સુધી અખંડ એ કોઠીમાંથી દાણા કાઢ્યા હતા.

## નીલકંઠ વર્ણી લોઢવામાં

ડોળાસેથી વહેલા ઊઠી વર્ણી ચાલીને લોઢવા ગામે પધાર્યા. લોઢવામાં લખુબાઈ ચારણ રહેતાં હતાં. તેઓ સમાધિનિષ્ઠ તેમજ અદ્વૈત મતને માનનારા નિરાકારવાદી

હતાં. તેઓ સદાવ્રત ચલાવતાં. નિત્ય સાધુ-સંન્યાસીને જમાડતાં ને પછી પોતે જમતાં. તેમજ જે દિવસે કોઈ સાધુ-સંન્યાસી ન જમે તો પોતે પણ ઉપવાસ કરતાં. એવા સાધુ-સંન્યાસીના ગુણાનુરાગી હતાં.

લખુ ચારણ અદ્વૈતવાદી આત્માનંદ સ્વામીના શિષ્યા હતાં. તેમના થકી અદ્વૈતવાદમાં પ્રતીતિ થયેલી. સદ્. રામાનંદ સ્વામી પણ આત્માનંદ સ્વામીના જ શિષ્ય હતા. તેમને અદ્વૈત મત પસંદ ન પડતાં ત્યાંથી ચાલી નીકળ્યા હતા. સદ્. રામાનંદ સ્વામીને વિશિષ્ટાદ્વૈત મતમાં રુચિ હતી. તેથી તેઓ વિશિષ્ટાદ્વૈત મતનો પ્રચાર-પ્રસાર કરતાં સોરઠમાં વિચરતા હતા.

આત્માનંદ સ્વામી અંતર્ધાન થવાના હતા તે પહેલાં તેઓએ પોતાની પાસે સદ્. રામાનંદ સ્વામીને બોલાવ્યા હતા. સદ્. રામાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીને વિશિષ્ટાદ્વૈત મત ખૂબ સુંદર રીતે સમજાવ્યો. સદ્. રામાનંદ સ્વામીની સાધુતા, એમની પવિત્રતા અજોડ હતી. એમના જીવનમાં એ જ્ઞાન ચરિતાર્થ થયું હતું. તેની ઊંડી અસર અદ્વૈત મતવાદી આત્માનંદ સ્વામી ઉપર પડી. તેઓ પીગળ્યા. પોતાના મત કરતાં સદ્. રામાનંદ સ્વામીએ સમજાવ્યો તે વિશિષ્ટાદ્વૈત મત ઘણો જ શ્રેષ્ઠ છે એનો સ્વીકાર કર્યો. સદ્. રામાનંદ સ્વામીને પોતાના મોટેરા શિષ્ય તરીકે સ્થાપિત કર્યા. તેમણે પોતાના શિષ્યોને બોલાવી સારી રીતે સમજાવીને સદ્. રામાનંદ સ્વામીના મતને ગ્રહણ કરવાનું કહ્યું. વળી, કાયમ સદ્. રામાનંદ સ્વામીના શિષ્ય થઈને રહેવું એવી સૌને ભલામણ કરી પોતે અંતર્ધાન થયા હતા.

આ જ ગામના વિપ્ર વિઠ્ઠલ તથા તેનો દીકરો બંને આત્માનંદ સ્વામીના શિષ્ય હતા. તેમની પાસેથી દીક્ષા લઈ આ બંને લખુ ચારણની તેમજ સદાવ્રત આપવાની, ગાયો-ભેંસો ઉછેરવાની આદિ સેવા કરતા હતા. લખુ ચારણ, વિઠ્ઠલાનંદ તથા બાલાનંદ આ ત્રણેયને સદ્. રામાનંદ સ્વામીના મતનો સ્વીકાર ન થયો તેથી જુદા રહ્યાં.

સદ્. રામાનંદ સ્વામીએ લખુ ચારણને પોતાનો મત મૂકી દેવા ઘણું સમજાવ્યાં પણ પોતાની સિદ્ધાઈ તથા મોટપ આડી આવી તેથી તેમનું મનાયું નહીં. તેથી સદ્. રામાનંદ સ્વામીએ તેમને વિમુખ કર્યા હતા. તેથી તેઓ લોઢવામાં રહી પોતાના શિષ્યોને સત્સંગ કરાવતાં હતાં.

આજે નીલકંઠ વર્ણી લખુ ચારણનું રૂડું તથા પૂરું કરવા સામે ચાલી તેના સદાવ્રતમાં પધાર્યા હતા. વર્ણીની આકર્ષક મુખમુદ્રા, તેજસ્વી કાયા તેમજ અતિશે વૈરાગ્યવાન આચરણ ને તેમની દિવ્ય પ્રતિભાથી લખુ ચારણને તુરત પ્રતીતિ થઈ કે

આ વર્ણી કોઈ મોટાપુરુષ છે. આ કોઈ સામાન્ય વૈરાગી જેવા નથી ! લખુ ચારણને થયું આ વર્ણીરાજ મારે ત્યાં સદાવ્રતમાં પધાર્યા એ જ મારી પર કૃપા છે.

વર્ણીને તેમણે પ્રેમથી આદર આપ્યો ને ભાવથી જમાડ્યા. નીલકંઠ વર્ણી એવા સર્વોપરી પ્રભુએ તેમની સેવા સ્વીકારી હતી. લખુ ચારણથી તેમની સેવા થઈ હતી. જેથી તેમને નિત્ય સમાધિમાં જે સુખ-શાંતિ નહોતાં પ્રાપ્ત થતાં તે આજે વર્ણીના જમાડવાના તૃપ્તિના ઓડકારમાં મળ્યાં હતાં.

લખુ ચારણે વર્ણીને ત્યાં રોકી લીધા. વિઠ્ઠલાનંદ તથા બાલાનંદ વર્ણીની રોજ સેવા કરતા. લખુ ચારણને ત્યાં ઘણી ગાયું-ભેંસું હતી તેથી દૂધ-માખણ-ઘીની કોઈ મણા નહોતી. તેથી નિત્ય વિઠ્ઠલાનંદ ભેંસના દૂધની મલાઈમાં સાકર ભેળવી વર્ણીને જમાડતા. ઘી-દૂધ પરાણે પિવડાવતા-ખવડાવતા. એવો ત્રણેયનો નિષ્કામભાવ જોઈ વર્ણી તેમના પર રાજી થતા.

વર્ણી ત્રણ માસ સુધી લખુ ચારણને ત્યાં રહ્યા. નિત્ય સત્સંગ કરાવતા ને લખુ ચારણને નિરાકારવાદ મુકાવી સાકાર સ્વરૂપની ઉપાસના દૃઢ કરાવવા પ્રયત્ન કરતા. વર્ણીની સેવા કરી હોવાથી અને તેમના રાજીપાના પરિણામે લખુ ચારણને વર્ણીની વાતમાં વિશ્વાસ આવી ગયો. વર્ણીને થયું હવે પોતાનું કાર્ય સફળ થયું છે. તેથી તેઓ ત્યાંથી જવા તૈયાર થયા. લખુ ચારણને બોલાવી જવા માટે રજા માગી.

વર્ણીએ તેમની નિષ્કામભાવે કરેલી સેવાથી રાજી થઈ કહ્યું, ‘‘લખુ ! તમારી પર અમે રાજી થયા છીએ. અમારી પાસે કંઈક વરદાન માગો.’’ ત્યારે લખુ ચારણે માગ્યું, ‘‘હે બ્રહ્મચારી ! આપ ભગવાન છો તેની પ્રતીતિ આપે જ કૃપા કરી કરાવી છે. આપ જો મારી પર રાજી થયા હોય તો મારો વીરો, મારી વાડી, મારાં ઢોરાં ને મારા ચેલા સદાય કુશળ રહે એવા આશીર્વાદ આપો.’’

નીલકંઠ વર્ણી હસ્યા. જીવની અવળાઈ તો જુઓ. અમારી પાસે આવું મગાય ! લખુએ બીજાની કુશળતા માગી પણ પોતાની કુશળતા માગતાં ન આવડ્યું.

લખુ ચારણને માગતાં ભલે ન આવડ્યું અને જીવને આવડે પણ શું ? પણ પ્રભુને આપતાં તો આવડે જ ને ! તેથી વર્ણીએ તે સહુને આત્યંતિક કલ્યાણ કરવાના આશીર્વાદ આપ્યા અને ત્યાંથી આગળ જવા પ્રયાણ કર્યું.

## નીલકંઠ વર્ણી જૂનાગઢ - પીપલાણામાં

પ્રભાસ પાટણ આવીને વર્ણી ત્રણ રાત્રિ રહ્યા. અહીં ત્રિવેણી સંગમમાં નિત્ય

સ્નાન કરી આ ક્ષેત્રને તીર્થત્વ આપી દિવ્યતા બક્ષી. પાટણથી ચાલીને વર્ણી ભંડુરિયા પધાર્યા. અહીં લુહારને ઘરે ઊતર્યા. તેની સેવા લઈ તેનું રૂડું કરી માળિયા થઈ શેરગઢ પધાર્યા. શિમાશીના ચોરા પર રાત્રિ વિતાવી સવારે જૂનાગઢ જવા પ્રયાણ કર્યું. ભૂતનાથ આવીને જૂનાગઢ રહ્યા.

સંવત ૧૮૫૬નો શ્રાવણ માસ ચાલતો હતો. અનેક મુમુક્ષુઓને વર્ણી જૂનાગઢમાં જુદા જુદા સ્થળે ચાલી દર્શન આપવા જતા. કોઈ કોઈ સ્થળોને પોતાના સંબંધયુક્ત પ્રસાદીનું કરતા. પછી ગિરનાર પર્વત ઊતરી ગોધાવાવ પાસે ધર્મદાસની જગ્યા પર પધાર્યા.

અહીં બ્રાહ્મણોને ભોજન અપાતું હતું. બ્રાહ્મણોની પંક્તિ બેસી ગઈ હતી. નીલકંઠ વર્ણી પણ એમની સાથે પંક્તિમાં બેસી ગયા. ત્યારે કેટલાક આસુરી મતિવાળા વૈરાગીઓએ આવી ક્રોધે ભરાઈને વર્ણીને પંક્તિમાંથી ઉઠાડી મૂક્યા ને અપમાનજનક શબ્દો કહ્યા : “અહીં તો અમારી પંગત થશે. તું કેમ પંગતમાં બેસી ગયો ? કોને પૂછીને બેઠો ?” એમ કહી પંગતમાંથી ઉઠાડી મૂક્યા.

વર્ણી સહજ રીતે પંગતમાંથી ઊઠી બીજી જગ્યા પર જઈને બેઠા તો ત્યાં પણ એમનું પાણી ભરેલું તુંબડું ઢોળી નાખ્યું. તોપણ વર્ણીએ મનમાં પણ ના ધર્યું. ઊભા થઈ વાવમાંથી તુંબડું ફરી ભરી લાવી બીજું પતરાવળું કરી અન્ય જગ્યા પર બેઠા. તોપણ ક્રોધે ભરેલા વૈરાગીઓએ વર્ણીને પીરસવાની મનાઈ કરી દીધી ને કહ્યું, “તું ગામમાં જઈને માગી ખાજે.” એમ કહી વર્ણીને ઉઠાડી મૂક્યા. એવી રીતે વર્ણીનું અપમાન કરીને પંગતમાંથી સાત વખત ઉઠાડી મૂકવામાં આવ્યા. તોપણ વર્ણીના મુખ પર રોષ કે ગ્લાનિના ભાવ ન ઊપસ્યા. પોતે સમર્થ હોવા છતાં ભેખધારી પાસે નિર્માની થઈને સહ્યે જ રાખ્યું... સહ્યે જ રાખ્યું... સમર્થ થકા જરણા એટલે શું ? તો એ વર્ણીએ આજે ચરિતાર્થ કરી દેખાડ્યું હતું.

સમર્થ વર્ણી અદ્‌ભુત પ્રતાપે યુક્ત હોવા છતાં કેટલાં બધાં એ સામાન્ય તુચ્છ જેવા જીવના પણ અપમાન-અવહેલના સહન કર્યાં હતાં. ત્યારે આપણે તો એમના ભક્ત છીએ. આપણામાં પણ નિર્માનીપણાનો ગુણ હોય તો તે જોઈ મહારાજ અવશ્ય રાજી થાય.

“જેના નિરમાની ભગવાન, તેના જનને જોયે કેમ માન.”

નીલકંઠ વર્ણી હાટકેશ્વર પધાર્યા. અહીં એક નાગર બ્રાહ્મણે વર્ણીમાં દિવ્યતા દીઠી. વર્ણી તેમને મોટા યોગીપુરુષ ને વિદ્વાન લાગ્યા. તેથી તેમણે કેટલાક પ્રશ્નો

પૂછ્યા. વર્ણીએ તુરત જ ઉત્તર કર્યા. નાનકડી ઉંમરમાં વર્ણીની વિદ્વત્તા તેમજ વિવેક જોઈ બ્રાહ્મણને ખૂબ ભાવ થયો. તેઓ વર્ણીને ભોજન જમાડવા લઈ ગયા. પ્રેમે કરી શીરો-પૂરી બનાવી જમાડ્યાં. વર્ણીએ તેમની સેવા સ્વીકારી. રાત્રે દિવ્ય દર્શન આપી પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. પછી ત્યાંથી ખેંગારવાવે પધાર્યા. ખેંગારવાવનું જળપાન કરી તેને પ્રસાદીની કરી. પછી ત્યાંથી વંથળી પધાર્યા. અહીં સૂર્યકુંડમાં સ્નાન કરી કુંડને પ્રસાદીનો કર્યો. ત્યાં સદાવ્રતમાં જમી રાત રોકાઈ ગયા. સવારે પ્રભાતે ઊઠી પીપલાણા જવા પ્રયાણ કર્યું.

પીપલાણામાં નરસિંહ મહેતાના ઘેર પધાર્યા. નરસિંહ મહેતા સવારમાં પૂજા કરવા બેઠા હતા. તેમનાં પત્ની કૂવે પાણી ભરવા ગયાં હતાં. ઘરમાં તેમની પુત્રી હતી. ઘરના આંગણે બ્રહ્મચારીને ભાળી તે બહાર આવી. નીલકંઠ વર્ણીએ તેમની પાસે ભિક્ષા માગી. ઘરમાં જમવાનું કાંઈ પડ્યું નહોતું એટલે ગુણિયલ પુત્રીએ કહ્યું, ‘‘વર્ણી ! તમે થોડી વાર બેસો. તમને ગરમ ગરમ રસોઈ બનાવી આપું. તે જમીને જાવ.’’ વર્ણીએ કહ્યું, ‘‘ગરમ રસોઈની અમારે જરૂર નથી. જે કાંઈ તૈયાર પડ્યું હોય ને તે ભલે ટાઢું હોય તો તે પણ આપો. અમારે રસોઈ બને એટલી વાર બેસવું નથી.’’ એમ કહી વર્ણી ત્યાંથી નીકળી ગયા.

એ સમયે નરસિંહ મહેતા પૂજા કરવા બેઠા હતા ત્યાં તેજ તેજનો પુંજ પથરાઈ ગયો. નરસિંહ મહેતાને આશ્ચર્ય થયું. તેમને થયું નક્કી મારા ઘરે હમણાં કોઈ આવ્યું હતું તેનો આ પ્રતાપ છે. તેમણે પોતાના પુત્ર કલ્યાણને બોલાવ્યો ને પૂછ્યું, ‘‘હમણાં આપણા ઘેર કોઈ આવ્યું હતું ?’’ ત્યારે પુત્રે કહ્યું, ‘‘એક તેજસ્વી બાળ બ્રહ્મચારી આવ્યા હતા. તેણે જે કાંઈ તૈયાર હોય તે જમવાનું માંગ્યું હતું. પણ કાંઈ ભોજન હતું નહિ એટલે ચાલ્યા ગયા. હજુ તો એ ગામમાંથી નીકળતા જ હશે !’’

નરસિંહ મહેતાએ કહ્યું, ‘‘તું જલદી જઈ એ બ્રહ્મચારીને આગ્રહ કરી પાછા આપણા ઘેર લઈ આવ.’’ કલ્યાણજી દોટ્ય કાઢી વર્ણીની પાછળ ગયા. વર્ણીને જોયા એટલે પ્રાર્થના કરીને કહ્યું, ‘‘આપ અમારા ઘરની ભિક્ષા લીધા વિના ચાલ્યા ગયા એટલે બાપાએ મને ઠપકો આપ્યો છે ને આપને લેવા માટે મોકલ્યો છે તો આપ કૃપા કરી ઘેર પધારો.’’

વર્ણી તેમનો આગ્રહ તથા પ્રેમભર્યો ભાવ જોઈ પાછા વળ્યા. નરસિંહ મહેતાના ઘેર પધાર્યા. નરસિંહ મહેતાએ દંડવત્ પ્રણામ કર્યા. પ્રેમથી આદર આપી સત્કાર કર્યો અને તુરત રસોઈ બનાવવાનું કહ્યું. ત્યારે વર્ણી બોલ્યા, ‘‘અમે વધુ રોકાઈ શકીએ એમ નથી. માટે જે કાંઈ તૈયાર ભોજન હોય તે આપો.’’ નરસિંહ મહેતા

વર્ણીની ઉતાવળ ભાળી રાત્રે પલાળેલું ધાન - ઠૂમરો અને દૂધ લાવ્યા. વર્ણીને જુવારનું ધાન તથા દૂધ આપ્યું તે વર્ણીએ ભેળું કરી જમાડવા માંડ્યું.

નરસિંહ મહેતા ઉત્તમ મુમુક્ષુ હતા. તેમને 'વર્ણીના ઉગ્ર તપ કર્યાથી બળહીન થયેલ શરીરે અતિ કઠિન હાડમારી વેઠી વિચરતા વર્ણી કોણ હશે ? શા માટે આટલું બધું તપસ્વી જીવન ગાળતા હશે !' એવા વિચારો થવા માંડ્યા. વર્ણી અંતર્યામી હતા. મહેતાના ભાવને-સંકલ્પને જાણી ગયા હતા. તેમ છતાં તેઓ અનુત્તર જ રહ્યા. પછી મહેતાથી રહેવાયું નહિ એટલે સઘળું પૂછી જ લીધું. વર્ણીએ તેના ઉત્તરમાં માત્ર મસ્તક જ હલાવ્યું. પણ કોઈ પ્રત્યુત્તર ન આપ્યો. જાણે કહેવા માગતા હતા કે, 'અત્યારે કાંઈ કહેવું નથી. ટૂંક સમયમાં જ તમને અમે કોણ છીએ ? શા માટે પધાર્યા છીએ ? તેની ખબર પડી જશે.'

નરસિંહ મહેતા સદ્. રામાનંદ સ્વામીના શિષ્ય હતા. ગુરુનો મહિમા એમના હૈયે અતિશે હતો. તે વર્ણી સમક્ષ બહાર નીકળ્યા વગર રહ્યો નહીં. તેમણે વર્ણીને કહ્યું, "વર્ણીરાજ ! આપ ખોટું ન લગાડશો. પણ જો આપને મનાય તો મારી કેટલીક વાત માનવા જેવી છે તે સાંભળો. તમે ઘરબાર-સગાં-સ્નેહીજનો નાની ઉંમરે છોડ્યાં છે ! આપનામાં તીવ્ર વૈરાગ્યનાં અપાર દર્શન થાય છે. આપે અતિશે ઉગ્ર તપશ્ચર્યા પણ કરી છે. અનેક કષ્ટો સહન કરીને સાધુ-સંન્યાસીને મળ્યા છો. ફળફૂલનો આહાર કરી વર્ષો વિતાવ્યાં હશે ! તો કેટલોય સમય ઉપવાસ પર પણ આપ રહ્યા હશો.

તે બધું આપે મોક્ષ મેળવવા માટે અથવા ભગવાન મેળવવા કે સાચા સંતની પ્રાપ્તિ માટે કર્યું હશે ! પણ સાંભળો, સાચા સંત વગર, સાચા સત્પુરુષના યોગ વગર કોઈ જીવનો મોક્ષ કદાપિ શક્ય નથી. ભલે આપ માત્ર એક કૌપીનભેર ઉઘાડા રહો, ભલે શરીર સૂકવી નાખો, આકરું દેહદમન કરો, ઇન્દ્રિયોને જીતી લ્યો, અષ્ટાંગયોગ સિદ્ધ કરો, અનેક તીર્થ-વ્રત-જપ કરો પણ તેનાથી જીવાત્માનો મોક્ષ થતો નથી. મોક્ષના દાતા તો સાચા સત્પુરુષ છે. એ જો મળે તો પ્રગટ ભગવાનનો નિશ્ચય કરાવી છતે દેહે મોક્ષની હા પડાવે !

અને વર્ણીરાજ ! સાચું કહું તો એવા મોક્ષના દાતા સાચા સત્પુરુષ સદ્. રામાનંદ સ્વામી છે. અને તેમનું વિચરણ આ સોરઠ પ્રદેશમાં છે. તેમજ તેમનો આશ્રમ બાજુમાં જ આવેલા લોજ ગામે છે ત્યાં એમનું સદાવ્રત ચાલે છે. તેમના આશ્રમમાં ગુણિયલ સંતો પણ રહે છે. આપ અહીં પધાર્યા છો તો એક વખત એમનાં દર્શન

પણ કરતા જજો.'' એવો અતિશે મહિમા નરસિંહ મહેતાના મુખેથી સાંભળી વર્ણીરાજ પણ તેમની વાતને અનુમતિ આપતા હોય તેમ એકચિત્તે જમતાં જમતાં સાંભળી રહ્યા હતા.

વર્ણીને નરસિંહ મહેતાની વાતમાં ઘણું તથ્ય ભાસ્યું. તેથી તેમણે લોજ જવું એવો મનોમન નિર્ધાર કરી લીધો. અને એ વર્ણીનું વિરામસ્થાન લોજ ગામ જ હતું. અને તેથી જ તેઓ અહીંથી સંચર્યા હતા. પણ તે કળાવી દીધા વગર વર્ણી મહેતા પર, તેમના ગુરુના મહિમા પર ને એમની ખુમારી પર રાજી થઈ પોતાના ભાવિ સંકલ્પોના પાત્ર કરવાના આશિષ વરસાવી ચાલતા થયા.

નરસિંહ મહેતાને વર્ણીની છબી અલૌકિક લાગી. એમની જમવાની રીત, બોલવાની ઢબ, તેમની અલૌકિક ચાલ જોઈ મહેતાને થયું આ કોઈ તપસ્વી નથી, બ્રહ્મચારી નથી. વર્ણીમાં જે મોહકતા છે, એમનું આકર્ષણ તથા તેજસ્વી કાંતિમાન સ્વરૂપ ભગવાનપણું પ્રદર્શિત કરી જાય છે. વર્ણી નક્કી ભગવાન જ હશે ! તેમને સદ્. રામાનંદ સ્વામીનાં વચનો યાદ આવ્યાં. તેઓ કહેતા હતા કે, 'અમે તો ડુગડુગી વગાડનારા છીએ. ખરો ખેલ ભજવનારા હવે આવશે. તો એ આ વર્ણી તો નહિ હોય ને !' એવો વિચાર કરતાં કરતાં વર્ણીને વળાવવા નીકળ્યા.

એ સમયે જ વર્ણીએ નરસિંહ મહેતાને પોતાના દિવ્ય તેજોમય પરભાવના સ્વરૂપનું દર્શન કરાવ્યું. અનંત ઐશ્વર્યાવિષ અવતારોને પોતાની કાંતિને વિષે લીન કરતા દેખાડ્યા. એમ પોતાના સર્વોપરી સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. નરસિંહ મહેતા વર્ણીનાં આવાં દર્શન કરતાં કરતાં વર્ણીની મૂર્તિમાં ગરકાવ થયા હતા.

નીલકંઠ વર્ણી ઓઝત નદી ઊતરી સામા કાંઠે આખા ગામે પધાર્યા. ગામના પાદરમાં આંબલીઓની ઘટાદાર છાયામાં થોડીક વાર વિશ્રામ લીધો. પછી ત્યાંથી નીકળી મઢડા પધાર્યા. વિના કારણ વર્ણી કદી કોઈને ત્યાં જતા નહીં. કોઈ જો પૂર્વના મુમુક્ષુ હોય અથવા પોતાનાં દર્શન આપવાં હોય તો તેને ગમે ત્યાંથી શોધી, ગમે તે સ્થળ પર પણ પહોંચી જતા હતા. એમને ગમે તેવું કષ્ટ પડે, ભૂખ-દુઃખ સહેવાં પડે, માર્ગ ગમે તેવો વિકટ હોય તેને ગણતા નહિ ને તેઓ ત્યાં પહોંચી જતા. એવી જ રીતે આજ વર્ણી હેતુસભર જ મઢડા પધાર્યા હતા.

"ત્યાંથી મઢડે ગયા મહારાજ, જેઠામેરનું કરવાને કાજ;
જેઠામેર ઉપર કરી મેર, ઘનશ્યામ રહ્યા તેને ઘેર."[૧૯]

---

**૧૯.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૨૬

મુમુક્ષુથી મહાપ્રભુ ખેંચાતા હતા ને મહાપ્રભુથી મુમુક્ષુ પણ ખેંચાતા હતા. બ્રહ્મચર્ય પાળનાર મુમુક્ષુ તરફ તો વર્ણી અવશ્ય ખેંચાતા હતા. તેનું ફળ આપવા. રૂડું કરવા, પોતાનું દર્શન આપવા ત્યાં પહોંચી જતા.

મઢડામાં જેઠા મેર તથા તેનાં પત્ની બંને અસિધારા બ્રહ્મચર્ય પાળતાં. કૃતયુગથી આ પતિ-પત્નીએ આજ સુધી ઘણા જન્મ ધર્યા હતા અને તે દરેક જન્મમાં અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળતા આવ્યાં હતાં. જેઠા મેર પર મહેર કરવા મહાપ્રભુ વર્ણીરાજ તેમનું ઘર પૂછતાં પૂછતાં એમના ઘેર પધાર્યા.

વર્ણીએ જેઠા મેરના આંગણામાં ચરણ મૂક્યા ત્યાં જ જેઠા મેર તથા તેમના પત્નીના નિષ્કામીપણાને લઈને, ચુંબક લોઢાને ખેંચી લે તેમ વર્ણીએ બંનેને પોતાના સ્વરૂપમાં ખેંચી લીધા. બંનેએ વર્ણીનાં દર્શન કર્યાં. પ્રથમ વાર જ કોઈ આવા તેજસ્વી બ્રહ્મચારીનાં દર્શન થયાં હતાં. તેમને થયું, ‘સામે ચાલી ઘેર આવેલ આ બ્રહ્મચારી કોણ હશે ? ક્યાંથી આવ્યા હશે ? કેમ આવ્યા હશે ?’ એવા પ્રશ્નોની પરંપરા સર્જાઈ. પરંતુ થોડી વારમાં જ તેમના સઘળા સંકલ્પો વિરામ પામી ગયા. અંતરમાંથી અનુભવજ્ઞાન છૂટ્યું. જેને માટે વર્ષોથી-જન્મોથી બ્રહ્મચર્ય વ્રત પાળીએ છીએ તે જ આ સ્વયં પ્રભુ તેનું ફળ આપવા તો પધાર્યા નહિ હોય ને ! જેની વર્ષોથી ઝંખના હતી, આતુરતા હતી, જેને રીઝવવા માટે આ દેહ ધર્યો છે એ સ્વયં સર્વોપરી મહાપ્રભુ વર્ણી રૂપે આપણા માટે આપણા ઘેર પધાર્યા લાગે છે !

દૃઢ નિષ્કામી વર્તમાનના પાલનનો રાજીપો આપવા જ વર્ણી પધાર્યા હતા. નિષ્કામી ભક્ત તો એમને બહુ વ્હાલા છે. બ્રહ્મચર્ય વ્રતથી વર્ણીનો રાજીપો અત્યંત થતો હોય છે. મૂર્તિસુખના પાત્ર થવું હોય ત્યારે બ્રહ્મચર્ય વ્રત ફરજિયાત બનતું હોય છે. આ દંપતી તે માટે પૂરાં પાત્ર હતાં. એવા જ મુમુક્ષુઓ માટે વર્ણી વિચરતા. તેથી તેમના ઘેર પધાર્યા.

જેઠા મેર તથા તેમના પત્નીને અંતરમાં અપાર શાંતિ ને સુખ ઝરવા લાગ્યાં. ભાવે કરીને વર્ણીને વંદન કર્યાં. ગદ્‌ગદ થઈને આદર-સત્કાર આપ્યો. વર્ણીનાં ચરણારવિંદને દૂધ વડે પ્રક્ષાલન કરી તેનું ચરણામૃત લઈ માથે ચડાવી ધન્યતા અનુભવવા લાગ્યાં. રાત્રે વર્ણીને ભોજન બનાવી જમાડ્યા. વર્ણીએ બંને દંપતીને પોતાના સર્વોપરી નિશ્ચય ને નિષ્ઠાસંબંધી ખૂબ વાતો કરી સુખ દીધું. પોતાના સ્વરૂપના નિશ્ચય અને મહાત્મ્યની વાતો કરી.

વર્ણી રાત્રે એમના ઘેર જ રહ્યા. રાત્રિએ સૂતા હતા ત્યારે વર્ણી ખરેખર કેવા છે ? તેમનું મહાત્મ્ય કેવું છે ! તે જેઠા મેર તથા તેમનાં પત્નીને બંનેને કૃપાથી દર્શન

થયાં. અનેક ઐશ્વર્યાર્થીઓ વર્ણીના અવરભાવનાં દર્શન માટે ઉત્સુક હતા, તલપાપડ હતા. તેમના પરભાવનાં દર્શન અનંત અક્ષરકોટિને પણ નથી. પરંતુ મનુષ્યરૂપ મૂર્તિનાં દર્શન કરીને પણ સૌ કૃતકૃત્ય થઈ જતા. તે જોઈ વર્ણીને વિષે આ દંપતીને સર્વોપરીતાના ભાવ જાગ્યા.

નીલકંઠ વર્ણી વહેલી સવારે ઊઠી ગયા. તેમને આગળ પ્રયાણ કરવું હતું. જેઠા મેરને જગાડ્યા અને એમણે જવાની રજા માગી. દંપતીએ વર્ણીને રોકાવા માટે ઘણો આગ્રહ કર્યો. વર્ણી એમનું જીવન હતું. તે ચાલ્યા જાય તો કેમ ગમે ? પણ વર્ણીએ તેમને સમજાવી ત્યાંથી નીકળવા માટે રજા લીધી.

વર્ણી ગમે ત્યાં રાત રોકાતા. પણ વહેલી સવારે તો કોઈને પૂછ્યા વિના અથવા કોઈની રજા લીધા વિના ચાલ્યા જતા. જ્યારે આજે વર્ણીએ જવા માટે રજા માગી. વર્ણી આ દંપતી પર કેટલા રાજી હશે અને બંનેને કેટલા વશ થયા હશે !

બ્રહ્મચર્યના પાલક પર તો વર્ણીનો અપાર રાજીપો થતો. વર્ણીને પણ ત્યાંથી વિદાય લેવી વસમી પડતી હશે. તેથી તો તેમણે જવા માટે અનુમતિ માગી. બાકી બીજા બધાને અડધી રાત્રે ઊંઘમાં પડતા મૂકી વર્ણી ચાલી નીકળતા. પરંતુ અહીંયાં જગાડીને રજા માગી હતી.

ધન્ય છે એ અસિધારા બ્રહ્મચર્ય વ્રતધારી, નિષ્કામી વર્તમાનના પાલક જેઠા મેર તથા તેમના પત્નીને કે તેઓ વર્ણીને આટલા બધા રાજી કરી શક્યા !

આ દંપતી વર્ણીની મરજી જોઈ પ્રેમાશ્રુની ધારાથી વિદાય આપી વળાવવા આવ્યાં. પછી વર્ણીએ કરનું લટકું કરી પોતાની દિવ્ય મૂર્તિની સ્મૃતિ આપી પાછાં વાળ્યાં ને વર્ણી ત્યાંથી સિધાવી માંગરોળ બંદરે આવી પહોંચ્યા.

## નીલકંઠ વર્ણી માંગરોળમાં

માંગરોળમાં શહેરની પશ્ચિમે ડોસાવાવ પર વર્ણી પધાર્યા. ડોસાવાવમાં સ્નાન કરી વાવને તીર્થરૂપ કરી બાજુમાં એક મોટી શિલા પર બિરાજમાન થયા. અહીં પણ વર્ણીનો વેષ જોઈ તેમની આભા તથા પ્રતિભાથી લોકો ખેંચાઈ આવ્યા. અનેક નરનારીઓ વર્ણીની તેજસ્વિતાથી મુગ્ધ થતાં હતાં.

એ જ સમયે માંગરોળના ગોરધનભાઈ ત્યાં આવી ચઢ્યા. તેમણે વર્ણીને વાવની સમીપે બેઠેલા જોયા. તેઓ અદમ્ય આકર્ષણથી આકર્ષાયા. વર્ણીને પ્રણામ-વંદન કરી પાસે ગયા. વર્ણીની વિશિષ્ટતા-વૈરાગ્યતા નિહાળી ગોરધનભાઈને થયું આ

કોઈ મોટા યોગીપુરુષ છે.

ગોરધનભાઈનાં પૂતળી ફોઈનું આજ કારજ હતું. ગોરધનભાઈને સંકલ્પ થયો કે અનેક સગાંસંબંધી ને સાધુ-વૈરાગીઓને જમાડ્યાં છે. તેમાં જો આ વર્ણી અલ્પ જેટલું અંગીકાર કરશે તો લેખે લાગી જશે. પૂતળી ફોઈનું રૂડું કરશે ! અને એટલે જ ગોરધનભાઈએ વર્ણીને પૂછ્યું, ''વર્ણીરાજ ! આપ મારા ઘેર પધારો અને મારું ભોજન ગ્રહણ કરો. આટલી અમને આપની સેવા મળે તેવી કૃપા કરો.''

વર્ણીએ કહ્યું, ''અમે કોઈને ઘેર જતા નથી તેમજ ટાણે-કટાણે જેવું મળે, જ્યાં મળે ત્યાં જમાડી લઈએ છીએ. અમારે જમવા માટેનો કોઈ ઠરાવ હોતો નથી. વગર માંગ્યે હરિઇચ્છાથી જે મળે તેને સ્વીકાર કરી જમાડીએ છીએ. તમારો નિષ્કામભાવ છે એટલે તમારી સેવા અંગીકાર કરીશું, પણ તમારે ઘેર તો નહિ જ આવીએ ! જો કાંઈ તૈયાર ભોજન હોય તો અહીં લઈ આવો. અમે અહીં જ જમી લઈશું.''

વર્ણીએ પોતાની સેવા ગ્રહણ કરવાનું કહ્યું તેથી ગોરધનભાઈ રાજી થયા. ઉમળકાથી ઘેર ગયા. પૂતળી ફોઈના કારજની સુખડી તથા ગાંઠિયા પડ્યાં હતાં. તે ઝટપટ લઈ હરખાતા વર્ણી પાસે આવ્યા ને વર્ણીને જમાડવા માટે પીરસ્યું. વાવમાંથી પાણી ગાળીને લાવી આપ્યું. વર્ણીએ બે ગ્રાસ સુખડી તથા થોડા ગાંઠિયા તેમાંથી જમાડ્યાં અને જળ ધરાવી બાકી વધેલ પ્રસાદીનું કરી પરત કર્યું.

વર્ણી તો અંતર્યામીપણે બધું જાણતા હતા. એમનાથી અનંતકોટિ બ્રહ્માંડમાં કશું અજાણ હોતું નથી. તેમ છતાં ગોરધનભાઈને પૂછ્યું, ''તમે આ તાજી સુખડી ક્યાંથી લઈ આવ્યા ?'' ગોરધનભાઈએ કહ્યું, ''વર્ણીરાજ ! મારી ફોઈ પૂતળીબાઈ હતાં. તે ધામમાં ગયાં તેને આજે બાર દિવસ થયા તેથી આજે તેમનું બારમું હતું. તેનો જમણવાર હતો. તેનાં આ સુખડી ને ગાંઠિયા હતાં.''

આ સાંભળી વર્ણી મર્મભર્યું હસ્યા ! ગોરધનભાઈએ પૂછ્યું, ''વર્ણી ! આપના હસવાનો મર્મ શું છે ?'' ત્યારે વર્ણી બોલ્યા, ''તારી પૂતળી ફોઈ તો નરકમાં ગઈ છે.''

આ સાંભળી ગોરધનભાઈએ કહ્યું, ''મારી ફોઈ તો રામાનંદ સ્વામીની શિષ્યા હતી. રામાનંદ સ્વામીના શિષ્યના માથે કાળ-કર્મ-માયા ન હોય તો નરક તો ક્યાંથી હોય ? પણ વર્ણી ! આપના મુખેથી કદાપિ અસત્ય વાણી ઉચ્ચરી શકે એમ નથી. પણ મને તેની પ્રતીતિ કેમ આવે કે મારી ફોઈ નરકમાં ગઈ છે ?''

વર્ણી એમના કારજનું થોડું જમ્યા હતા એટલે આટલી સેવાના બદલામાં પણ દયાળુ વર્ણી કેટલું બધું જીવનું રૂડું કરતા હોય છે ! જીવનું કેટલું બધું રૂડું થઈ જતું

હોય છે ! વર્ણીએ કેવળ કૃપા કરી ગોરધનભાઈને પ્રતીતિ કરાવવા સમાધિ કરાવીને જમપુરીમાં મોકલ્યા. ત્યાં અનેક નરકના કુંડ જોયા. ત્યાં કુંભીપાક નરકમાં પૂતળી ફોઈને સબડતાં જોયાં ! પૂતળી ફોઈએ ગોરધનભાઈને જોઈને કરગરીને રડતાં રડતાં કહ્યું, “ગોરધન ! તું મને આ નર્કમાંથી છોડાવ.”

થોડી વારે ગોરધનભાઈ સમાધિમાંથી જાગ્રત થયા. તેમણે વર્ણીની વાતનો સ્વીકાર કર્યો ને વર્ણીને પૂછ્યું, “મારા ફોઈની આવી દુર્ગતિ થવાનું કારણ શું ?”

નીલકંઠ વર્ણીએ કહ્યું, “તારી ફોઈને ગુરુ રામાનંદ સ્વામીએ એક વખત ઠાકોરજીના દ્રવ્યનો સોનાનો દાબડો સાચવવા આપેલો અને સમય જતાં તારી ફોઈની દાનત બગડતાં તેણે તે દાબડો પચાવી પાડ્યો ! એ પાપે કરીને તેની તમામ ભક્તિનો નાશ થયો. અને તેને આ કુંભીપાકના દુઃખને ભોગવવું પડ્યું છે.”

ગોરધનભાઈ વર્ણીને ખૂબ કરગર્યા. પ્રાર્થના કરીને કહ્યું, “વર્ણી ! મારી ફોઈને નર્કમાંથી બહાર કાઢવા આપ માત્ર એક જ સમર્થ છો. આપ તેનાં કરેલાં કૃત્ય સામું ન જોતાં, એના વતી મારી પ્રાર્થના સાંભળી તેના પર કૃપા કરવા મહેરબાન થાવ !”


વર્ણી ગોરધનભાઈને કહેવા માગતા હોય એમ થોડું હસ્યા કે, ‘તારી પૂતળી ફોઈના ઉદ્ધાર માટે જ તો અમે પધાર્યા છીએ. સદ્. રામાનંદ સ્વામી જે અમારા મુક્ત છે એમના શિષ્યના જીવનું અમે બગડવા ન દઈએ. અને એટલે તો અમે અહીં આવી તેના કારજનું જમ્યા.’ પણ વર્ણીએ એવું ન કહેતાં ગોરધનભાઈની પ્રાર્થના સાંભળી તેમને આશીર્વાદ આપ્યા. તેની ફોઈ પૂતળીબાઈને દુઃખમાંથી મુક્ત કરી દીધાં ને સુખિયા કરી દીધાં. પછી વર્ણીએ માંગરોળથી વિદાય લીધી. એમનું જે લક્ષ્ય હતું, એમનો જ્યાં મુકામ આવવાનો હતો તે સ્થળ લોજ તરફ તેઓ ચાલ્યા.

માંગરોળમાં આણંદજી સંઘાડિયા મળ્યા. વર્ણીનો વેષ જોઈ આણંદજીભાઈ હસ્યા. વર્ણીએ પ્રથમ વાર આવું આશ્ચર્ય જોયું. વર્ણીને જોઈને-દર્શન કરીને સૌ કોઈને કુતૂહલ થતું. જ્યારે વર્ણીના પ્રભાવમાં આવતાં આ આણંદજી વર્ણીને જોઈ હસ્યા હતા. વર્ણીને પણ આશ્ચર્ય થયું. તેમણે હસવાનું કારણ પૂછ્યું. આણંદજીભાઈ જે રામાનંદ સ્વામીના શિષ્ય હતા, તેમનો સત્સંગ કરતા હતા. તેમને તેમના ગુરુ તથા મળેલ પ્રાપ્તિનું ગૌરવ હતું. તે તેમના મુખેથી બહાર આવતાં તેમણે કહ્યું, “વર્ણી ! તમે આટલો બધો તીવ્ર વૈરાગ્ય જણાવો છો. જાતે કઠોર તપ કર્યું છે. ઠેર ઠેર ભટક્યા હોય એવું લાગે છે. પણ તમને સાચા સત્પુરુષ કે પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થઈ લાગતી નથી.

અને એટલે તો તમે આમ ઉગ્ર તપશ્ચર્યા કરી, ભૂખ, દુઃખ, માન-અપમાન વેઠી વિચર્યા કરો છો ! પણ એમ થોડા ભગવાનના ધામમાંથી આવેલા સત્પુરુષ કે પ્રગટ ભગવાન મળી જાય છે ?''

વર્ણીને આણંદજીભાઈની વાતમાં વજૂદ લાગ્યું. તેમણે જોયું કે આણંદજીભાઈની વાતમાં પ્રાપ્તિના કેફનો રણકાર ગુંજતો હતો. જરૂર એમને એવી પ્રાપ્તિ થઈ લાગે છે. એટલે વર્ણીએ આણંદજીભાઈને પૂછ્યું, ''તમને એવા સત્પુરુષ કે પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થઈ છે ?'' આણંદજીભાઈએ સાહજિકપણે જ જવાબ આપ્યો. ''હા... વર્ણીજી ! મને એવી પ્રાપ્તિ થઈ છે. એનો મને આનંદ તથા ગૌરવ છે.'' એમ કહી વળી વર્ણીને કહ્યું, ''અહીં નજીકમાં જ લોજ ગામ છે. ત્યાં સદ્. રામાનંદ સ્વામીનો આશ્રમ છે. તે સદ્. રામાનંદ સ્વામીનો હું શિષ્ય છું. તેઓ બહુ સમર્થ છે. તેમનાં દર્શન કરવા જેવાં છે. એમનો વિષેષ મહિમા નહિ કહેતાં આપ જ સ્વયં એમનો અનુભવ કરશો તે વધુ સારું રહેશે. સદ્. રામાનંદ સ્વામીના સંતો લોજ આશ્રમે રહે છે. તેઓ પણ દર્શનીય છે. આપ જરૂર એક વાર લોજ ગામે એમના આશ્રમે જઈ આવો.''

વર્ણીને લોજ તરફ પ્રયાણ કરવા માટેની પુષ્ટિ આણંદજીભાઈની વાતથી મળી ! તેઓએ લોજ જવા પ્રયાણ કર્યું. હવે વર્ણીના ચરણોમાં લોજ પહોંચવાની અધીરાઈ જોવા મળતી હતી. તેઓ ઉતાવળા ઉતાવળા ચાલવા લાગ્યા.



આદ્ય સ્થાપક
ગુરુદેવ પ.પૂ. બાપજી



દિવ્ય પ્રેરક
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

# ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પરિચય

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને શ્રીજીનું જ કર્તાપણું આદિ અનેક ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. ગુરુદેવ પ.પૂ. બાપજી એવા ક્રાંતિકારી યુગપુરુષ છે કે જેમના અલ્પ જોગથી મુમુક્ષુને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થઈ જાય અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય. અવરભાવની ૮૬ વર્ષની ઉંમર સુધી તેઓએ વિશેષત: પંચમહાલ અને સમગ્ર ગુજરાતના અસંખ્ય ગામડાંઓમાં તથા દેશ-વિદેશના અનેક શહેરોમાં વિચરણ કર્યું છે. હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી છે. તેઓના દાખડે લાખો સંતો-હરિભક્તોના જીવનમાં પરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે. સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના તમામ કલ્યાણકારી ગુણોને ધારણ કરી અનેરું શિષ્યત્વ શોભાવી રહ્યા છે. તેઓને સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રતિમામાંથી પ્રગટ થઈ દીક્ષા આપી આશીર્વાદ આપ્યા : **"ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે અમો સત્ય કરીશું અને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. અમે સદાય તારા ભેળા છીએ. તારા તમામ સંકલ્પો પૂરા થશે. આથી અમે તારું નામ 'સાધુ સત્યસંકલ્પદાસ' રાખીએ છીએ."**

આજે દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તનની સાથે દેહભાવથી પૃથક્ થઈ આત્મભૂમિકાએ અનાદિમુક્તની સ્થિતિ પામી છતે દેહે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું સુખ પામવા માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. આવી ઉચ્ચ આધ્યાત્મિકતાની સાથે શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ  સરકાર દ્વારા આવતા રચનાત્મક આયોજનોમાં પણ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા સક્રિય રીતે જોડાતી રહી છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કાયમ એક વાત કહી છે કે, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય સ્વામિનારાયણ ભગવાનના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે.

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે.

છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદૃશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.

સદ્. મુક્તાનંદ સ્વામીએ જ્યારે જ્યારે પણ શ્રીજીમહારાજને પૂછ્યું કે, “હે મહારાજ ! અંતરે શાંતિ થાય, ઉદ્વેગ શમી જાય અને સદાય સુખિયા રહેવાય એવો ઉપાય બતાવો.” ત્યારે ત્યારે શ્રીજીમહારાજ પોતાનાં દિવ્ય ચરિત્રો જ સંભળાવતા. શ્રીજીમહારાજ એમના પ્રશ્નોના સ્થાને શા માટે પોતાનાં દિવ્ય ચરિત્રો સંભળાવતા હશે ? તો આ લીલા પાછળનું રહસ્ય પણ તેઓનું એ જ હતું કે આ બધા પ્રશ્નોનો ઉપાય એટલે અમારા દિવ્ય ચરિત્રોનું શ્રવણ, વાંચન અને મનન કરવું. આ ચરિત્રોમાં સર્વે વાત આવી જાય છે.

આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, ‘અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.’ આમ, શ્રીજીમહારાજના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે આ પુસ્તકમાં રજૂ કરેલ સ્વામિનારાયણ ભગવાનના જીવનવૃત્તાંતના વાંચન-શ્રવણથી જરૂર સર્વે અંગે પૂર્ણ થશે એવી અપેક્ષા છે.

– ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

SMVS

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા